
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

E152



# SHRI ATMANAND PRAKASH



પ્રકાશક:-
## શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

પુસ્તક ૫૩
અંક ૧-૨

શ્રાવણ-ભાદ્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


૧. પર્યુષણ પર્વ ... ... ... ... ...( મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી ) ૧
૨. નૂતન વર્ષમાં પ્રવેશ પ્રસંગે... ... ... ... ( હરિલાલ દેવચંદ શેઠ ) ૨
૩. આત્મમસ્ત શ્રી આનંદઘનજીની અમર સંતવાણી ... ( પ્રો. જયંતિલાલ ભાઇશંકર દવે ) ૧૩
૪. સ્નેહી શ્રી વલ્લભદાસભાઇ ... ... ... ... ( શ્રી ફતેહચંદ ઝવેરભાઇ ) ૧૭
૫. સ્વ. શ્રી વલ્લભદાસ ગાંધીને અંજલિ ... ... ... ( અમરચંદ માવજી શાહ ) ૨૦
૬. સાહિત્યોપાસક શ્રી વલ્લભદાસભાઇ ... ... ... ( હરિલાલ દેવચંદ શેઠ ) ૨૧
૭. વલ્લભ વિરહ કાવ્ય... ... ... ... ( કવિ દુર્લભજી ગુલાબચંદ મહેતા ) ૨૪
૮. શ્રી વલ્લભદાસભાઇ અને ગુરુકુળનું ઘડતર ... ... ( ફુલચંદ હરિચંદ દોશી ) ૨૫
૯. વલ્લભદાસભાઇ સેવા–સન્માન ફંડ ... ... ... ... ... ... ૨૬
૧૦. સંસ્થાઓનો શોક-સૂર ... ... ... ... ... ... ... ૨૮
૧૧. અખબારોની અંજલિ ... ... ... ... ... ... ... ૩૦
૧૨. શુભેચ્છકોની સહૃદયતા ... ... ... ... ... ... ... ૩૨


## સ્વ. શ્રેષ્ઠિવર્ય શ્રી ભગુભાઇ ચુનીલાલ સુતરીયા

રાજનગરના રત્નસમા શ્રેષ્ઠિવર્ય શ્રીયુત ભગુભાઇ ચુનીલાલ સુતરીયાના પ્ર ભા. શુ. ૧૪ના રોજ એંશી વર્ષની વૃદ્ધવયે અમદાવાદખાતે થએલ અવસાનની નોંધ લેતાં અમો અમારી દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

તેઓશ્રીનો જન્મ વિ. સં. ૧૯૩૧ ના ભાદ્રપદ શુદ ૬ ના થયો હતો, અને જરૂરી વ્યવહારિક તથા ધાર્મિક અભ્યાસ કરી તેઓ પોતાની શેઠ ચુનીલાલ ખુશાલદાસના નામથી ચાલતી પેઢીમાં ધંધાર્થે જોડાયા હતા.

એક શ્રધ્ધેય પુરુષને છાજે તેવું તેઓશ્રીનું જીવન હતું. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના એક પ્રતિનિધિ તરીકે તેઓશ્રીએ ઘણા લાંબા સમય સુધી સુંદર સેવા બજાવી હતી, તેમજ અન્ય તીર્થક્ષેત્રોમાં પણ તેઓશ્રી જુદી જુદી રીતે સેવા બજાવતા હતા. તીર્થસેવાની માફક ગુરુભક્તિ પણ તેઓશ્રીએ કરી હતી. આચાર્ય વિજયનેમિસૂરીશ્વરજી અને આચાર્ય વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ આદિના વ્યાખ્યાન-શ્રવણ અને સમાગમનો લાભ તેઓશ્રીને વધારે પ્રમાણમાં મળ્યો હતો અને તીર્થયાત્રા–ઉપધાન તપ આદિનો તેઓ સારા પ્રમાણમાં લાભ લઇ રહ્યા હતા.

તેઓ હંમેશા એકતાના ઉપાસક હતા. અને દરેક પ્રસંગે તેઓ મધ્યસ્થ ભાવથી સેવાકાર્ય બજાવતા હતા. આ. વિજયનીતિસૂરીશ્વરજીના સમુદાયમાં વધુ પ્રતિભાશાળી તત્વ લાવવા અને એકતંત્ર નીચે શાસનોન્નતિનાં કાર્યો કરાવવા માટે આ સંઘાડાને વધુ સુવ્યવસ્થિત કરવાની છેલ્લા છેલ્લા તેઓશ્રીના દિલમાં ભાવના હતી અને તે માટે તેઓશ્રી યોગ્ય કરી રહ્યા હતા.

આ સભાના પણ તેઓશ્રી પેટ્રન હતા અને સભાની પ્રગતિ માટે લાગણીભર્યો સહકાર અવાર-નવાર આપતા હતા.

તેઓશ્રીના અવસાનથી જૈન સમાજને એક સાચા તીર્થસેવક, પરમ શ્રદ્ધાળુ શ્રેષ્ઠિવર્યની ન પુરાય તેવી ખોટ પડી છે. અને આ સભાને પણ એક વફાદાર સલાહકારની ખોટ પડી છે. અમો સદ્‌ગતના આત્માની શાન્તિ ઇચ્છીએ છીએ અને તેઓશ્રીના કુટુંબીજનો પર આવી પડેલ આ દુઃખ માટે સમવેદના વ્યક્ત કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી. વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી
મંત્રી–શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૧ | શ્રાવણ–ભાદ્રપદ | પુસ્તક ૫૩ મું.
વિક્રમ સં. ૨૦૧૧ | | અંક ૧–૨

## શ્રી પર્યુષણ પર્વ

( રાગ–ઝેર ગયા વળી વેર ગયા વળી કાળા કેર ગયા કરનાર. )

( ૧ )

અનેક સાલ આવી ને આવે, વર્તમાન કાલીન વરતે;
ધર્મારાધન ધ્યાન સુધરીએ, પામી આર્યક્ષેત્ર ભરતે.
મનુષ્ય જન્મ મોંઘેરો મળિયો, સુકૃત્યો કરી સફળ કરો;
પુન્યવંત પર્યુષણ પર્વે, પુન્ય કાર્યમાં પગલું ભરો.

( ૨ )

કરણ કરાવણ ને અનુમોદન, સરીખા ફળ નીપજાવે છે;
શક્તિ બીનશક્તિનો વિષય, વિચાર અતિ ઉપજાવે છે.
છતી શક્તિએ વાહ વાહ કરીને, વાવરતાં વિત્ત ચિત્ત ન ડરો;
પુન્યવંત પર્યુષણ પર્વે, પુન્ય કાર્યમાં પગલું ભરો.

( ૩ )

દાન અભય સુપાત્રે દીધું, કીર્ત્તિ ઉચિત અનુકંપા જેહ;
સ્વદારાસંતોષી બનીને, શીલ વ્રત ઉપર રાખો નેહ.
કઠીણ કર્મ ખપાવવા કારણ, તપ તપવા નિત્ય નિયમ ધરો;
પુન્યવંત પર્યુષણ પર્વે, પુન્ય કાર્યમાં પગલું ભરો.

( ૪ )

ભવનાશની જ ભાવના ભાવો, સદા શુભ કરણી અનુસરીએ;
સુદેવ સુગુરુ સુધર્મ ઉપર, શ્રદ્ધા રાખી શીઘ્ર તરીએ,
ધર્મ પ્રાસાદનો પાયો સમકિત, મજબૂત મેળવી આદર કરો;
પુન્યવંત પર્યુષણ પર્વે, પુન્ય કાર્યમાં પગલું ભરો.

( ૫ )

ઉભય ટંક આવશ્યક કરવું, સામાયિક સમતા સારી;
પર્વદિવસે પૌષધ કરવો, આતમને એ ઉપકારી.
દેવ–દર્શન ગુરુવંદન, પચ્ચકખાણ કરી સંસાર તરો;
પુન્યવંત પર્યુષણ પર્વે, પુન્ય કાર્યમાં પગલું ભરો.

( ૬ )

ઉપધાન ને ઉજમણું અઠ્ઠાઇ–મહોત્સવ બહુવિધ કીજીએ;
લક્ષ્મીની ગતિ અથિર વિચારી, નરભવ લાહો લીજીએ.
શાસનના વરઘોડા સારા, કાઢીને પર પ્રીતિ વરો;
પુન્યવંત પર્યુષણ પર્વે, પુન્ય કાર્યમાં પગલું ભરો.

( ૭ )

પાઠશાળામાં ભણવું ગણવું, વિનયી થઇ વિદ્યા વરજો;
દેવગુરુની ભક્તિ કરીને, પુન્ય ભંડાર પૂરો ભરજો.
રાગ દ્વેષ ઓછા કરી રહેતા, ફેરો ભવોદધિ ન ફરો;
પુન્યવંત પર્યુષણ પર્વે, પુન્ય કાર્યમાં પગલું ભરો.

( ૮ )

અરસપરસ ખમાવો ખમજો, ખંત ધરી સહુ નરનારી;
કેણી સરખી રેણી રાખવી, ઉભય લોકમાં હિતકારી.
આરાધના ઉત્તમ અંતિમ કરી, પંડિત મરણ સમાધિ મરો;
પુન્યવંત પર્યુષણ પર્વે, પુન્ય કાર્યમાં પગલું ભરો.

( ૯ )

કલ્યાણકારી કલ્પસૂત્રને સાંભળી કર્ણ પવિત્ર કરો;
છઠ્ઠ અઠ્ઠમ અઠ્ઠાઇ માસક્ષપણ, તપસ્યા રૂડી આદરો.
ચૈત્યપ્રવાડી યાત્રા વિધિએ, કરવા વહાલથકી વિચરો,
પુન્યવંત પર્યુષણ પર્વે, પુન્ય કાર્યમાં પગલું ભરો.

( ૧૦ )

પર પ્રાણીના પ્રાણ પોતાની, સરીખા જે જન ધારે છે;
પુન્ય બંધ પવિત્ર કરીને, અશુભ ગતિને વારે છે.
**લક્ષ્મીસાગર** જન સહુ સમજો, જૈન ધર્મ જગતમાં છે
પુન્યવંત પર્યુષણ પર્વે, પુન્ય કાર્યમાં પગલું ભરો.

**રચયિતા—મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ–અમદાવાદ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષમાં પ્રવેશ પ્રસંગે

**आत्मप्रवृत्तावतिजागरूकः, परप्रवृत्तौ बधिरान्धमूकः ।**
**सदाचिदानन्दपदोपयोगी, लोकोत्तरं साम्यमुपैति योगी ॥**

ઉપા૦ શ્રી યશોવિજયજી

**આત્મપ્રવૃત્તે અતિ જાગનારો, પરપ્રવૃત્તે મૂક અંધ બ્હેરો;**
**સદા ચિદાનંદપદોપયોગી, લહે અલૌકિક જ સામ્ય યોગી.**

આત્માના આનંદની, આત્માના પ્રકાશની વાતો કરતા કરતા આજે આપણે બાવન વર્ષ સમાપ્ત કરી તેપનમા વર્ષમાં પ્રવેશ કરીએ છીએ.

શ્રીમદ્ યશોવિજયજી મહારાજ આત્માની મસ્તીનું; આત્માની તન્મયતાનું કે આત્માની રમણતાનું રહસ્ય આપણને ઉપરોક્ત પદમાં સમજાવે છે. શ્રી આચારાંગ સૂત્રમાં પણ એ જ વાત આપણને બીજી રીતે કહેવામાં આવે છેઃ–" **जे एगं जाणइ ते सव्वं जाणइ** " અર્થાત " જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું." અન્ય સિદ્ધપુરુષોની વાણી પણ એ જ વાત આપણને જુદા જુદા પ્રકારે સમજાવે છે, એટલે આત્માનો આનંદ એ સાચો પરમાણંદ છે. માનવ–જીવનની સાચી સાર્થકતા આ પરમાણંદ પ્રાપ્ત કરવામાં રહેલ છે.

આપણે સમજીએ છીએ કે પરાધીનતા સમાન એકે દુઃખ નથી. સ્વાધીનતા જેવું કોઇ સુખ નથી. આ વાતને જરા સ્થૂલ દૃષ્ટિએ વિચારીએ તો આપણને સમજાશે કે કોઇ રાષ્ટ્ર જ્યારે સ્વતંત્રતા પ્રાપ્ત કરશે ત્યારે એ સ્વતંત્રતાનો આનંદ મહામહોત્સવ કરીને ઊજવશે. લાખો દિપમાળ પ્રગટાવી પોતાનો હર્ષોલ્લાસ વ્યક્ત કરશે, નાચશે, કૂદશે, મિષ્ટ–ભોજન–સમારંભો યોજશે અને એ રીતે સ્વતંત્રતાની મસ્તીમાં મસ્ત થઇ જુદી જુદી રીતે મહાલશે. પણ આ તો સ્થૂલ સ્વાતંત્ર્યનો સ્થૂલ આનંદ છે તો આત્મ–સ્વાતંત્ર્યનો આનંદ કેટલો ? જ્ઞાનીઓએ આ લૌકિક આનંદને ક્ષણિક કહ્યો છે. અને આવા ક્ષણિક–આનંદ પાછળ તો આપણે આનંદોત્સવમાં આટલા બધા ગરકાવ થતા હોઇએ તો નિત્યાનંદનું શું ? એ અનંત ઉત્સવના થતા વધામણા કેવા ઉચ્ચ પ્રકારના સંભવે ? એની વાસ્તવ કલ્પના આપણને લૌકિક જીવન જીવી રહેલાને ન આવી શકે. તીર્થંકર ભગવાનોના કલ્યાણક મહોત્સવમાંથી તેનો આછો ખ્યાલ માત્ર આપણે લઇ શકીએ.

આપણે " આત્માનંદ "ના ઉપાસક તો છીએ, આત્માના પ્રકાશ માટેની આપણી સાધના છે, બાવન–બાવન વર્ષથી આપણે તે માટે લખીએ છીએ–વાંચીએ છીએ કે તેનું ચિન્તન કરીએ છીએ, તો તેમાં સફળતા કેટલી ? આ પ્રશ્ન આજે નવા વર્ષમાં પ્રવેશ કરતી સમયે આપણા હૃદયમાં ઉપસ્થિત થાય છે અને તેનો જવાબ આપણે આપણા મનથી જ વિચારી લેવાનો છે.

માનવ સ્વભાવ હંમેશા ઉત્સવપ્રિય છે. નૂતન વર્ષ આવે અને માનવ પોતાના આંગણે દિપમાળ પ્રગટાવે, રંગોળી પૂરી પોતાના આંગણાને શોભાવે અને સાથોસાથ ગત વરસનું સરવૈયું કાઢી પોતાની પરિસ્થિતિનો વિચાર કરી લ્યે. સરવૈયામાં તો સિદ્ધિ મેળવી હોય તો વધુ પ્રગતિ માટે મનમાં સંકલ્પ કરે અને પોતાની જીવન–મજલ ઉત્સાહથી આગળ લંબાવે અને જો પીછેહઠ કરી હોય તો પોતાની પામરતા માટે ઘડીભર ઊંડો નિઃશ્વાસ મૂકી પોતાની ક્ષતિઓનો વિચાર કરે અને વિજયસૂચનો માર્ગ યોજી આશા–ભર્યા હૃદયે વીરતાથી જીવનની મજલ આગળ ચલાવે. આમ કોઇ પણ ઉત્સવ આપણા જીવનમાં નવો પ્રાણ પૂરે છે.

આત્માનંદ પ્રકાશના તેપનમા વરસમાં પ્રવેશ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતા તેનો મંગળમય ઉત્સવ ઉજવતી વખતે આપણે પણ આપણા આત્માને પૂછીએ કે "આત્માનંદ-આત્મસ્વાતંત્ર્ય"ના ક્ષેત્રમાં આપણે કેટલી પ્રગતિ કરી? આત્મા ઉપર અજ્ઞાનતાના પડો જામ્યા હોય તો તે દૂર કરવા માટે આપણે કેટલો પુરુષાર્થ કેળવ્યો? કર્મની જંજીરોથી જકડાએલ આત્માને જંજીર-મુક્ત કરવા માટે આપણે કેટલા સાહસો કર્યાં? શ્રીમદ્ યશોવિજયજી મહારાજે આત્માના સાચા સુખની પ્રાપ્તિનો માર્ગ બતાવતાં કહ્યું છે કેઃ—

> "સઘળું પરવશ તે દુઃખલક્ષણ,
> નિજવશ તે સુખ લઇએ;
> એ દ્રષ્ટે આતમ ગુણ પ્રગટે,
> કહો સુખ તે કુણ કહિયે?"

આ નાની કંડિકામાં "આત્માનંદની"ની સઘળી પ્રેરણા આવી જાય છે. આપણે તેનું રહસ્ય બરાબર સમજીએ. અને પૂર્ણ આત્મસ્વાતંત્ર્યનો પરમ ધન્ય મહોત્સવ ઉજવવાની ઉચ્ચ ભાવના સાથે—" નિજ ઘર મંગળમાળ " પ્રગટાવવા વહેલા ભાગ્યશાળી થઇએ એ જ આજના નૂતન-વર્ષમાં પ્રવેશ કરતી વખત આપણી મહેચ્છા હો!

## ગત વરસનું સિંહાવલોકન

હવે આપણે ગત વરસના આંદોલનોનું જરા આછું અવલોકન કરી જઇએ. દુનિયા આજે અનોખી રીતે આગે કૂચ કરી રહી છે, એનું વિજ્ઞાન અનોખો જ વિકાસ સાધતુ આવે છે, એનું સમાજ-જીવન નવું જ રૂપ લેતું આવે છે. એનું રાષ્ટ્ર-વિધાન કોઇ જુદો જ આકાર લેતું આવે છે, આમ દોડતી દુનિયાની સાથે આપણે કયાં? આ પ્રશ્ન આજે દરેક રાષ્ટ્રના મનમાં રમી રહ્યો છે, માનવ જાત માટેની એ એક વિષમ સમસ્યા બની રહી છે.

આ સારીએ દોડધામના મૂળમાં તો "સુખ"ની શોધ કે "શાન્તિ"ની જ અપેક્ષા રહેલી છે. માત્ર પ્રશ્ન એક જ રહે છે કે આ દોડધામ વાસ્તવિક છે કે કેમ? એટલે આજનું વિજ્ઞાન જે દિશામાં કૂચ કરી રહ્યું છે, સમાજ-જીવનને જે નવો ઓપ અપાઇ રહ્યો છે, અને રાષ્ટ્રિય નવ-વિધાન જે આકાર લઇ રહેલ છે, તેમાં માનવ-જાતનું કલ્યાણ છે કે કેમ? માનવ જાતને સુખ અને શાન્તિ તેમાંથી પ્રાપ્ત થશે કે કેમ? આ તમામ પ્રશ્નોનો જવાબ ભારતીય-સંસ્કૃતિમાંથી મળી રહે છે. તાજેતરમાં જ ભારતના વડા પ્રધાન પં. જવાહરલાલ નહેરુએ યુરોપનો પ્રવાસ કરી, ભારતીય સંસ્કૃતિનો સંદેશ સ્થળે સ્થળે આપી યુદ્ધનો આતશ શાન્ત કરવામાં અને રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે મૈત્રીના કોલકરારો કરવામાં જે સફળતા મેળવી છે તેમાં જ ભારતીય સંસ્કૃતિનું મૂલ્યાંકન રહેલું છે. અને દુનિયાના રાષ્ટ્રો પણ ધીમે ધીમે સમજતા થયા છે કે જો આપણે શાન્તિ જોઇતી હશે તો બીજાને શાન્તિ આપવી પડશે. આપણું સુખ બીજાને સુખી કરવામાં રહેલું છે. કોઇ બીજા રાષ્ટ્રના ભોગે કોઇ રાષ્ટ્ર પોતાનો વિકાસ સાધી ન શકે, "જીવો અને જીવવા દો" એ જ કોઇ પણ રાષ્ટ્ર કે 'માનવજાત' માટેનું સાચું જીવનસૂત્ર હોઇ શકે, એમાં જ સમસ્ત વિશ્વનું કલ્યાણ સમાએલ છે.

આમ દુનિયા ભારતીય સંસ્કૃતિના રંગે રંગાઇ રહેલ છે. આજે યુરોપમાં પણ ભારતીય સંસ્કૃતિના અભ્યાસની ભૂખ ઊઘડતી આવે છે. કોઇ પણ સંસ્કૃતિનું સર્જન તેની સાહિત્યોપાસનામાં રહેલું છે, ભારતીય સંસ્કૃતિના મૂળ જો અજર-અમર હોય તો તેનું મૂળ કારણ ભારતની વિદ્યાવ્યાસંગ-પ્રિયતા છે, વરસોથી તે સાહિત્યોપાસના કરતું આવેલ છે. પરિણામે અનેક સંતો ભારતે આપ્યા છે, સંસ્કાર સાહિત્યે જ સંસ્કૃતિને અમર રાખી છે. સાહિત્ય એ જ સંસ્કૃતિનો પ્રાણ છે. એટલે સૌ પ્રથમ આપણે આપણા સાહિત્ય-વ્યવસાયનો વિચાર કરીએ.

## આપણી સાહિત્ય-પ્રવૃત્તિ

રાષ્ટ્રપતિ બાબુ રાજેન્દ્રપ્રસાદ ગત વરસે રાજસ્થાનના પ્રવાસે નીકળ્યા હતા ત્યારે જેસલમેરના આપણા ગ્રંથભંડારોની પણ તેઓશ્રીએ મુલાકાત લીધી હતી. ત્યાં ભૂગર્ભમાં જાળવી રાખેલ જૈન સાહિત્યની હજારો હસ્તલિખિત પ્રતોનું અવલોકન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતા કરતા તેઓશ્રીએ પોતાનું જે મંતવ્ય વ્યક્ત કર્યું હતું તે આપણે વિચારવા જેવું છે. તેઓશ્રીએ જણાવેલ કે "જૈન ધર્મે ભારતીય પ્રજા જીવન પર ખૂબ અસર કરી છે, છતાં તેના સાહિત્યથી લોકો અજાણ છે."

## અભ્યાસપૂર્ણ સાહિત્યની અગત્ય

આપણી સાહિત્યસમૃદ્ધિ અને તેના પ્રચારને અંતે રાષ્ટ્રપતિ આપણને ઉપલા શબ્દોમાં ઘણું ઘણું કહી જાય છે, ભારતીય પ્રજા જીવનના ઘડતરમાં જૈન સાહિત્યે ઘણો મહત્વનો ભાગ ભજવ્યો છે તે વાત તો આજે ખૂબ જાણીતી થઇ પડી છે. અને જૈન ધર્મ વિશ્વધર્મ થવાને લાયક છે, તે વાત પણ એટલી જ જાણીતી છે, પરંતુ આપણે વિચાર કરવાનો છે રાષ્ટ્રપતિ આપણને કહે છે તેમ તેના સાહિત્યથી લોકો અજાણ છે એ વાતનો. અને જયારે જૈન ધર્મના અભ્યાસ માટે જૈન સાહિત્ય તરફ લોકરુચિ જાગૃત થતી આવે છે ત્યારે લોકરુચિનો વિચાર કરી તેને અનુકૂળ સાહિત્ય જનતા પાસે મૂકવું તે આજે આપણી અગત્યની ફરજ થઇ પડે છે, એમાં જૈન ધર્મની સાચી પ્રભાવના રહેલી છે. "સવિ જીવ કરું શાસન-રસી"ની ઉક્તિ આપણે હંમેશા ઉચ્ચારીએ છીએ. તે પંક્તિને ચરિતાર્થ કરવાની આ એક ઉત્તમ તક છે.

આજે જૈન સાહિત્યનું પ્રકાશન બે રીતે થઇ રહ્યું છે. એક આપણા જ વર્તુલને બંધબેસતું ચાલી આવતી પ્રણાલિ મુજબનું રૂઢિબદ્ધ સાહિત્ય અને બીજું લોકરુચિ સમજીને વ્યાપક જગતને બંધબેસતું આવે તે મુજબનું લોકભોગ્ય સાહિત્ય. બન્ને રીતના સાહિત્યની અગત્ય તો છે જ. રૂઢિબદ્ધ સાહિત્ય પાછળ આપણે લાખોનો ખરચ કરીએ છીએ અને તેમાંથી આપણે શાસ્ત્રજ્ઞાન, આવશ્યક ક્રિયાનાં સૂત્રો અને તેની સમજની પ્રેરણા મેળવીએ છીએ. આ દિશામાં પ્રગટ થતું સાહિત્ય જરા વ્યવસ્થિત આકાર પણ લેતું આવે છે, એમ છતાં આપણા આ રૂઢિબદ્ધ સાહિત્ય પ્રકાશન તરફ જરા દ્રષ્ટિ ફેરવીએ છીએ ત્યારે સહેજે મનમાં થાય છે કે તેમાંનું કેટલુંક સાહિત્ય તેના સર્જકો જાણે સાહિત્યસર્જનની સસ્તી નામના માટે જ સાહિત્ય પ્રગટ કરતા હોય તેમ લાગે છે. એમાં નથી હોતી કોઇ વ્યવસ્થિત વિચારસરણી, નથી હોતી શુદ્ધિ કે નથી હોતી કોઇ ચોક્કસ શૈલી એટલે માત્ર પૈસા વેડફાઇ જાય છે. અને તેની સારી છાપ વાચકોના દિલ ઉપર પડતી નથી. કોઇના દિલમાં સાહિત્યસર્જનની ભાવના પ્રગટે એ વસ્તુને જરૂર આપણે આવકારીએ, પરંતુ સુયોગ્ય વાચન, મનન અને ચિંતન પછી વિચારો વ્યક્ત કરવાનું જ્ઞાન જયારે દિલમાં જાગે ત્યારે જ અભ્યાસપૂર્ણ શૈલીએ તૈયાર કરેલ જ સાહિત્ય પ્રગટ કરવાનું જો તેઓ રાખે તો કેટલું સારું? અનુભવીઓની દ્રષ્ટિ નીચે નાખીને, વિવેકપૂર્વક સાહિત્ય પ્રગટ કરવાનું દ્રષ્ટિ-બિન્દુ આપણે સમજવાની જરૂર છે. કેવળ સાહિત્યોપાસક તરીકેની સસ્તી નામના ખાટવા ખાતર નહિ પરંતુ સાચી સાહિત્યસેવા કરવાની ભાવનાથી અભ્યાસપૂર્ણ સાહિત્ય જ પ્રગટ કરવાનું આપણે બરાબર સમજી જઇએ તો ખોટી રીતે વેડફાતી આપણી શક્તિ અને અર્થવ્યય જરૂર સાર્થક થશે.

## લોકભોગ્ય સાહિત્યની રુચિ

આ વાત કરી આપણા રૂઢિબદ્ધ સાહિત્ય પ્રકાશનની. હવે આપણે લોકભોગ્ય સાહિત્યનો વિચાર કરીએ. જગતનો પ્રવાહ આજે ધીમે ધીમે અધ્યાત્મવાદ તરફ ઢળતો જાય છે, ભારતીય સંસ્કૃતિના અભ્યાસ માટેની લોકરુચિ આજે વેગ પકડતી આવે છે. અને જુદા જુદા દર્શનશાસ્ત્રોનું થોકબંધ સાહિત્ય આજે જુદા જુદા રાષ્ટ્રોમાં જુદી જુદી ભાષામાં પ્રગટ થઇ રહ્યું છે. આમ જૈન દર્શનના અભ્યાસ માટે પણ લોક-મીમાંસા જાગૃત થતી આવે છે એટલે જૈન દર્શનના અભ્યાસ માટેની જનતાની રસવૃત્તિને કેળવવા માટે સુયોગ્ય સાહિત્ય આપણે પીરસવાનું રહે છે.

આમ જૈન સાહિત્યના અભ્યાસ માટે જે રસવૃત્તિ જાગતી આવે છે તેના પ્રમાણમાં જૈન સાહિત્યના સર્જનનું કે જૈનદર્શનના અભ્યાસ માટેનું યોગ્ય સાધન આપણે આજે ઉપસ્થિત કરી શકયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. તેમ તે માટેની જરૂરી જાગૃતિ પણ હજુ આપણામાં આવી નથી. એમ છતાં આ દિશામાં કંઈક કરવાની જિજ્ઞાસા આપણા અમુક વર્ગમાં જાગૃત થવા પામેલ છે અને પોતાનાથી બને તેટલું તેઓ કરી રહ્યા છે એ આપણા માટે સદ્ભાગ્યનો પ્રસંગ છે. ગત વરસના આંદોલન ઉપરથી આપણને આ વાતનો આછો ખ્યાલ આવશે.

## જૈન વિદ્યાપીઠ

ડૉ. હિરાલાલજીના પ્રમુખપણા નીચે ભગવાન મહાવીરની જયન્તી પ્રસંગે "પ્રાકૃતભાષા અને અહિંસા"ના પ્રચાર માટે જૈન વિદ્યાપીઠની સ્થાપના કરવાની જે યોજના વિચારણામાં હતી તેને વધુ મૂર્ત્ત સ્વરૂપ આપવામાં આવ્યું. વિદ્યાપીઠના મકાન માટે દાનવીર શ્રેષ્ટિવર્ય શ્રી શાન્તિપ્રસાદ શાહુએ રૂપિયા પાંચ લાખ તથા પાંચ વરસ સુધી દર વરસે રૂપિયા પચીશ પચીશ હજાર આપવાનું વચન આપ્યું છે. બિહારની સરકારે પણ વૈશાલિમાં જો જૈન વિદ્યાપીઠની વ્યવસ્થિત સ્થાપના કરવામાં આવે તો રૂપિયા પાંચ લાખ તેમાં આપવાનું વચન આપેલ છે, તે વાત તો સુવિદિત છે.

વૈદિક, બૌદ્ધ અને જૈન: ભારતીય સંસ્કૃતિના આ મહત્વના ત્રણ અંગો. વૈદિક સંસ્કૃતિના પ્રચારનું કેન્દ્ર આજે દરભંગામાં છે, બૌદ્ધ સંસ્કૃતિના પ્રચારનું કેન્દ્ર નાલંદામાં છે અને જૈન સંસ્કૃતિનું પ્રચારકેન્દ્ર આ રીતે વૈશાલિમાં સ્થપાય છે. ત્રણે સંસ્કૃતિનું મૂળસ્થાન બિહાર છે, તે ત્રણેના પ્રચારકેન્દ્રો પણ આ રીતે બિહારમાં જ સ્થપાયા છે. હવે તો વૈશાલીમાં સ્થપાતું આપણું 'જૈન વિદ્યાપીઠ' પોતાના આદર્શને મૂર્ત સ્વરૂપ આપવામાં વહેલી તકે સફળતા મેળવે એ જ આ તકે આપણે ઇચ્છવાનું રહે છે.

રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ આદિના સહકારથી દીલ્હીખાતે સ્થાપવામાં આવેલ "પ્રાકૃત ટ્રેક્ટ સોસાયટી" પોતાનું સાહિત્ય-પ્રકાશનનું કાર્ય ધીમે ધીમે આગળ ધપાવી રહેલ છે. આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજની રાહબરી નીચે ગઇ સાલ શરૂ કરવામાં આવેલ, ભારતના અતિ પ્રાચીન "અંગવિજ્જા" નામના પ્રાકૃતગ્રંથનું મુદ્રણકાર્ય લગભગ પૂર્ણ થવા પામ્યું છે. નજીકના ભવિષ્યમાં તે પ્રગટ કરવામાં આવશે. જ્યારે આ પછીના મુદ્રણ માટે દશવૈકાલિક સૂત્ર (મૂળનિર્યુક્તિ) "સૂત્રકૃતાંગ" "નંદીસૂત્ર" અને "અનુયોગદ્વાર સૂત્ર" વગેરેનું પ્રેસ-મેટર લગભગ તૈયાર છે, જે એક પછી એક પ્રગટ કરવામાં આવશે. ત્રણે ફીરકાના જૈન તથા જૈનેતર વિદ્વાનોના સહકારથી આ સંસ્થા પોતાના કાર્યક્ષેત્રમાં આગળ ધપી રહેલ છે. અને ભારતીય સરકારનો તેને ગ્રાન્ટ આદિનો સહકાર મળતો રહે છે તે ખુશી થવા જેવું છે.

## શ્રી મહાવીર-જન્મ કલ્યાણકની જાહેર રજા

ભગવાન મહાવીરનો જીવન-સંદેશ જગતને આપવા માટે અને ભગવાન મહાવીરના જન્મદિનને ભારતના વ્યાપક તહેવાર તરીકે મંજૂર કરાવવા ઓલ ઇન્ડીયા મહાવીર જૈન સોસાયટી છેલ્લા કેટલાક વરસથી કાર્ય કરી રહેલ છે. અને ઘણા પ્રાન્તોમાં મહાવીર-જયન્તીદિનને જાહેર તહેવાર તરીકે પળાવવામાં તે સફળ નીવડી છે. જ્યારે ભારતીય સરકારે હજુ ભગવાન મહાવીરના જન્મદિનને જાહેર તહેવાર તરીકે માન્ય રાખેલ નથી.

અહિંસા એ ભારતીય સંસ્કૃતિનું મુખ્ય દ્રષ્ટિબિન્દુ છે. અને ભારતને 'અહિંસા અને ત્યાગ'ના માર્ગે વાળવામાં ભગવાન મહાવીરે અપૂર્વ ફાળો આપ્યો છે. અહિંસાની પ્રેરણામૂર્તિ સમા ભગવાન મહાવીરના જન્મ-દિનને બુદ્ધ ભગવાન આદિના જન્મદિનની જેમ જાહેર તહેવાર તરીકે શા માટે સ્થાન ન મળે? એ જૈન સમાજ સામે મહત્ત્વનો પ્રશ્ન છે. આ પ્રશ્નના અનુસંધાનમાં શ્રી મહાવીર જૈન સોસાયટીએ દિલ્હીખાતે ગત સપ્ટેમ્બર માસમાં "અખિલ ભારત જૈન સંમેલન તથા વિદ્વદ્ પરિષદ" બોલાવી હતી, અને ત્રણે ફીરકાના જૈન વિદ્વાનો તથા જૈન સાહિત્યમાં રસ લઇ રહેલ જૈનેતર વિદ્વાનોને આ પરિષદમાં નોતરવામાં આવેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બે દિવસની વિચારણા બાદ આ સંમેલને નક્કી કર્યું હતું કે "ભારતીય સંસ્કૃતિ, કળા, સાહિત્ય તેમ જ દર્શનની પ્રગતિમાં જૈન દર્શનનો અનોખો જ ફાળો છે. ભગવાન મહાવીરે અહિંસાની જ્યોત ભારતભરમાં ફેલાવવા માટે જે અપૂર્વ ભોગ આપ્યો છે તે ભારતના ઘણા લોકો સમજતા નથી તેમ જ ભારતીય ઉદ્યોગ વિકાસ, વ્યાપારની ઉન્નતિ, સ્વાતંત્ર્યની લડત અને નવવિધાનમાં જૈનોનો જે તેજસ્વી ફાળો છે તે ભારતની જનતા બરાબર જાણતી નથી. આપણે આપણું જૈન મહત્ત્વ દુનિયાની સામે અખિલ ભારતીય ધોરણે રજૂ કરવાની જરૂર છે. ભગવાન મહાવીરે પ્રરૂપેલ જૈન-દર્શનના મુખ્ય અંગો "અહિંસા અને સ્યાદ્વાદ"નો જગતને ખ્યાલ આવે એ ધોરણે આપણે **"જૈન સંસ્કૃતિ"** ગ્રંથ તૈયાર કરવાની જરૂર છે. અને આટલી વિચારણા પછી જૈન ધર્મને તેના શ્રેષ્ઠરૂપમાં રજૂ કરે તેવા વિધાનને રજૂ કરતો "જૈન સંસ્કૃતિ ગ્રંથ" તૈયાર કરવાનો આ સંમેલને નિર્ણય લીધો અને ગ્રંથ-વિધાનનું કાર્ય પંડિત સુખલાલજી, ડૉ. હીરાલાલ જૈન M. A. D. Lit, પં. કૈલાસચંદ્રજી, ડૉ. નથમલ ટાટીયા M. A. D. Lit, પં. દલસુખ માલવણિયાને સોંપવામાં આવ્યું, અને આ દિશામાં આજે યોગ્ય પ્રવૃત્તિ ચાલી રહેલ છે.

દીલ્હીના જૈન સંમેલનનો આ ઠરાવ જૈનદર્શનને જગત સમક્ષ યથાર્થ રૂપમાં મૂકવા માટે મહત્ત્વનો ભાગ ભજવશે એમ સહેજે માની લેવાય છે. આજના યુગમાં અતિ મહત્વના સાહિત્ય પ્રકાશનના આ કાર્યને આપણો શ્રીમંત વર્ગ પણ એટલા જ પ્રેમપૂર્વક અપનાવી લેશે એમાં શંકા લાવવાને કોઈ કારણ નથી.

ભગવાન મહાવીરની જયન્તીના દિનને જાહેર તહેવાર તરીકે માન્ય રખાવવા માટેની પ્રવૃત્તિના અનુસંધાનમાં ગત ડીસેમ્બર માસમાં ત્રણે ફીરકાના આપણા પૂ. મુનિવર્યો વગેરેએ પંડિત જવાહરલાલજીની દીલ્હીખાતે મુલાકાત લીધી હતી અને ભારતીય સંસ્કૃતિના ઘડતરમાં ભગવાન મહાવીરે તથા જૈનદર્શને જે ફાળો આપ્યો છે તે હકીકત દોઢ કલાક સુધી પંડિતજી સમક્ષ રજૂ કરી. પંડિતજીને એ રીતે જૈન સંસ્કૃતિના વહેતા અહિંસક પ્રવાહથી વાકેફ કર્યા તે પણ આપણા માટે આવકારદાયક પ્રસંગ ગણાય.

પૂજ્ય પુણ્યવિજયજીના સતત શ્રમથી આપણું આગમ-સાહિત્ય તૈયાર થઈ રહ્યું છે. તેઓશ્રી જણાવે છે તેમ તેમાંના કેટલાક આગમોનું સંશોધન પણ થઈ ગયું છે અને મુદ્રણ માટે આપવા જેવી સ્થિતિમાં તે તૈયાર છે. જનતા આ આગમ-પ્રકાશનની ખૂબ આતુરતાપૂર્વક રાહ જોઈ રહેલ છે. જનતાને જ્યારે આગમ-અભ્યાસની ભૂખ લાગી છે તેવા સમયે આ સાહિત્ય હવે વહેલી તકે પ્રગટ કરવાના ચક્રો ગતિમાન થાય તેમ ઇચ્છીએ.

## જૈન સાહિત્યનો પ્રચારમાર્ગ

અમદાવાદખાતે "ભારતીય ઇતિહાસ પરિષદ"-નું અધિવેશન મળ્યું ત્યારે આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ, સાહિત્યસંશોધક મુનિશ્રી યશોવિજયજી મહારાજ આદિએ આ પરિષદમાં જૈન ઇતિહાસ અને પ્રાચીન જૈનસાહિત્ય ઉપર પ્રકાશ પાડતા કેટલાક વિધાનો રજૂ કર્યાં હતાં. તેની આ પરિષદમાં ઘણી સારી છાપ પડી હતી, પરંતુ આ અધિવેશનના નિચોડરૂપે જૈન સમાજે સમજી લેવા જેવા કેટલાક બોધપાઠોનો આપણે વિચાર કરવા જેવો તો જરૂર છે જ. તેમાં બે મુદ્દા વધુ મહત્ત્વના હતા.

૧ જૈનસાહિત્યનું મહત્ત્વ આજે આપણે જેટલું સમજીએ છીએ તે કરતાં જૈનેતરો વધારે પ્રમાણમાં સમજે છે. જૈન સાહિત્યના અભ્યાસ માટે તેમની રસવૃત્તિ પણ દિવસે દિવસે વધુ કેળવાતી ચાલે છે. અને જૈન સાહિત્યના અભ્યાસકો પણ આજે તેમાંથી ઊગતા આવે છે. આ રસવૃત્તિને સતેજ કરવા અને આપણામાં પણ જૈન સાહિત્યનો અભ્યાસપ્રેમ વધારવા આપણે ગંભીર વિચારણા કરવાની જરૂર છે.

૨ બ્રાહ્મણ અને બુદ્ધ સંસ્કૃતિનું સાહિત્ય આજે લોકભોગ્ય રીતે દેશ-વિદેશમાં સારો પ્રચાર પામતું જાય છે. તેના પ્રમાણમાં આપણે પીછા છીએ એમ છતાં સાહિત્ય પ્રકાશન પાછળ આપણો શ્રમ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખર્ચ ઓછો નથી. એટલે સાહિત્ય-પ્રચારનો સાચો માર્ગ વિચારી તે પંથે આપણે આપણા સાહિત્ય પ્રવાહને વાળવાની જરૂર છે.

લોકભોગ્ય દ્રષ્ટિએ સર્જાતા સાહિત્ય અને તેના આંદોલનના ગત વરસના મહત્ત્વના બનાવો અંગે આપણે વિચારણા કરી. હવે સાહિત્ય વિષયક પ્રવૃત્તિઓનું જરા અવલોકન કરી લઇએ.

ભાષાશાસ્ત્રના નિષ્ણાત પંડિત પ્રબોધને ભાષાશાસ્ત્ર વિષયક ભાષણો આપવા માટે અમેરીકાની યુનિવર્સિટિનું આમંત્રણ આવતા તેઓ અમેરીકા ગયા છે.

પુરાતત્વપ્રેમી મુનિશ્રી કાન્તિસાગરજી મહારાજે લખેલ "ખંડેહરોંકા વૈભવ" અને "ખોજકી પગદંડીયા"ના પુસ્તક બદલ ઉત્તર પ્રદેશની સરકારે તેઓશ્રીને યોગ્ય પારિતોષિક આપી સન્માન્યા છે. રીવાની દરબાર કોલેજના પ્રો. શ્રીચંદ જૈનને "વિશ્વભૂમિની લોકકથાઓ"નું પુસ્તક લખવા બદલ ભારત સરકારે રૂા. પાંચ સો આપ્યા છે. આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજને બૃહત્કલ્પસૂત્રનું સંપાદન અને એની અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના લખવા બદલ શ્રી વિજયધર્મસૂરિ સાહિત્યચંદ્રક અર્પવાનો ઠરાવ કરી તેઓશ્રીની સાહિત્ય સેવાનું બહુમાન કરવામાં આવેલ છે. તેમ જ ૨૦૦૮માં 'પ્રતિક્રમણ પ્રબોધ'ના સંપાદન માટે શ્રી ધીરજલાલ ટોકરશીને તથા ૨૦૦૯માં "ચક્રવર્તી ભરતદેવ"ની પુસ્તિકા લખવા બદલ શ્રી જયભિખ્ખુને મુંબઇખાતે ખાસ મેળાવડો યોજી શ્રી બુદ્ધિસાગરસૂરિ જૈન સાહિત્ય પારિતોષિક અર્પણ કરવામાં આવેલ છે.

ડો. મોતીચંદનું "સારથિ", ડો. જગદીશચંદ્ર જૈનનું "આગમોમાં વર્ણવાએલું સામાજિક જીવન" ભારત જૈન મહામંડળનું "ભામાશાહનું જીવનકાર્ય" સ્વ. જયંતવિજયજી મહારાજનું અંગ્રેજી અનુવાદિત "Holy Abu" અને એવા અભ્યાસપૂર્ણ સાહિત્ય પ્રકાશનોનો રસથાળ આ વરસે આપણે પ્રાપ્ત કરી શકયા છીએ.

જૈન સાહિત્યની માફક ચિત્રકળાના ક્ષેત્રે શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીએ ઋષભદેવ ભગવાનના જીવન-પ્રસંગોનો ચિત્રસંપુટ સુવિખ્યાત ચિત્રકાર શ્રી ગોપેતના હસ્તે તૈયાર કરાવી શત્રુંજય પર પુંડરીકસ્વામીના જિનાલયમાં ખુલ્લો મૂકયો તે પણ સાહિત્ય ક્ષેત્રે આવકારદાયક પ્રસંગ ગણાય.

આપણી સભાની સાહિત્ય પ્રવૃત્તિનો વિચાર કરતા વિદ્વદ્વર્ય પૂજ્ય **મુનિશ્રી જંબુવિજયજી** મહારાજ અથાક પરિશ્રમ લઇને દર્શનશાસ્ત્રનો અપૂર્વ ગ્રંથ "**નયચક્રસાર**" તૈયાર કરી રહ્યા છે તે ગ્રંથનો મૂળ ભાગ લગભગ મુદ્રિત થવા આવ્યો છે. આ ગ્રંથ આમ તો બે કે ત્રણ ભાગમાં પ્રગટ કરવામાં આવનાર છે અને સંપૂર્ણ ગ્રંથ પ્રગટ થતાં હજુ થોડો સમય લાગશે, પરંતુ જરૂરી પ્રસ્તાવના અને પરિશિષ્ટો તૈયાર થતાં તેનો પ્રથમ ભાગ તો દિપોત્સવી લગભગમાં પ્રગટ કરી શકાશે તેમ લાગે છે. આ સિવાય કથારત્ન કોષ-ગુજરાતી ભાષાન્તર ભાગ ૨ જો, શ્રી સુમતિનાથ ચરિત્ર વગેરે ગ્રંથો છપાઇ રહ્યા છે. તેના દાતાઓ મળી રહેતા તે પ્રગટ કરવામાં આવશે. સ્વ. આચાર્ય વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજના આધ્યાત્મિક ભાવ પ્રગટ કરતા નિબંધો અને કાવ્યોનો મોટો સંગ્રહ "જ્ઞાનપ્રદીપ"ના નામે પાલનપુર જૈન સંઘની આર્થિક સહાયથી તૈયાર થઇ રહ્યો છે. તે ગ્રંથ પણ તૈયાર થઇ ગયો છે. તેનો પ્રસ્તાવનાદિ ભાગ તૈયાર થવામાં છે એટલે તે પણ દિપોત્સવી લગભગ પ્રગટ કરવામાં આવશે. આ સિવાય અન્ય સાહિત્ય પ્રગટ કરવાની યોજના સભા વિચારી રહેલ છે. નવા વરસમાં વધુ સાત્વિક સાહિત્ય પ્રગટ કરવાની તક સભાને મળે તેમ ઇચ્છીએ.

## માસિકની લેખ સામગ્રી—

ગત વરસની લેખ-સામગ્રી જોતાં પદ્ય વિભાગમાં ૧૫ અને ગદ્ય વિભાગમાં ૫૪ મળી કુલ ૬૯ લેખો પ્રગટ થયા છે. તેમાં અભ્યાસપૂર્ણ દ્રષ્ટિએ લખાએલ શ્રી હીરાલાલ રસીકદાસ કાપડિયા, પ્રો. જયન્તીલાલ દવે, શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" પં. મુનિશ્રી રામવિજયજી ગણિવર્ય, શ્રી ચોકસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદિના લેખો સારા પ્રમાણમાં છે અને મનનીય છે. સમયને અનુલક્ષીને મુનિશ્રી દર્શનવિજયજી, શ્રી નાગકુમાર મકાતી, શ્રી પાદરાકર, શ્રી કપાસી, પ્રો. રવિશંકર જોશી, શ્રી રતિલાલ મફાભાઇ, શ્રી કપીલભાઇ ઠક્કર, શ્રી અમરચંદ માવજી શાહ, શ્રી ફુલચંદ હ. દોશી. શ્રી વલ્લભદાસ ત્રિભોવનદાસ ગાંધી, વસંતલાલ કા. શેઠ, પ્રો. ખીમચંદભાઇ શાહ, આદિએ પણ જુદા જુદા વિષયો પર પ્રકાશ પાડ્યો છે. તેમજ મુનિ શ્રી મહાપ્રભવિજયજીના હળવા કથાનકો, શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહની જીવન-ઘડતર માટેની સામગ્રી તથા ડૉ. વલ્લભદાસ નેણશીનું સ્તવન-વિવેચન પણ એટલું જ રસપ્રદ નીવડ્યું છે. આ ઉપરાંત મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ તથા પં. શ્રી ધુરંધરવિજયજી મહારાજના ભાવવાહી ટૂંકા ફકરાઓએ વાચકોને ચિંતનની સામગ્રી પૂરી પાડી છે.

આ ઉપરાંત પ્રાપ્ત થતા સાહિત્યની સમાલોચના, વર્તમાન સમાચાર અને સભાની પ્રવૃત્તિની વિગત સમયે સમયે રજૂ કરવામાં આવી છે.

આમ ઉપરોક્ત લેખકોએ માસિકની લેખનસામગ્રીને સમૃદ્ધ કરવામાં જે સાથ આપ્યો છે તે બદલ માસિક કમિટિ સૌની ૠણી છે. અને નવા વરસમાં વધુ ને વધુ રસપૂર્ણ સામગ્રી તેઓશ્રી તરફથી મળતી રહે તેમ વિનવીએ છીએ.

માસિકને અંગે સમગ્ર દ્રષ્ટિએ વિચારતા એમ લાગે છે કે રસથાળની દ્રષ્ટિએ હજુ તે ઘણું અધૂરું છે. આત્માનંદના જુદા જુદા અંગો ઉપર મનનીય પ્રકાશ પાડતી વધુ અભ્યાસપૂર્ણ અને મનનીય સામગ્રી એકત્ર કરવાની જરૂર છે. માસિકનો પદ્ય વિભાગ તો ખૂબ કંગાળ છે તેમ કહીએ તો ખોટું નથી. ઊર્મિઓને જાગૃત કરે તેવું ભાવવાહી કાવ્ય-ઝરણુ આપણામાં ઓછું છે. ઊંડા અભ્યાસ અને ચિંતનપૂર્વક ચોક્કસ ધ્યેયથી જો લેખન સામગ્રી યોગ્ય લેખકો પાસેથી-જરૂર પડે તો યોગ્ય પુરસ્કાર આપીને મેળવવામાં આવે તો કાવ્ય, કથા, દર્શનશાસ્ત્ર, પુરાતત્ત્વ, સાહિત્યસંશોધન, સમાજશાસ્ત્ર રાષ્ટ્રવિધાન, આદિ વિધ-વિધ વિષયનું સાહિત્ય પીરસી શકાય, તે માટે થોડો વાંચન-પ્રદેશ પણ વિસ્તારવો ઘટે. અને આ રીતે જો માસિક તૈયાર કરવામાં આવે તો જ તેની પાછળ લેવાતો શ્રમ કે અર્થવ્યય સાર્થક ગણી શકાય. નવા વરસમાં પ્રવેશ પ્રસંગે આપણે ઇચ્છીએ છીએ કે માસિકના વિકાસ માટેની આપણી આ મનોભાવના વહેલી તકે સફળ થાઓ.

## આપણું શિક્ષણ ક્ષેત્ર —

ધાર્મિક અને વ્યવહારિક, આમ આપણા શિક્ષણક્ષેત્રના બે અંગો છે. ધાર્મિક ક્ષેત્રે ગત વરસમાં ખાસ ધ્યાન ખેંચે તેવી એવી કોઇ નવી પ્રવૃત્તિ બનવા પામી હોય તેમ દેખાતું નથી. ગામોગામ ધાર્મિક પાઠશાળાઓ ચાલે છે, અને ધાર્મિક પરીક્ષા લેનાર મેસાણા, પુના, રાજનગર અને મુંબઇની સંસ્થાઓ જુદી જુદી રીતે ધાર્મિક પરીક્ષાઓ લઇને પોતાનું કર્તવ્ય બજાવ્યાનો સંતોષ માને છે. આ રીતે ધાર્મિક શિક્ષણ માટે થોડો પ્રચાર થાય છે, પરંતુ ધાર્મિક શિક્ષણમાં આજે જે રસ ઘટતો આવે છે, શ્રદ્ધાધન ઘટતું આવે છે, તે પ્રશ્ન ગંભીર વિચારણા માગી રહ્યો છે. માત્ર આવશ્યક ક્રિયાના સૂત્રો જ નહિ પરંતુ જૈન-દર્શનનો જરૂરી અભ્યાસ ઊગતી પ્રજા કરી શકે, સૂત્રો અને ક્રિયાનું ઊંડું રહસ્ય તે સમજી શકે અને તક આવે જૈન-દર્શન અંગે કોઇ સાથે સામાન્ય ચર્ચા કરવાનો પ્રસંગ પડે તો યોગ્ય ચર્ચા કરી શકે તેટલું જ્ઞાન આજે ઊગતી પ્રજાને આપવું પડશે, અને ધાર્મિક અભ્યાસ પરત્વે આજે જે ઉદાસીનવૃત્તિ દેખાય છે તે દૂર કરી અભ્યાસની ઊંડી રસવૃત્તિ તેમના દિલમાં કેમ જાગે તે માટેની યોજના પણ વિચારવી જ પડશે. આ પ્રશ્નના ઉકેલમાં આપણા ધાર્મિક શિક્ષકોનો પ્રશ્ન પણ એટલી જ મહત્વની વિચારણા માગી રહેલ છે. પ્રતિભાશાળી અને જ્ઞાનગંભીર ચારિત્રશીલ શિક્ષકોની આપણે ત્યાં ખૂબ ખામી છે. આ ખામી દૂર કરવા સિવાય આપણું ધાર્મિક શિક્ષણ રસમય બને તેમ લાગતું નથી.

આપણા પૂજ્ય સાધુસમાજ માટે પણ ઊંડી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગવેષણાપૂર્વક જૈન-શાસ્ત્રો અને સાહિત્યનો અભ્યાસ કરી શકે તેવા એક કેન્દ્રની જરૂર છે. જુદા જુદા સમુદાયમાં પંડિતો રોકીને આપણે પૂજ્ય મુનિવર્યોને અભ્યાસ કરાવીએ છીએ. ગઇ સાલ કપડવંજમાં જ્ઞાનશાળા ખોલવામાં આવી તેમ આ વરસે વઢવાણુમાં પણ પૂ. મુનિવર્યોના અભ્યાસ માટે જ્ઞાનશાળા ખોલવામાં આવી છે, પરંતુ આટલાથી આપણે સંતોષ માની લઇએ તે બસ નથી.

જૈન શાસનની પ્રભાવનાનો મોટો આધાર આપણા પૂ. મુનિવર્યો ઉપર છે. યુગયુગથી આપણા પૂ. મુનિવર્યોએ જૈન શાસનને જયવંતું રાખવાને માટે અનોખો ભોગ આપ્યો છે, આગમો અને જૈન-દર્શન સાહિત્ય-સર્જનમાં પણ તેઓનો ફાળો ઓછો નોંધપાત્ર નથી. સ્થળે સ્થળે-વિકટમાં વિકટ પ્રદેશમાં વિચરીને તેઓએ જૈન શાસનની પ્રભાવના કરી છે અને આજે પણ કરી રહ્યા છે.

### જૈન સાહિત્યનું અભ્યાસ કેન્દ્ર

આમ જૈન શાસનના ઘડતરનો મુખ્ય આધાર પૂજ્ય સાધુ સમાજ ઉંપર છે. તે મહાન જવાબદારી ઉપાડવા માટે તેમનામાં કેટલું જ્ઞાન હોવું જોઇએ તેની કલ્પના માત્ર કરીએ તો જ એમના અભ્યાસ-ચિન્તન માટે આપણે શું શું કરવું જોઇએ તેનો ખ્યાલ આવે. આજે પરંપરાગત છીછરી શ્રદ્ધા ઓસરતી આવે છે. દીર્ઘગવેષણા, ઊંડા અભ્યાસ અને તાત્વિક ચર્ચામાંથી નિતરતા નિર્ણયો પર આજે શ્રદ્ધાનો પ્રદેશ નવો આકાર લેતો આવે છે. ઊંડા અભ્યાસની જે ભૂખ આજે જનતામાં ઉઘડતી આવે છે તેની આપણે અવગણના નહી કરી શકીએ, યુગ પ્રવાહની સાથે આપણે રહેવું જ પડશે. અને આજનો યુગ જે માને છે તે જ્ઞાન-પ્રાસાદ આપણે તેની પાસે રજૂ કરવો જ પડશે. તેમ કરશું તો જ જૈન-દર્શન પરત્વેની શ્રદ્ધા જનતામાં ટકી રહેશે. આ દરેક દ્રષ્ટિએ વિચારીને આપણે આપણા પૂ. મુનિવર્યોના અભ્યાસ માટે પ્રબંધ કરવાની જરૂર છે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શ્રેષ્ઠિવર્ય કસ્તૂરભાઈના દિલમાં પણ આ પ્રશ્ન રમી રહ્યો હોય તેમ પોતાના પ્રવાસ-દરમિયાન તેઓશ્રીએ જે શબ્દો ઉચ્ચાર્યા હતા કેઃ-" જૈનધર્મના જ્ઞાન માટે એક સંસ્થા ખોલવાની દોઢ-બે વરસથી વિચારણા ચાલે છે, આ માટે મુંબઇ સરકાર સાથે વાટાઘાટ ચાલે છે. મારી એવી ભાવના છે કે ગુજરાત વિશ્વવિદ્યાલય બંધાયું છે ત્યાં આપણાં સાધુ-પુરુષો લાભ લઇ શકે તેવી ગોઠવણ કરવી. " શેઠશ્રી કસ્તૂરભાઇની આ ભાવના તરતમાં બર આવે અને જૈનધર્મના ઊંડા અભ્યાસ માટે સુયોગ્ય અભ્યાસકેન્દ્ર ઊભું કરવાનું આપણું સ્વપ્ન વહેલી તકે સિદ્ધ થાઓ એમ ઇચ્છીએ. આ પ્રબંધ થશે તો જૈનધર્મના વિદ્વાનો કે પ્રતિભાશાળી ધાર્મિક શિક્ષકો ઉત્પન્ન કરવાનો પ્રશ્ન પણ સાથેસાથ ઉકેલાતો આવશે.

વ્યવહારિક શિક્ષણમાં પણ આજે જુદા જુદા શિક્ષણ માટેનો પ્રવાહ વધતો જ આવે છે. અને દરેક શિક્ષણ-કેન્દ્રોમાં જૈન વિદ્યાર્થી રસ કેળવતો આવે છે. અલબત્ત ઉદ્યોગ, રાજ્યબંધારણ અને એવા શિક્ષણક્ષેત્રમાં હજુ આપણે પૂરતો રસ કેળવી શકયા નથી. એમ છતાં આપણે એટલું સમજતા થયા છીએ કે આપણા વ્યાપારનું ધોરણ બદલાતું આવે છે, ઉત્પાદકો અને વાપરનારાઓ વચ્ચેનો સીધો સંબંધ બંધાતો આવે છે અને વચગાળાના નફા ઉપર ચાલતા વ્યાપારને ધક્કો લાગતો આવે છે, ગામડામાં વસતા આપણા વ્યાપારી ભાઇઓની સ્થિતિ ઉપરના કારણે દિવસે દિવસે કથળતી આવે છે. વધુ ચિન્તાજનક સંયોગોમાં આપણો મધ્યમ વર્ગ મૂંઝાતો આવે છે. એટલે યુગપ્રવાહને ઓળખી આપણે ઉદ્યોગ, રાજકારણ અને વિજ્ઞાનના અભ્યાસ તરફ વળ્યા વિના છૂટકો જ નથી. અને આ રીતે આપણો વિદ્યાર્થી વર્ગ તે તરફ ઢળી રહ્યો છે એટલે તેની સુખ-સગવડ માટે વિદ્યાર્થીગૃહો-વિદ્યાલયો વધારવા પડશે, મધ્યમ વર્ગને અભ્યાસની આર્થિક સગવડ પણ આપવી પડશે. આ દિશામાં યોગ્ય દાન-પ્રવાહ વહેતો થયો છે પરંતુ હજુ તે વધુ વેગ માગી રહ્યો છે.

આ માટે ભાવનગરનો જ દાખલો લઇએ. અત્રે જુદી જુદી કોલેજો વધી તેમ જૈન બોર્ડીંગમાં વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધતી આવી. ચાલીશ-પચાસ વિદ્યાર્થીઓની સગવડ ધરાવતી સંસ્થાને સો-સવાસો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિદ્યાર્થીઓની સગવડ કરવાની ચિન્તા વધી, તે માટે વિશાળ મકાન અને મોટા નિભાવફંડની અનિવાર્ય અગત્ય ઊભી જ થઇ, સદ્‌ભાગ્યે આ મૂંઝવણનો થોડો ઉકેલ સ્વ. વોરા હઠીચંદ ઝવેરચંદના વિધવા બેન હેમીબેને પોતાનું પચીશ હજારનું મકાન બોર્ડીંગને અર્પણ કરીને કર્યો, પણ હજુ નિભાવની ચિન્તા તો ઊભી જ છે. આવી સ્થિતિ ભાવનગરની જેમ ઘણા સ્થળોની છે અને તેનો ઉકેલ આપણા દાનવીરોએ લાવવો જ પડશે.

**આપણી વિશાળ દ્રષ્ટિ—**

માત્ર જૈનો જ નહિ પરંતુ સાર્વજનિક ક્ષેત્રમાં દાન આપવાની આપણી વિશાળ દ્રષ્ટિ તો છે જ અને એ દ્રષ્ટિએ ભૂતકાળમાં ઘણા દાનો અપાયા છે. આ વરસનું આપણું વિશાળ દાનક્ષેત્ર આપણને ગૌરવ લેવરાવે તેવું વિસ્તર્યું છે. જામનગરખાતે દાનવીર શેઠ મેઘજી પેથરાજે જામનગરમાં મેડીકલ કોલેજ અને વઢવાણમાં કોલેજ માટે સત્તર લાખની સખાવત કરી અને પોતાની લાખોની મૂડી રાષ્ટ્રના ચરણે ધરી શિક્ષણ–પ્રચારના સાર્વજનિક ક્ષેત્રમાં તેઓ બહોળા હાથે ખરચી રહ્યા છે.

શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી પણ પોતાના જામનગરમાં રૂા. અઢી લાખની સખાવતથી સાયન્સ કોલેજ બંધાવે છે. ભાવનગરખાતે શેઠ ભોગીલાલ મગનલાલે પણ બે લાખ આર્ટ કોલેજ માટે આપ્યા છે. ગુજરાત વિદ્યાસભાને શેઠ કસ્તુરભાઇએ લગભગ એક લાખ આપ્યા છે. આમ આ વરસે સાર્વજનિક શિક્ષણ ક્ષેત્રમાં આપણો દાન–પ્રવાહ સારા પ્રમાણમાં વહેતો રહ્યો છે, જે અભિનંદનીય ગણાય.

**ધાર્મિક આંદોલન—**

ધાર્મિક આંદોલનનો વિચાર કરતાં સૌ પહેલાં રતલામનો દુઃખદ પ્રશ્ન આપણી સામે આવે છે. શિવલિંગ સ્થાપનનો તકરારી પ્રશ્ન ઊભો કરી ત્યાંના સનાતનીભાઇઓએ આપણા જિનપ્રાસાદના બારણા અગિઆર માસથી બંધ કરાવ્યા છે. આપણા જ પૂજારીએ આ વિટંબના ઊભી કરવામાં સામા પડીને સાથ આપ્યો છે. આજે તો આ પ્રશ્ન ન્યાયની અદાલતે છે એટલે આ સંબંધમાં વધુ ન કહી શકાય. સમગ્ર જૈન સમાજ આજે આ પ્રશ્ન તરફ ઘેરી ચિન્તાની દ્રષ્ટિએ જોઇ રહ્યો છે. તેનો સંતોષકારક ઉકેલ સત્વર આવે અને દર્શન–પૂજન માટે જિન–મંદિરના દ્વાર વહેલા ખુલ્લા થાએ એ જ આ તકે પ્રાર્થીએ.

રતલામ પ્રકરણમાંથી પૂજારી અંગેનો પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે. વૈષ્ણવ પૂજારીઓ રાખવાથી આજે જે પ્રશ્ન રતલામમાં ઉપસ્થિત થયો છે તેવો પ્રશ્ન અન્ય સ્થળે નાના–મોટા સ્વરૂપે ઉપસ્થિત તો થયો જ છે. અને આવા બનાવો પછી આપણી સામે એક પ્રશ્ન એ પણ આવ્યો છે કે–" આપણે આપણા જ પૂજારી કેમ ન રાખી શકીએ ? ભારતભરમાં આપણા ત્રીશેક હજાર જિનમંદિરો છે. દરેક સ્થળે આપણા જ પૂજારીનો પ્રબંધ કરવામાં આવે તો કોઇ નવી દખલનો ભય ન રહે અને પૂજન–વ્યવસ્થા પણ સંતોષકારક થાય. શ્રી સંઘે આ પ્રશ્ન ગંભીરપણે વિચારવાનો અને તેનો વ્યવહારુ માર્ગ સત્વર કાઢવાનો રહે છે.

આમ તો ધાર્મિક આંદોલનના ઘણા પ્રસંગો બની ગયા તે તમામની નોંધ તો વધુ વિસ્તાર માગી લ્યે છે. તેટલો અત્રે અવકાશ નથી. માત્ર મહત્વના પ્રશ્નોનો ટૂંકો નિર્દેશ કરી અત્યારે સંતોષ માનીએ.

શત્રુંજય તીર્થ પર હરિજનોને દર્શન માટે પ્રવેશ કરવા દેવાનો પ્રશ્ન શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી સામે ઉપસ્થિત થયો, અને પેઢીએ તેનો ઉકેલ હરિજનોને પ્રવેશ કરવા માટેની છૂટ આપીને કર્યો. પેઢીનો આ નિર્ણય દીર્ઘ વિચારણા અને યુગબળ માપીને કરવામાં આવ્યો હોય તેમ દેખાય છે. તેના આઘાત–પ્રત્યાઘાતો પડ્યા છે. એમ છતાં પેઢીના આ પગલાને મોટા ભાગે આવકાર મળ્યો છે અને રાજકીય ક્ષેત્રે તેની સુંદર છાપ પડી છે તે ચોક્કસ છે.

'સાધારણ ખાતા' નો પ્રશ્ન હંમેશા સ્થળે સ્થળના સંઘને મોટા ભાગે મુંઝવતો આવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણ સામાન્ય રીતે સાધારણ ખાતું હંમેશા મોટી ખાદમાં ચાલે છે અને તે ખાડો પૂરાતો નથી. કેટલાક સ્થળોએ સ્થિતિ–સંપન્ન ગૃહસ્થોએ જુદો ફાળો કરીને આ ખાડો પૂરવા પ્રયાસ કર્યો છે. કલકત્તા, ઉંઝા વગેરે સ્થળે આમ બન્યું છે, પરંતુ "આભને થીગડા મારવા" જેવો આ પ્રયોગ છે. તેનો વાસ્તવિક ઉકેલ જુદી જુદી રીતે આજે વિચારણામાં છે. તે અંગે કેટલાક પ્રયોગો પણ થયા છે પરંતુ તેનો સંતોષકારક ઉકેલ હજુ લેવાયો નથી. પાટણખાતે પંચાસરા પાર્શ્વનાથ જિનાલયના પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પણ સાધારણ ખાતાનો પ્રશ્ન વિચારવામાં આવ્યો હતો. અને જિનપ્રતિમાને અંગે બોલાતી બોલી સિવાયની બોલીની આવક સાધારણ ખાતામાં લઈ જવાનો નવો પ્રબંધ યોજવામાં આવ્યો હતો. સાધારણ ખાતામાં પડતા ખાડાને પૂરવા માટે આ એક પ્રયોગ હતો. આ પ્રશ્નના ઉકેલની મૂંઝવણ વધી છે તેમ તે અંગેનું મંથન પણ જુદી જુદી રીતે થઈ રહ્યું છે. તેમાંથી જ યોગ્ય માર્ગ નીકળી રહેશે એમ લાગે છે.

બાળ–દીક્ષા સાથે પ્રતિબંધ મૂકતું એક બીલ મુંબઈની ધારાસભામાં અમદાવાદના વૈષ્ણવ ધારાશાસ્ત્રી શ્રી પ્રભુદાસ પટવારીએ રજૂ કર્યું છે. આ બીલમાં બાળ–દીક્ષા સામે અટકાયત મૂકવાની અને આવી દીક્ષામાં ભાગ લેનારને યોગ્ય નસીયત કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આજે આ બીલ ધારાસભાની એરણ ઉપર ચર્ચાઈ રહ્યું છે. શ્રદ્ધાળુ–વર્ગે આ બીલ સામે પોતાના વિરોધનો સૂર વ્યક્ત કર્યો છે. અને બીલને અટકાવવાના યોગ્ય પ્રયાસો થઈ રહ્યા છે.

વિશ્વવનસ્પત્યાહાર કોંગ્રેસનું એક અધિવેશન ગત ઓગષ્ટ માસમાં પેરીસખાતે મળી ગયું. જીવદયા–મંડળીના મંત્રી શ્રી જયન્તીલાલ માન્કરને આમંત્રણ મળતા તેઓ ત્યાં ભારતના પ્રતિનિધિ તરીકે ત્યાં ગયા હતા અને યોગ્ય પ્રવચનો દ્વારા "વનસ્પત્યાહાર અને અહિંસા"નું દ્રષ્ટિબિન્દુ સુંદર રીતે રજૂ કર્યું હતું.

ભગવાન મહાવીરની જયન્તીનો ઉત્સવ વ્યાપક રીતે ઉજવવાની પ્રથા દિનભર દિન વિકાસ પામતી આવે છે. ગયા વરસે પં. જવાહરલાલના પ્રમુખસ્થાને દીલ્હીમાં ભગવાન મહાવીરની જયન્તી ઉજવવામાં આવેલ. વૈશાલી, મુંબઈ, કલકત્તા અને એવા ઘણા સ્થળોએ પણ આવો જ વ્યાપક કાર્યક્રમ યોજવામાં આવેલ. આ રીતે ભગવાન મહાવીર અને તેમના જીવનસંદેશનું જ્ઞાન વિસ્તાર લેતું આવે છે.

જૈન સાહિત્યના પ્રચાર અને જૈન–દર્શનના અભ્યાસની રસ જાગૃત કરવા માટે સાહિત્યસંશોધક વિદ્વદ્ મુનિવર્ય શ્રી જંબૂવિજયજી મહારાજ આદિ વિદેશના જ્ઞાનપિપાસુઓ સાથે પોતાનો પત્રવ્યવહાર જાળવી રહ્યા છે અને એ રીતે વિદેશમાં જૈન-દર્શનના અભ્યાસ માટેનો રસ કેળવી રહ્યા છે. પરિણામે જાપાન આદિથી કેટલાક વિદ્વાનો જૈન-ધર્મના અભ્યાસ માટે હિન્દમાં આવ્યા છે. જાપાનની ટોહુકુ યુનિવર્સિટિના પ્રો. હેમો કાન્તકુરાએ જૈન વ્યાકરણ, ઈતિહાસ, તર્કશાસ્ત્ર અને જૈનધર્મ માટેના અભ્યાસના સાહિત્યની માગણી કરી છે અને તેમને યોગ્ય સાહિત્ય મોકલાઈ રહ્યું છે.

આચાર્ય શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજે એક સો વરસ પૂરા કરી એક સો એકમા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ૭૭ વરસનો લાંબો તેજસ્વી દીક્ષાપર્યાય, ચારિત્ર અને જ્ઞાનદ્વારા ધર્મની આરાધના અને આજે પણ વરસીતપની તપશ્ચર્યા ચાલુ છે–આ તેઓશ્રીના જીવનની અપૂર્વ સિદ્ધિઓ છે. તેઓશ્રીના ચરમચક્ષુ ગયા છે પરંતુ અંતરના જ્ઞાનતેજથી આજે પોતાના આત્માને અજવાળી રહ્યા છે અને જીવનને ધન્ય બનાવી રહ્યા છે.

## વિલુપ્ત વિભૂતિઓ

ગતવરસે આપણે ઘણા તેજસ્વી પુરુષોની ખોટ પડી.

વરસના આરંભમાં જ આ સભાને જન્મકાળથી જ પોતાની માની તેના સાહિત્ય–પ્રકાશન આદિ વિકાસ કાર્યમાં અપૂર્વ ફાળો આપનાર યુગવીર આચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની આપણને ખોટ પડી, અને વરસના અંત ભાગમાં આ સભાના માનનીય મંત્રી શ્રીયુત વલ્લભદાસ ત્રિભુવનદાસની આપણને ખોટ પડી. શ્રી વલ્લભદાસભાઈને મન પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સભા પ્રાણુ જ સમાન હતી. સભાના એ આત્મા હતા, સભા માટે પોતે અમૂલ્ય અને ખૂબ સેવા આપી. આમ સભાના ઇતિહાસમાં એ **વલ્લભની** ખોટ પડી જે ન પૂરી શકાય તેવી ગણાય.

આ સિવાય આચાર્ય વિજયકલ્યાણસૂરીશ્વરજી, શાસનદીપક મુનિશ્રી વિદ્યાવિજયજી મહારાજ, સભાના પેટ્રન શ્રી ભગુભાઈ ચુનીલાલ સુતરીયા, શેઠ બકુભાઇ, ગુરુકુળના પ્રમુખ શેઠ મોહોલાલ, શ્રદ્ધેય પુરુષ શેઠ પોપટલાલ ધારશીભાઇ, ઉદાર દીલ શ્રી સંતોકબ્હેન ભાવસાર, પાલીતાણાના નગરશેઠ વનમાળીદાસ, એજ્યુ૦ બોર્ડના મંત્રી શ્રી સૌભાગ્યચંદ દોશી આદિની પડેલ ખોટ આપણે ભૂલી શકીએ તેમ નથી. એ સર્વના આત્માની શાન્તિ ઇચ્છી તેમના અધૂરા કાર્યો ઝીલવાની આપણે શક્તિ પ્રાપ્ત કરીએ એ જ મહેચ્છા.

**સભા અંગે થોડુંક—**

સભાની સાહિત્ય વિષયક પ્રવૃત્તિને અંગે થોડો નિર્દેશ ઉપર કરવામાં આવ્યો છે.

સભાની ચાલુ પ્રવૃત્તિમાં આ વરસે સભાનું બંધારણ નવેસરથી વિચારી ઘડવામાં આવ્યું અને તે રજીસ્ટર કરાવવામાં આવ્યું છે. પરમકૃપાળુ ગુરુદેવની કૃપાથી આ સભા ૫૮ વર્ષ વીતાવી ૫૯ મા વરસમાં પ્રવેશી ચૂકી છે. એટલે તેનો સુવર્ણમહોત્સવ ઉજવી પ્રગતિની વિચારણા કરવાની રહે છે. તે માટે અવારનવાર સ્ફુરણાઓ થઇ છે. પરંતુ હજુ તે અમલમાં મુકી શકાણી નથી.

સભાને પોતાની ગણી સાથ આપનાર પેટ્રનો, આજીવન સભ્યો અને વાર્ષિક સભાસદોનો સમૂહ સમયના પ્રમાણમાં યોગ્ય વૃદ્ધિ પામતો આવેલ છે. સં. ૨૦૧૦ ની આખરે ૬૬ પેટ્રનો. ૫૫૦ પ્રથમ વર્ગના આજીવન સભ્યો. ૧૦૭ બીજા વર્ગના આજીવન સભ્યો, ૬ ત્રીજા વર્ગના આજીવન સભ્યો અને ૧૩ વાર્ષિક સભાસદો મળી કુલ ૭૪૨ સભાસદો જેટલો મોટો સમૂહ સભા ધરાવે છે. તેમાંના કેટલાક મુંબઇ, કલકત્તા, મદ્રાસ, બેંગલોર, દીલ્હી, અમદાવાદ, આગ્રા, કાનપુર આદિ જુદા જુદા સ્થળોના આગેવાન પ્રતિષ્ઠિત ગૃહસ્થો પણ છે આ રીતે સમગ્ર ભારતવર્ષનો ગૌરવભર્યો સહકાર છે.

અનેકના સહકારથી જ હંમેશા આ સંસ્થા પોતાનો વિકાસ સાધતી આવેલ છે. તે સૌનો પૃથક્ પૃથક્ આ તકે આભાર માનવાની લાંબી નામાવળી રજૂ કરવાનો અત્રે અવકાશ નથી એમ છતાં સભાની ગૌરવભરી સંસ્કૃત અને ગુજરાતી સાહિત્ય વિષયક પ્રકાશન પ્રવૃત્તિમાં આગમપ્રભાકર મુનિવર્ય શ્રી **પુણ્યવિજયજી** મહારાજ અને વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી **જંબૂવિજયજી** મહારાજનો સભાપરત્વેનો મમતાભર્યો સદ્ભાવ અમો ભૂલી શકતા નથી. સાહિત્યસંશોધનના નિજ કાર્યમાં સદા મસ્ત રહી જ્યારે તેઓશ્રી અભ્યાસપૂર્ણ સાહિત્યનું તુલનાત્મક ઊંડું સંશોધન કરી રહ્યા હોય છે ત્યારે શ્રદ્ધા અને ભક્તિથી તેઓશ્રીના ચરણમાં આપણું મસ્તક ઢળ્યા વિના રહી શકતું નથી. અનેક વખત વિનવવા છતાં અને છેલ્લા છેલ્લા પાટણમાં પ્રતિષ્ઠામહોત્સવ પ્રસંગે સંઘનો અત્યંત આગ્રહ હોવા છતાં આચાર્યપદવીનો વિનમ્રભાવે અસ્વીકાર કરવામાં પૂજ્ય મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજની માનથી પર રહેવાની જે નિર્મોહ દૃષ્ટિ છે તે પણ જરૂર નોંધપાત્ર છે.

આ છે સભાનો કાર્યપ્રદેશ. તેની આકાંક્ષાઓ તો ઘણી છે, પરંતુ તેને પહોંચી વળવા તે શક્તિમાન થઈ શકેલ નથી. સમય અને સંયોગોની અપેક્ષાએ સભાનું સાહિત્ય પ્રકાશન જરા મંદ પણ પડયું છે. જે મનોરથો તેના દીલમાં રમી રહ્યા છે, તેને મૂર્ત સ્વરૂપ આપવાનું બળ પરમકૃપાળુ પરમાત્મા આપણને આપો એ જ મહેચ્છા.

ગત વરસનું આ આછું સિંહાવલોકન છે. આઘાત અને પ્રત્યાઘાતના પડઘા તેમાં પડ્યા છે. કર્તવ્યભાવનાનો તેમાં નાદ ગુંજે છે. ભગવાન મહાવીરે પ્રરૂપેલ અપ્રમત્ત ભાવે આપણે નવા વરસમાં પ્રવેશ કરીએ અને ઇચ્છીએ કેઃ—

**“ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઇ જા”**

સં. ૨૦૧૧ પ્ર. ભાદ્રપદ શુ. ૧

**હરિલાલ દેવચંદ શેઠ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મમસ્ત શ્રી આનંદઘનજીની અમર સંતવાણી*

[ લેખકઃ—પ્રોફેસર જયંતીલાલ ભાઇશંકર દવે. એમ. એ. ]

જૈન ધર્મ અને જૈન દાર્શનિક સાહિત્ય ઘણું જ પ્રાચીન છે પરંતુ તેનો પરિચય પશ્ચિમના વિદ્વાનોને ઘણો જ મોડો થયો છે. છેલ્લા શતકમાં જ્યારે પૂર્વના ધર્મો અને પૌર્વાત્ય વિદ્યાઓનો અભ્યાસ મેકસમૂલર આદિ પશ્ચિમના પંડિતોએ કરવા માંડ્યો ત્યારે પશ્ચિમને ખબર પડી કે પૂર્વનું દાર્શનિક સાહિત્ય કેટલું ઉદાત્ત છે, પ્રૌઢ છે, નિત્યજીવી છે. તેઓની દૃષ્ટિમર્યાદા પહેલાં બાઇબલ સુધી મર્યાદિત હતી. પૂર્વના સંપર્કમાં આવ્યા પછી તેમને લાગ્યું કે કદાચ બાઇબલને પણ આર્યાવર્તના આદિ ધર્મોએ ખૂબ અસર કરી હોય! ડૉ. પૉલકેરસે તો તેના Gospel of Buddha માં પુસ્તકના અંતે બૌદ્ધગ્રંથોમાંથી અવતરણો આપીને બાઇબલના સુવાકયો સાથે સરખામણીમાં મૂકયાં છે. જૈન અને બૌદ્ધ સાધુઓ ભૂમધ્ય સમુદ્ર સુધી પહોંચી ગયા હતા એ તો ઐતિહાસિક હકીકત છે. હિંદુસ્થાન અને એશિયા જગતના તમામ ધર્મોનું ઉદ્‌ભવ સ્થાન છે એ વાત પણ બધાને કબૂલ છે, માત્ર એટલું જ કે હિંદુસ્થાનમાં જૈન, બૌદ્ધ, વૈદિક આદિ ધર્મો ઉદ્‌ભવ્યા તેમાં અધ્યાત્મ પર જેટલો ભાર દેવાયો છે તેટલો ભાર બીજા ધર્મોમાં દેવાયો હોય તેવી પ્રતીતિ થતી નથી. શુદ્ધ આત્માનુભાવ અને શુદ્ધ આત્મજ્ઞાનના પાયા ઉપર આપણી સંસ્કૃતિની ઇમારત ઊભી કરાયેલી છે.

દાર્શનિક સાહિત્ય મોટેભાગે વિદ્‌દ્‌ભોગ્ય હોય છે. આમપ્રજા અને જનતા એમાં ઘણુંખરૂં ઓછો રસ લે છે. આમજનતાને તો સીધી, સરલ અને હૃદયંગમ રીતે રચાયેલાં કે ગવાયેલાં ભજનો કે સ્તોત્રો હોય તો તે વધારે પસંદ પડે છે. મહાત્મા ગાંધીજીએ પ્રબુદ્ધ જૈન (૧-૧૧-૪૧-પૃ. ૧૨૪)માં મીરાંના ભજનો માટે લખ્યું છે કે "મીરાંના ઉદ્‌ગારમાં કૃત્રિમતાનું નામ સુદ્ધાં નથી. મીરાં ગીત ગાઇ ગઇ છે તે તેનાથી ગાયા વિના રહેવાયું નહિ માટે. તે સીધું હૃદયમાંથી નીકળ્યું છે—કુદરતી ઝરણાંની પેઠે. કેમ જાણે ફૂટી નીકળ્યું ન હોય? યશનો મોહ અથવા લોકોની વાહવાહ મેળવવાનો કાંઇ એ પદનો હેતુ થોડો જ હતો?" આ ખરી વાત છે. કેવળ લોકપ્રશંસા ખાતર લખાયેલ સાહિત્ય, સાહિત્ય નથી પણ ચારણો અને બારોટોની ભાટાઇ છે. આવા સાહિત્યની અસર ક્ષણજીવી છે. સાચું સાહિત્ય આવી ભાટાઇથી મુક્ત છે. તેથી જ તેની અપીલ કોઇ દિવસ વાસી થતી નથી.

મીરાંના પદો સંબંધે ગાંધીજીએ જે અભિપ્રાય આપ્યો છે તે તમામ સંતવાણીને લાગુ પડે છે. કબીરનાં પદો, નરસિંહ મહેતાનાં ભજનો, ભોજા ભગતના ચાબખા, ધીરાનાં પદો, સંત તુકારામની ગાથાઓ, દાદૂ અને સંત રજ્જબની વાણી, ગુરુ નાનક અને શીખ સંતોનાં વચનામૃતો, બૌદ્ધ ભિક્ષુઓ અને ભિક્ષુણીઓનાં થેરા ગાથા અને થેરી ગાથાઓ અને છેલ્લે જૈન કવિઓની ધાર્મિક કવિતાઓ એ સર્વ તરફ તમે દૃષ્ટિપાત કરો. આ બધામાં તમને બહુ જ સામ્ય દેખાશે. સંતોના આધ્યાત્મિક અનુભવો એકસરખા એકરૂપ લાગશે. અહિં સ્થળ, કાળ, દેશ, યુગ વગેરેના ભેદો નડતા નથી. બધાય સંતો એકી અવાજે પુકારે છે કે—આત્મા એ જ આપણો ઉત્તમોત્તમ અને શાશ્વત આરામ છે, એ જ આપણું પરમ ધન છે.

"શ્રી આનંદઘન પદ-સંગ્રહ" એ નામનું પુસ્તક હમણાં જ શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ—મુંબઇ, તરફથી બહાર પડયું છે. આ પદ સંગ્રહનો આમુખ શ્રી ફતેચંદભાઈ ઝવેરભાઇએ લખ્યો છે. શ્રી ફતેચંદભાઇનું વાંચન, મનન અને તત્ત્વચિંતન ઘણું જ ઊંડું અને ગંભીર છે. શ્રી આનંદઘનજીના પદોનો

*શ્રી આનંદઘન પદ સંગ્રહ. રચયિતા આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી, પ્રકાશકઃ શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ, c/o શેઠ મંગળદાસ લ. ઘડિયાળી, ૩૪૭ કાલબાદેવી રોડ, મુંબઇ (૨) કિં રૂા. ૧૨-૮-૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવાર્થ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીએ કર્યો છે એ સોનાની સાથે સુગંધનો યોગ થયો છે. શ્રી ફતેચંદભાઇના જ શબ્દોમાં કહીએ તો, "જેવા શ્રી આનંદઘનજી યોગિવર હતા તેવા તેમના પદો ઉપરે ભાવાર્થ લખનાર સ્વ૦ બુદ્ધિસાગરસૂરિ આર્ષદ્રષ્ટા યોગી હતા. આ બન્ને યોગિવરોનું **વાચિક અને લેખિત મધુર મિલન** થયેલું છે. આવા ગંભીર અને તાત્ત્વિક મીમાંસાવાળા પદોના ભાવાર્થોના સંબંધમાં વિવેચન કરી, યોગસાધના વગરની વ્યક્તિઓ વાસ્તવિક રીતે સમજીને શી રીતે ન્યાય આપી શકે? આ પદોના ભાવાર્થો કેવળ બૌદ્ધિક વિદ્વત્તાપૂર્ણ દૃષ્ટિથી સમજાય જાય તેમ હોઇ શકે જ નહિ. જેવો અંતરનાદ શ્રી આનંદઘનજીએ જગત્ પ્રવાહમાં વહેવરાવ્યો છે તે અંતરનાદ ઝીલનાર, તે ઝરણાંઓને નદીનું સ્વરૂપ આપનાર સ્વ૦ યોગીવર શ્રી બુદ્ધિસાગરસૂરિને ભાવ વંદના સાથે જેટલું મહત્ત્વ આપીએ તેટલું ઓછું છે." આ સંગ્રહના પદોમાં કોઈ વિરલ અપૂર્વતા જોવામાં આવે છે. પ્રાસાદિક સંતવાણીમાં અનેક આધ્યાત્મિક પ્રશ્નો અને ગૂંચોનો ઉકેલ કરાયેલો જોવામાં આવે છે. અંગ્રેજીમાં જેને "મીસ્ટીસીઝમ" કહે છે તેને આપણે અધ્યાત્મ કહીએ છીએ અને જે માણસ આત્મપરાયણ, આત્મ-મસ્ત હોય તેને આપણે અધ્યાત્મી કહીએ. અંગ્રેજીમાં તેને 'મીસ્ટીક' કહે છે. ખ્રિસ્તી ધર્મમાં આવા ઘણાય મીસ્ટીક થઇ ગયા છે. મુસલમાનમાં જે સુફીઓ હોય તે પણ મીસ્ટીક હોય છે. આપણે આવા લોકોને આત્મમસ્ત કહીએ, અવધૂત કહીએ, અધ્યાત્મી કહીએ, આત્મ-રહસ્યજ્ઞ કહીએ. ખરી રીતે તો અધ્યાત્મ જ સર્વ વિદ્યાઓનો, સર્વ શાસ્ત્રોનો ચૂડામણિ છે. તેને જ વેદાંત પરાવિદ્યા કહે છે. જે જાણ્યા પછી બીજું કાંઇ જાણવાની જરૂર રહેતી નથી એવું જે તત્ત્વ છે તે આત્મા છે.

કવિ કાલીદાસને રઘુકુલ વિશે લખતાં જે સંકોચ થયો હતો તેવી જ મૂંઝવણ આનંદઘનજી વિશે લખતાં કોઈ પણ લેખકને થયા વગર રહે નહિં. કાલીદાસ કહે છે કે ક્યાં રઘુકુલ અને ક્યાં મારી અલ્પમતિ! એક મોટા સમુદ્રને હું એક ક્ષુદ્ર લાકડાના પાટીઆવડે તરી જવા હું ધૃષ્ટતા કરું છું!

આનંદઘનજીના પદો વિશે એક જૈન કવિને પણ આવી જ મૂંઝવણ થઈ છે. તે કહે છે કે:—

**"આશય આનંદઘનતણો, અતિ ગંભીર ઉદાર,**
**બાલક બાંહ પસાર જિમ, કહે ઉદધિ-વિસ્તાર;**
**તેમ મનોરથ મુઝ મને, પિણ બુદ્ધિવિણ કિમ થાય?**
**ગુરુ કિરપાથી ગહન નગ, પંગુર પાર લંઘાય."**

ક્યાં આનંદઘનજી સમર્થ યોગીપ્રવર અને ક્યાં હું અલ્પજ્ઞાની! આવી મૂંઝવણ મને પણ થયા વગર રહેતી નથી. છતાં હું તેમના પદોની સમીક્ષા કરવા પ્રેરાયો છું તે એટલા માટે કે વાંચતાં વાંચતાં મને પણ સાચો આત્મબોધ મળે! સતત આત્મજાગૃતિ અને શુદ્ધતમ આત્મામાં વિહરવું આ બે વૃત્તિઓ ખાસ કરીને તેમના પદોમાં જોવામાં આવે છે. સૌથી પહેલું જ પદ આપણે લઇએ:—

**पद १.**

**कया सौवे उठ जाग बाउरे,**
**अंजलि जल ज्युं आयु घटत है**
**देत पहोरियां घरिय घाउ रे. ॥ १ ॥**

**इन्द्र चन्द्र नागेन्द्र मुनीन्द्र चले,**
**कोण राजापति साह राउ रे,**
**भमत भमत भवजलधि पायके,**
**भगवंत भजन विन भाउ नाउ रे ॥ २ ॥**

**कहां विलंब करे अब बाउरे,**
**तरी भवजलनिधि पार पाउ रे,**
**आनंदघन चेतनमय मूरति,**
**शुद्ध निरंजन देव ध्याउ रे. ॥ ३ ॥**

પદોની ભાષા હિંદુસ્તાની-મારવાડી મિશ્ર જેવી છે પણ અર્થ સમજવામાં મુશ્કેલી પડતી નથી. આ પદનો આ પ્રમાણે ભાવાર્થ છે:—હે ચેતનસ્વરૂપ જીવ! તું કેમ હજુ સુધી સૂઇ રહ્યો છે? મોહનિદ્રામાંથી ઉઠ! ખોબામાં ભરેલું પાણી જેમ ટપકી જાય છે તે પ્રમાણે આયુષ્ય પણ ખલાસ થઇ જાય છે. ગમે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવું વજ્રતમ શરીર પણ નાશ પામે છે. ઇન્દ્રાદિ દેવો, ચક્રવર્તી રાજાઓ પણ અંતે મરે છે. સંસારસમુદ્રમાં ભટકનાર એવા તને પ્રભુભજનરૂપી નૌકા મળી છે તો તેમાં કેમ બેસતો નથી ? હવે વિલંબ કર મા. ભવસમુદ્રને પાર તરી જા અને આત્માના શુદ્ધ નિરંજન દિવ્ય સ્વરૂપનું ધ્યાન કર.

સતત આત્મજાગૃતિનો જે ધ્વનિ ગૌતમ પ્રત્યેના મહાવીરસ્વામીના ઉપદેશમાં દેખાય છે તે જ ધ્વનિ આ પદમાં સ્પષ્ટ જણાય છે. ફરીથી જાણે "અપ્રમાદ-સૂત્ર"નું પારાયણ કરતા હોઇએ તેમ આપણને ઘડી ભર થાય છે. વીરવાણીનો જાણે પુનરવતાર !

**પદ ૭૮ માં** આનંદઘનજીનું નિરભિમાનપણું જણાઇ આવે છે. એક નિર્દોષ બાળક જેવી સરલતાથી અને નિષ્કપટભાવે તેઓ કહે છે કે—

"**जगत् गुरु मेरा**" જગત મારો ગુરુ છે અને હું જગતનો ચેલો છું. શ્રી દત્તાત્રેય વિશે એમ કહેવાય છે કે તેમણે ચોવીશ ગુરુ કર્યા હતા તો તેમાં આશ્ચર્ય નથી. જગતના તમામ જડ અને ચેતન પદાર્થોમાંથી એક સુંદર બોધપાઠ આપણને સતત મળ્યા જ કરે છે ! ફક્ત તે બોધપાઠ ગ્રહણ કરવા જેટલી તત્પરતા આપણી હોવી જોયએ. કવિ શેક્સપીયર કહે છે કે—

"Books in running brooks,
Sermons in stones
And good in everything"

અર્થાત્ ધસમસતાં ઝરણાંઓમાં શાસ્ત્રોનું જ્ઞાન ભર્યું છે. મૂક અને જડ પત્થરો પણ ઉપદેશ આપી રહ્યા છે, જગતના દરેક પદાર્થમાંથી કોઇ ને કોઇ ગુણ અને સાર ગ્રહણ કરવા જેવું તત્ત્વ છે. એ જ પદમાં શ્રી આનંદઘનજી આગળ વધીને કહે છે કે—સરવાળે આત્મા જ દરેકનો ગુરુ બની શકે છે. આત્મારૂપી ગુરુ મનરૂપી ચેલાની કુમતિ દૂર કરી ચેલાને શુદ્ધ કરે ત્યારે જ સાચો લાભ થાય છે.

**પદ ૭૭માં** ચિત્તની લયાવસ્થાનું સુંદર વર્ણન છે. સાચા સાધકે જગતના પદાર્થો પરથી ચિત્ત ઉઠાડી લઇને પારમાર્થિક તત્ત્વમાં જોડવું જોઇએ. તે તત્ત્વ આત્મા હોય, કોઇ ઉપાસ્યદેવ હોય, પરમાત્મા સ્વરૂપ પ્રભુ હોય. પદના શબ્દો છે **हमारी लय लागी प्रभुनाम ।** જગતના પદાર્થો ગમે તેટલા સુખદાયી હોય પરંતુ તે અનિત્ય હોવાથી કાયમી સુખ અને શાંતિ તેમાંથી મળતી નથી. ખરી શાંતિ આત્મલાભમાં છે.

જૈન તત્ત્વજ્ઞાનમાં આધ્યાત્મિક વિકાસની દૃષ્ટિએ જીવની ત્રણ ભૂમિકાઓનું વર્ણન આવે છે તે આ પ્રમાણે છે. જીવનનું સૌથી નિકૃષ્ટ સ્વરૂપ તે બહિરાત્મા. જીવ દેહને જ આત્મા માની બેઠો છે અને મિથ્યાત્વમાં પૂરેપૂરો ડૂબેલો છે. તેનાથી ઊંચી ભૂમિકા છે અંતરાત્માની. અંતરાત્માના પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ એવા ત્રણ અવાંતર ભેદો છે. તે અવાંતર ભેદોને જરા દૂર રાખીને મુખ્યત્વે અંતરાત્માનું લક્ષણ તપાસીએ તો મિથ્યાત્વ દૂર થતાં સમ્યગ્દૃષ્ટિ જ્યારે જીવ થાય છે ત્યારે તે અંતરાત્મા કહેવાય છે અને ત્રીજી અને સર્વોત્તમ અવસ્થા છે પરમાત્માની. અંતરાત્માનું શુદ્ધ સ્વરૂપ તે જ પરમાત્મા. હવે આ શુદ્ધાત્માની પ્રાપ્તિ કેમ થાય ? શુદ્ધાત્મપદની પ્રાપ્તિનો ઉપાય આનંદઘનજી **પદ ૮૦**માં બતાવે છે.

**चेतन ! शुद्धातमकुं ध्यावो ।**
**निज परचे सुख पावो ॥**

જગતમાં ધ્યાન એટલે ચિત્તની એકાગ્રતા સિવાય કોઇ સિદ્ધિ મળતી નથી માટે હે ચેતનસ્વરૂપ જીવ ! તું તારા પોતાના શુદ્ધાત્મસ્વરૂપનું ધ્યાન ધર. એમ કરતાં કર્માસ્રવની મલિનતા દૂર થશે. મલ દૂર થયે સ્વચ્છ દર્પણની પેઠે તું તારા આત્માનો સાક્ષાત્કાર કરી શકીશ.

**પદ ૬૭ અને પદ ૮૧** માં આપણે વેદાંતનો ધ્વનિ સાંભળતા હોઇએ એમ લાગે છે. જેમ વેદાંત પૂર્ણ આત્માને પરમાત્મસ્વરૂપ, પરમાત્મા જ માને છે તેમ જૈન દર્શનમાં પણ શુદ્ધતમ આત્મા પરમાત્મા જ ગણાય છે. ફેર એટલો જ કે વેદાંતમાં એવો પરમાત્મા એક જ અને અદ્વિતીય છે ત્યારે જૈન દર્શનમાં એવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમાત્માઓ અનંત હોઇ શકે છે. કોઇ એક પ્રચલિત ઉક્તિ એવી છે કે:—

**आतमा सो परमात्मा परमातम सो सिद्ध**
**बिचकी दुनीया मिट गई प्रगट भइ निज ऋद्ध।**

આનંદઘનજી પદ ૮૧ માં કહે છે કે:—

**चेतन ऐसा ज्ञान विचारो,**
**सोऽहं, सोऽहं, सोऽहम्**

હે ચેતનસ્વરૂપ જીવ 'હું પરમાત્મા છું' એવું જ્ઞાન વારંવાર વિચાર. પરભાવનો ત્યાગ કરીશ તો પરમાત્મારૂપ સ્વ-ભાવ સહજ પ્રાપ્ત છે.

આનંદઘનજીનાં દરેક પદમાં ઉત્તમ અધ્યાત્મ એટલું તો ખીચોખીચ ભર્યું છે કે દરેક પદ ઉપર એક ગ્રંથ તૈયાર થાય. આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ દરેક પદ ઉપર સુંદર અને હૃદયંગમ વિવેચન કર્યું છે. શબ્દાર્થ ઉપરથી ભાવાર્થ અને આધ્યાત્મિક અર્થ પણ કેવી રીતે ગ્રહણ કરી શકાય તે પણ સમજાવ્યું છે. દરેક પદ ઉપર સમાલોચના કરવા બેસું તો લેખ પુસ્તકોનું સ્વરૂપ લે, છતાં એક પદનો છેવટે ઉલ્લેખ કર્યા વગર રહેવાતું નથી. એ પદ છે ૪૨ મું.

### પદ ૪૨

**अब हम अमर भये न मरेंगे,**
**या कारण मिथ्यात दीयो तज,**
**क्युं कर देह धरेंगे ? ॥ १ ॥**

આત્માનું સાચું સ્વરૂપ મેં જાણ્યું છે, તેથી હું અમર થઇ ગયો છું. હવે હું મરીશ નહિ. જન્મ મરણના વિષયચક્રમાં જીવ વારંવાર ફેરા ખાય છે તેનું જે મિથ્યાત્વ છે તે મેં તજી દીધું હોવાથી હવે મને શા માટે ફરી દેહપ્રાપ્તિ થાય?

**रागदोस जग बंध करत है, इनको नास करेंगें**
**मर्यो अनंत कालतें प्रानी सो हम काल हरेंगे ।२।**

જગતમાં જીવને બંધન કરનાર રાગ અને દ્વેષ છે. તેનો અમે નિર્મમત્વ અને સમતાવડે નાશ કરીશું. રાગ દ્વેષની જાળમાં ફસાઈ જીવ અનંત કાળથી દેહ ધારે છે અને મરે છે; ફરીથી પુનર્જન્મ અને ફરીથી મરણ પામે છે. આમ જીવ વારંવાર કાળનો કોળિઓ બને છે. પણ અમે આત્મારૂપી અવિનાશ અને દુર્ભેદ્ય કિલ્લાનો આશ્રય લીધો છે તેથી અમે કાળરૂપી શત્રુનો નાશ કરીશું. કાળ અમારો કોળીઓ કરે તે પહેલાં અમે કાળનો કોળીઓ કરીશું જ.

**देह विनाशी हुं अविनाशी, अपनी गति पकरेंगे,**
**नासीजासी हम थिरवासी, चोखे व्है निखरेंगे॥३॥**

દેહ પુદ્ગલોનો સમૂહ હોઇને નાશ પામે છે, હું ચેતન હોવાથી અવિનાશી છું. હું મારી આત્મસ્થિતિમાં જ વિહરીશ. કર્મપુદ્ગલો નાસી જશે અને હું શુદ્ધ સ્વરૂપે નિત્ય રહીશ.

**मर्यो अनंतवार बिन समज्यो,**
**अब सुखदुःख विसरेंगे;**
**आनंदघन निपट निकट अक्षर दो,**
**नही समर सो मरेंगे ॥ ४ ॥**

અનંતકાળ સુધી જન્મ મરણ થયા કરે તેનું કારણ શું? અજ્ઞાન. પોતાના સ્વરૂપને પ્રાણી સમજ્યો નથી માટે જ વારંવાર જન્મે છે અને મરે છે. આત્મા અત્યંત નિકટ છે. ધીરો ભગત કહે છે તેમ "પોતે પોતાની પાસ." છે છતાં તેનો સાક્ષાત્કાર થઇ શકતો નથી એ જ મોટું અજ્ઞાન. જે માણસ આ વસ્તુની સ્મૃતિ સતત નહિં રાખે તે વારંવાર મરશે. આનંદઘનજી કહે છે કે—અમને બે અક્ષરવાળા શબ્દ એટલે કે "હંસ" (**सोऽहं**) અર્થાત્ આત્માનું સતત સ્મરણ હોવાથી હવે અમે દુન્યવી જીવો મરે છે તેવી અમારી ગતિ નહિં થાય. અમે તો અમર થઇ ગયા સમજવા. અમે જ મોતનું મોત નીપજાવ્યું છે. અબ હમ અમર ભયે ન મરેંગે.

અધ્યાત્મીઓનાં શિરોમણિ જેવા, સુરીઓના પણ પીર જેવા, યોગીઓમાં **योगवित्तम** એવા આનંદઘનજીની સંતવાણી જે આ પદોમાં અક્ષર દેહે અવતરી છે તે અમર રહો! **आनंदघननामानमात्मज्योतिरुपास्महे ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્નેહી શ્રી વલ્લભદાસભાઈ

## ( અલ્પ પરિચય )

**जातस्य हि ध्रुवं मृत्युः**—એ આધ્યાત્મિક સૂક્ત પ્રમાણે શ્રી **વલ્લભદાસભાઇ**નું અઠોત્તેર વર્ષની ઉમ્મરે ગત શ્રાવણ વદી ૧ ના રોજ અવસાન થયું. સ્વાભાવિક રીતે ખાનપાન અને રહેણીકરણીના આ કૃત્રિમ જમાનામાં અઠોત્તેર વર્ષની ઉમ્મરે મૃત્યુ પામવું એ સદ્ભાગ્યનું ચિહ્ન ગણાય; પરંતુ ઉમ્મરની દૃષ્ટિએ નહિ પણ તેમણે લગભગ પંચાવન વર્ષ પર્યંત શ્રી **જૈન આત્માનંદ સભા–ભાવનગર**ની સાહિત્યસેવા તદ્રૂપ થઇને બજાવી એ તેમનાં પંચાવન વર્ષોનું આધ્યાત્મિક નકશાળું સરવૈયું છે. સ્થાનકવાસી કુટુંબમાં જન્મ્યા છતાં શેઠ શ્રી **આણંદજી પુરુષોત્તમ,** વકીલ શ્રી **મૂળચંદ નથુભાઇ,** શ્રી **ઝવેરભાઇ ભાઇચંદ** અને અન્ય સદ્ગૃહસ્થોના પરિચયથી એમની પ્રભુ–દર્શન-પૂજનમાં શ્રદ્ધા મજબૂત બની. જૈન આત્માનંદ સભામાં **શેઠ ગુલાબચંદ આણંદજી**ના સહયોગી થઈ દાખલ થયા; ત્યાર પછી અનેક સાધુ મહાત્માઓના સમાગમમાં આવ્યા, તેમજ મંત્રી બની સભાની તમામ વ્યવસ્થાની જવાબદારી લઈ અનેક ગ્રંથરત્નો સ્વ૦ પૂ૦ પ્રવર્તકજી શ્રી **કાંતિવિજયજી** મહારાજ, **પૂ૦ હંસવિજયજી મહારાજ,** પૂ૦ **વલ્લભવિજયજી મહારાજ,** પૂ૦ પં૦ શ્રી **ચતુરવિજયજી** મહારાજ, અને વિદ્યમાન પૂ૦ મુ૦ આગમપ્રભાકર શ્રી **પુણ્યવિજયજી** મહારાજની સાહિત્યપ્રકાશન માટે એકધારી ચાલી આવતી સહાયથી, અનેક ગ્રંથોનું પ્રકાશન કરવામાં તેઓ નિમિત્તભૂત બન્યા. સાધુ મહાત્માઓ ગ્રંથોનું શોધન કરે અને વલ્લભદાસભાઇ પ્રકાશન સંબંધી તમામ કાર્ય સભા તરફથી કરે. આ તો સંસ્કૃત પ્રાકૃત ગ્રંથોની વાત થઈ પણ પ્રાચીન ભંડારોમાંથી શ્રી આદીશ્વર ચરિત્ર, શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર, શ્રી શાંતિનાથ ચરિત્ર, શ્રી નેમનાથ ચરિત્ર, શ્રી પાર્શ્વનાથ ચરિત્ર અને શ્રી મહાવીરસ્વામી ચરિત્ર વિગેરે તીર્થંકરોના ચરિત્ર ગ્રંથોનાં ભાષાંતરો કરાવ્યાં, તેમજ સંઘપતિ ચરિત્ર વિગેરે અન્ય અનેક સંસ્કૃતમાંથી ગુજરાતી ભાષાંતરો કરાવ્યા છે; વસુદેવ હિંડી જેવા પ્રાચીન ગ્રંથોનાં ભાષાંતર કરાવ્યા તેમજ છેલ્લાં છેલ્લાં **બૃહત્કલ્પસૂત્ર**ના લગભગ ૭ ભાગો પૂ૦ મુ૦ શ્રી પુણ્યવિજયજી મહારાજના **સંશોધનપૂર્વક પ્રકાશિત** કર્યાં; આ રીતે તેમના હસ્તક ગ્રંથોના **પ્રકાશનની સંખ્યા** વિપુલ થઈ; અનેક ભાષાંતર ગ્રંથોની પ્રસ્તાવના પણ તેમણે લખી છે.

સ્વ૦ વકીલ શ્રી **મૂળચંદ નથુભાઈ** હસ્તક સ્વ૦ પૂ૦ આ૦ મ૦ શ્રી **વિજયાનંદસૂરિ**ના સં. ૧૯૫૨ જેઠ માસના સ્વર્ગવાસ દિને ભારતવર્ષમાં સાથી પ્રથમ **ભાવનગરમાં** શ્રી જૈન આત્માનંદ સભાની મંગલમય સ્થાપના થઇ. મુ. **જુઠાભાઈ** સાકરચંદ વહોરા, શ્રી **દામોદરદાસ** હરજીવન અને શેઠ **હરજીવનદાસ** દીપચંદ વિગેરે પણ શ્રી **વલ્લભદાસભાઇની સાથે** જ સભા સ્થાપનામાં સહાયક હતા. આ સ્થાપના એવા સુંદર સંયોગોમાં થઇ કે ગુરુકૃપાએ **દિવસાનુદિવસ** તેની ઉન્નતિ થતી રહી. સં. ૧૯૬૦માં શ્રી **મૂળચંદભાઈ** પ્લેગના વ્યાધિમાં અવસાન પામ્યા પછી આ સભાનું સુકાન સર્વાનુમતે શેઠશ્રી **ગુલાબચંદ આણંદજી** વિગેરેના સહાનુભૂતિપૂર્વક આત્મબળ અને દૃઢ નિશ્ચયથી તેમણે સ્વીકાર્યું. શેઠ **ગુલાબચંદભાઈ** પ્રમુખ બન્યા, પોતે મંત્રી બન્યા; અને લગભગ પચાસ વર્ષ પર્યંત તેમણે અવિરતપણે સાહિત્યસેવા બજાવી.

પાલીતાણા **જૈન ગુરુકુળની** સ્થાનિક કમીટીમાં તેઓ સેક્રેટરી તરીકે હતા–હું પણ તેમની સાથે હતો. જે મકાનો શરૂઆતમાં ગુરુકુળમાં બન્યા છે તે તેમની દેખરેખ નીચે બન્યા છે. દરેક અઠવાડિએ લગભગ ગુરુકુળમાં પાલીતાણે દેખરેખ માટે અમો સહુ જતા, પરંતુ તેઓ ઝીણામાં ઝીણી હકીકતનો, મકાનને અંગે તેમજ ત્યાંની તમામ વ્યવસ્થાને અંગે હિસાબ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માગતા અને અપ્રિયતા વહોરી લઇને પણ કાર્ય કર્યે જતા. જ્યારે જ્યારે સભા અથવા ગુરુકુળના કાર્યને અંગે બહારગામ જતા ત્યારે પોતાના જ ખરચે જતા; આ પ્રમાણિકપણું પોતાની સામાન્ય સ્થિતિ છતાં જીવન પર્યંત જાળવી રાખ્યું હતું; લગભગ પચીશ વર્ષ સેવા બજાવી હતી.

**अप्रियस्यापि पथ्यस्य वक्ता श्रोता च दुर्लभः**–એ સૂત્રને અનુસરીને ગમે તેવી મહાન્ વ્યક્તિ હોય તો પણ નીડરપણે તેમની અપ્રિયતા વહોરીને પણ તેમની ભૂલ માટે સાચું કહી દેતા અને એ રીતે સ્પષ્ટ વક્તા તરીકે તેઓ જીવન પર્યંત રહ્યા હતા. જૈન શ્વે૦ કોન્ફરન્સમાં તેમજ અનેક મેળાવડાઓમાં તેઓએ વક્તા તરીકે કાર્ય કર્યું હતું. આ રીતે તેઓ લેખક અને વક્તા તરીકે ઉભય શક્તિસંપન્ન હતા. એમનામાં મનુષ્યસ્વભાવ પારખવાની અદ્ભુત શક્તિ હતી.

અમારા સ્વ. પૂ૦ પિતાશ્રી **ઝવેરભાઇએ** આત્મપ્રબોધ ગ્રંથનું ભાષાંતર કરેલું તે છપાવવા માટે તેઓ મુંબઇથી બાબુશ્રી પ્રતાપચંદ ગુલાબચંદજી તરફથી આર્થિક સહાય લઇ આવ્યા. સં. ૧૯૬૭માં છપાવવું શરૂ કર્યું અને અમારા પૂ૦ પિતાશ્રીના અવસાન પછી તરતજ પ્રસ્તુત ગ્રંથ સભા તરફથી પ્રકાશિત થયો, જે હકીકત ઉપોદ્ઘાતમાં અમોએ તે વખતે દર્શાવેલી છે. અમારા પૂ૦ પિતાશ્રીના શ્રેયાર્થે કરેલા સં. ૧૯૬૮માં ભાવનગરમાં અષ્ટાહ્નિકા મહોત્સવ અને સંઘજમણ પ્રસંગે, સં. ૧૯૭૧ માં સ્વ. ઉપાધ્યાયજી શ્રી **વીરવિજયજી** મહારાજના આધિપત્ય નીચે શ્રી **સિદ્ધગિરિજી** પ્રતિ 'છ' 'રી' પાળતા સંઘના પ્રયાણ પ્રસંગે, સં. ૧૯૮૧ અમારા લઘુબંધુ **ચમનલાલના** લગ્ન વખતે અષ્ટાહ્નિકા મહોત્સવ અને શાંતિસ્નાત્ર પ્રસંગે તેમજ સં. ૧૯૯૨ માં ચિ. **હિમ્મતલાલના** લગ્ન વખતે અષ્ટાહ્નિકા મહોત્સવ અને શાંતિસ્નાત્ર પ્રસંગે–વિગેરે અનેક ધાર્મિક કાર્યોમાં અગ્રપદ લઇ તે તે કાર્યોને સુંદર રીતે પાર ઉતારી અમોને યશઃભાગી બનાવવાના નિમિત્તરૂપ બન્યા હતા. અમારા તો શું પણ અન્ય સંબંધીઓના વ્યાવહારિક અને ધાર્મિક પ્રસંગોમાં જ્યારે જ્યારે તેમને કાર્ય સુપ્રત થતું ત્યારે ત્યારે નિશ્ચયબળથી અને આવડતથી તે તે પ્રસંગો ઉકેલી આપવાની અદ્ભુત શક્તિ તેમનામાં હતી.

સં. ૧૯૫૮ માં **જૈનધર્મ પ્રબોધક સભાના** તેઓ સેક્રેટરી હતા ત્યારથી અમોને તેમનો પરિચય થયો અને પછી વધતો ચાલ્યો. ઉજમબાઇ કન્યાશાળા વિગેરે બીજી સંસ્થાઓના તેઓ સેક્રેટરી બન્યા હતા અને મ્યુનિસિપાલિટિના કમીશ્નર તરીકે પણ સેવા અર્પણ કરી હતી. આચારોપદેશ ગ્રંથનું ભાષાંતર તેમણે કર્યું હતું; સભાની વ્યવસ્થા બરાબર રાખવામાં પણ તેમનું નિશ્ચયબળ કાર્ય કરતું હતું. રિપોર્ટો દરવરસે નિયમિતરીતે બહાર પાડવા વિગેરે તો તેમને હસ્તામલકવત્ હતું. શેઠશ્રી **ગુલાબચંદ આણંદજી** કે જેઓ આ સભાના પ્રથમ પ્રમુખ તરીકે છે, તેમણે મુખ્યતાએ સભાની આર્થિક સ્થિતિ સદ્ધર કરવા તરફ અને સરવૈયાં તરફ લક્ષ્ય રાખ્યું, જ્યારે શ્રી **વલ્લભદાસભાઇએ** તદુપરાંત સાહિત્યપ્રકાશન તરફ એકાકાર બની સભાને આધ્યાત્મિક રીતે સમૃદ્ધ કરી, જેના પરિણામે સભા અત્યારે **ઇંગ્લાંડ, જાપાન અને અમેરિકા** સુધી સુવિખ્યાત થઇ છે; અનેક **પેટ્રનો** થઇ ચૂક્યા છે તેમજ અનેક **સીરીઝોની** જવાબદારી પણ અત્યાર સુધીમાં સભાએ સ્વીકારી છે. **દ્વાદશારનયચક્ર** જેવા અઢાર હજાર શ્લોકનો ગ્રંથ, કે જે પૂ. મુ. શ્રી **જંબૂવિજયજી** મહારાજ ટીબેટન ભાષાનો અભ્યાસ કરી લગભગ દશ વર્ષ થયાં સંશોધન કરી રહ્યા છે, તેનો પ્રથમ ભાગ સભા તરફથી પ્રકાશન થવાની તૈયારી થઇ રહી છે, ત્યાં તો શ્રી વલ્લભદાસભાઇનું અવસાન થયું અને તે પ્રકાશન જોવાની તેમની ઇચ્છા અધૂરી રહી.

તેઓ વીમાનો ધંધો અનેક વર્ષો થયાં કરતા હતા, પરંતુ તેમના પ્રમાણિકપણા ઉપર કંપનીને સંપૂર્ણ વિશ્વાસ હતો એટલે આગ સંબંધી વીમાનો કલેઇમ ચુકવવા પ્રસંગે કંપની તરતજ તેમનું લખાણ માન્ય કરતી. હજી પણ કંપનીના એજંટો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીયુત ચંદુલાલભાઇ ટી. શાહ અને શ્રીયુત છોટાલાલભાઇ ભાઇચંદ અમૂલખ તેમના પ્રમાણિકપણા માટે ગૌરવ લે છે.

અશાડ વદ ૧૪ના રોજ મને તેમની નરમ તબિયત માટેનો મુંબઇ તાર આવ્યો અને હું ભાવનગર વદ ૦)) તેમને ત્યાં પહોંચ્યો ત્યારે પૂ૦ **ભુવનવિજયજી** મહારાજ કે જેઓ ભાવનગરમાં વડવામાં ચાતુર્માસ ગાળે છે તેઓશ્રી માંગલિક સંભળાવવા શ્રી વલ્લભદાસભાઇને ઘેર પધારેલા ત્યારે તેમણે કહ્યું કે '**વલ્લભદાસભાઇ !** તબિયત સારી કરવી હોય તો તમારો પલંગ સભામાં લઇ જાઓ ! તમોએ સાહિત્યના અનેક ગ્રંથો પ્રકાશિત કર્યા છે તે સભાની વચ્ચે તમે હશો તો ભૂતકાળમાં કરેલાં કાર્યો માટે પ્રશસ્ત આનંદ પ્રકટશે અને જ્ઞાનપ્રસિદ્ધિ માટે પૂર્વજીવન યાદ આવતાં હર્ષોલ્લાસ થશે, એટલે વ્યાધિ દૂર થઇ નીરોગી થઇ જશો ' આ શબ્દો તેમને માટે એક પૂજ્ય મુનિરાજને તેમણે કરેલી સતત કર્તવ્યપરાયણ સાહિત્યસેવા માટે, કેટલી લાગણી અને કદર છે, તે બતાવી આપે છે.

**શ્રી આત્માનંદ પ્રકાશ** તેમણે લગભગ પચાસ વર્ષ સુધી ચલાવ્યું છે, તેમાં કમીટી સહાયક હતી પરંતુ તેમના નિશ્ચયબળની મુખ્યતા હતી. હારમોનીઅમ ઉપર ગાવા સાથે વગાડવાની કળા તેમનામાં હતી. પ્રથમ વકીલ શ્રી **મૂળચંદભાઈ** પૂજા ભણાવતા અને ભાઇ **વલ્લભદાસભાઈ** હારમોનીઅમ ઉપર બેસતા. ત્યાર પછી ઘણા વર્ષો સુધી પોતે સંગીતના રાગરાગણીના જ્ઞાનપૂર્વક પૂજાઓ ભણાવતા. જ્યારે જ્યારે સ્વ૦ શ્રી **દામોદરભાઈ** પૂજા ભણાવતા ત્યારે પોતે હારમોનીઅમ ઉપર બેસતા. આ રીતે પૂજાઓ ઉપર તેમનો પ્રશસ્ત રાગ એમના આત્માનો ખાસ આનંદ હતો. **શ્રી આત્માનંદ પ્રકાશમાં** તેમણે કરેલી સાહિત્યસેવા માટે અનેક મુનિરાજોની પ્રશંસા છપાઇ ગયેલી છે.

નિશ્ચયબળ( Will power )વાળા મનુષ્યો, શું શું નથી કરી શકતા? દૃષ્ટાંત તરીકે ભાવનગરમાં વહોરા શ્રી **જુઠાભાઇ સાકરચંદભાઇએ** શ્રી **અમરચંદ જસરાજ** અને શ્રી **કુંવરજીભાઇ આણંદજી** પછી નિશ્ચયબળથી સંઘવ્યવસ્થા અખંડપણે જાળવી રાખી; મુંબઇમાં શેઠ **જીવતલાલ પ્રતાપસિંહ** શાસનસેવાના અનેક કાર્યો નિશ્ચયબળથી દીપાવતા રહ્યા છે; શેઠ **કસ્તુરભાઈ લાલભાઇએ** તીર્થરક્ષા અને સામાજિક ક્ષેત્રમાં અનેક કુનેહભર્યાં શુભ કાર્યો નિશ્ચયબળથી જ કર્યાં છે; આવાં અનેક દૃષ્ટાંતો જૈનસમાજમાં છે. શ્રી **વલ્લભદાસભાઈમાં** ખાસ કરીને અમુકઅંશે નિશ્ચયબળ હતું અને તે બળથી સભાએ પચાસ વર્ષમાં સુંદર પ્રગતિ કરી છે.

**પંજાબના** શ્રીસંઘે એમણે કરેલી સેવા બદલ '**આત્મવલ્લભ**'ના બિરુદ સાથે માનપત્ર આપ્યું હતું. સ્વ૦ પૂ૦ આ૦ મા. શ્રી **વિજયવલ્લભસૂરિ** તેમાં નિમિત્તભૂત હતા. બનારસના પંડિતશ્રીએ તેમને 'સાહિત્યભૂષણ'ની પદવી પણ સમર્પણ કરી હતી.

છેલ્લાં છેલ્લાં આ સભાના માનવંતા પેટ્રન શેઠશ્રી **ભોગીલાલભાઈ મગનલાલ** વિગેરેની આગેવાની નીચે એમની સેવાની અલ્પ કદરરૂપે સભાએ તેમનો ઓઇલ પેઇંટીંગ ફોટો મૂકવા અને તેમના નામની સીરીઝ શરૂ કરવા ઠરાવ કર્યો છે; જેમાં રૂ. ૫૦૦૦ સભા ઉમેરશે તેમ ઠરાવ્યું છે. આ હકીકતનું તેમને ઘેરે જઇ શ્રા૦ શુદ ૩ તેમના સમક્ષ નિવેદન કર્યું હતું. તેઓ પથારીવશ હતા. તેમણે બે હાથ જોડી તે માટે અનુમોદના કરી હતી. અમો પણ તે વખતે સાથે જ હતા.

મનુષ્ય અપૂર્ણ છે, સ્વભાવગત દોષો પણ તેનામાં હોઈ શકે; પરંતુ જે વ્યક્તિમાં ગુણોનો સરવાળો વધે એટલે કે ગુણોનો આવિર્ભાવ જગતની દૃષ્ટિએ વિશાળ પ્રમાણમાં દેખાય તે ગુણો અનુકરણીય બનતાં અભિનંદનીય, પ્રશંસાપાત્ર બની અને અન્યને બોધ લેવા લાયક બને છે; આર્થિક સામાન્યસ્થિતિ છતાં, સભાનો લાખ્ખોનો વહીવટ કરવા છતાં, પ્રમાણિકપણું જાળવી રાખી, સભાને ઉન્નતદશામાં મૂકવાના વિચારો કરી તેને અમલમાં મૂકવા એ તેમને માટે અસાધારણ કાર્ય હતું. મૃત્યુ તો આબાલવૃદ્ધ સહુને માટે નિશ્ચિત છે; પરંતુ જેઓ દર્શન, જ્ઞાન અને ચારિત્રનાં કાર્યોની ઉન્નતિ માટે જીવનમાં કાર્યો કરી જાય છે તેમનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુષ્યજન્મ સફળ થાય છે અને તેઓનું જીવન પોતાના તેમજ અન્યના આત્માઓ માટે હિતકર નીવડે છે. શ્રી **વલ્લભદાસભાઈ**એ પોતાનું ગૌરવભર્યું સાહિત્ય-જીવન જીવનવ્યવસાયનો મુખ્ય વિષય બનાવવા ઉપરાંત પોતાના શરીરની પણ દરકાર કર્યા સિવાય અન્યોપકારી અનેક કાર્યોમાં વ્યતીત કર્યું છે તે આપણુ સહુને બોધ લેવાલાયક છે. એટલું જ નહિ પરંતુ કમીટીએ હવે પછી સભામાં સાહિત્યકાર્યોની સુંદર પ્રગતિ કેમ થાય તે સંબંધી એકત્ર વિચારપૂર્વક નિર્ણય કરી અમલ કરવાનો છે. શ્રી ગુલાબચંદ શેઠે તો શ્રી **વલ્લભદાસભાઈ**ના અવસાનથી સભા અંગે પોતાના દરરોજના સલાહકાર કાર્યકરને ગુમાવ્યા છે, સભાને પણ ન પૂરાય તેવી ખોટ પડી છે. હવે તો **શેઠશ્રી ભોગીલાલભાઈ, શેઠશ્રી ખાન્તીલાલભાઈ, શેઠશ્રી ગુલાબચંદભાઈ,** પ્રો૦ સાહેબ શ્રી **ખીમચંદભાઇ, વિઠ્ઠલદાસભાઈ, જાદવજીભાઈ, ગુલાબચંદ લલ્લુભાઇ, ગુલાબચંદ દેવચંદ** અને ભાઈ **હરિલાલ દેવચંદ, રમણલાલ અમૃતલાલ** વિગેરે સાથે મળી સભાનું હવે પછીનું સાહિત્ય કાર્ય આગળ ધપાવે, એમ ઇચ્છીએ. શ્રી **વલ્લભદાસભાઇ**નો જો કે સ્થૂલદેહથી અભાવ થયો છે, પરંતુ સાહિત્ય-જીવનમાં તેઓ અમર છે. કવિ ભવભૂતિના શબ્દોમાં કહીએ કે **जयति तेऽधिकं जन्मना जगत्** અર્થાત્ તમારા સાહિત્યજીવનથી જૈન જગત્ જયવંત વર્તે છે એટલા ઉદ્ગારો સાથે એમના અલ્પપરિચયરૂપે એમને ભાવાંજલિ અર્પી સ્વ૦ કવિશ્રી **નરસિંહરાવના** જીવનની અમરતાનું કાવ્ય સાદર કરી શ્રી **વલ્લભદાસભાઇ**ના આત્માની શાંતિ ઇચ્છી વિરમીએ છીએ.

મૃત્યુ નવ પૂરું કરે,
જીવનું જીવન અહિં;
અધિક અધિક વિકાસની,
છે અન્યભૂમિ જવું તહિં.

—**સ્મરણસંહિતા**

મુંબઈ સં. ૨૦૧૧
પ્ર. ભાદ્રપદ શુક્લ
પંચમી, રવિવાર.

ફતેહચંદ ઝવેરભાઇ

---

## સ્વ૦ શ્રી વલ્લભદાસ ગાંધીને અંજલી

( હરિગીત )

**શ્રી** આત્માનંદ સભાતણા, એક આત્મા ચાલ્યા ગયા;
વલ્લભદાસ ભાઈ જતાં, સભામાં શોક વ્યાપીયા. ૧
**લક્ષ** સેવાનું ઝરણું, વહેતું સદાયે હ્રદયમાં;
**ભક્તિ** કરી બહુ જ્ઞાનની, સાહિત્યનાં ચોગાનમાં. ૨
**દાઝે** જિનશાસનતણી, એ ભાવનાશીલ દિલમાં;
**સ**રિતા વહી સભાથકી, એ આત્માનંદ પ્રકાશમાં. ૩
ત્રિપુટી 'ગુલાબ' 'ફતેહ', 'વલ્લભ' સભામાં શોભતા;
**ભૂમિ** ભાવનગર મહીં, સેવા સભામાં અર્પતા. ૪
**વહ્યા** ગયા વલ્લભભાઇ, સેવાથી જીવન શોભાવીયા;
**નરભવ**ને સાર્થક કર્યો, ગુરુકુળમાં સેવા અર્પીયા. ૫
**દાન**નાં ઝરણાં વહ્યા, વલ્લભભાઇની વાણીયે;
**સ**રિતા વહી સભા મહીં, સાહિત્યનાં આંગણીયે. ૬
**ગાંધી** વલ્લભભાઇનું, સ્મારક સભામાં થશે;
**ધી**માન 'અમર' અંજલી, જ્યાં હોય ત્યાં સ્વીકારશો. ૭

**અમરચંદ માવજી શાહ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્યોપાસક શ્રી વલ્લભદાસભાઇ

લેખક :—**શ્રી હરિલાલ દેવચંદ શેઠ**

**પોતાના** ગૌરવભર્યા સંસ્કૃત–ગુજરાતી પ્રકાશનો અને આછી–પાતળી સાહિત્યસેવાથી જૈન સમાજમાં આ સભાએ આજે જે યત્કિંચિત્ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે, અને દેશ-વિદેશના જૈન જૈનેતર વિદ્વાનોને સભાના કિંમતી પ્રકાશનો ભેટ આપી જૈન સાહિત્યમાં તેઓને રસ લેતા કર્યા છે, તે સભાના ભવ્ય ભૂતકાળના સંસ્મરણો જ્યારે અનુભવીઓ પાસેથી સાંભળવા મળે છે ત્યારે સભાના સર્જકોની સતત સેવા, અપૂર્વ ઉલ્લાસ અને સભાની પ્રગતિ માટેની ઉચ્ચ ભાવના માટે જરૂર આપણને માન ઉપજ્યા વિના રહેતું નથી.

ભૂતકાળ તરફ જરા દ્રષ્ટિ કરીએ તો ભાવનગરનું જાહેર–જીવન હંમેશા સંસ્કાર અને શિક્ષણપ્રેમથી મઘમઘતું દેખાશે. વીશ પચીશ વરસના યુવાનોમાં સમાજને માટે કંઇ ને કંઇ કરી છૂટવાનો તરવરાટ તેમના દિલમાં હંમેશા જાગતો જ હોય. તેઓ એકત્ર થાય, એકાદ સંસ્થાનું સ્થાપન કરે, ભાષણશ્રેણિઓ ગોઠવે, રાગરાગણીપૂર્વક રસમય પૂજાઓ ભણાવે, અને લોકકલ્યાણના કોઇ પણ સેવાકાર્યમાં ઝંપલાવે. પરિણામે આ સેવાના નિર્મળ ઝરણાંમાંથી જ ભાવનગરને જૈન સાહિત્ય સંસ્થાઓમાં ગૌરવભર્યું અગ્રસ્થાન ભોગવતી શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, શ્રી જૈન આત્માનંદ સભા અને એવી સંસ્થાઓ સાંપડી છે. એક સંસ્કારપ્રેમી ભાવનગર તરીકે તેની ખ્યાતિ વધી છે, આવી સંસ્કારવાંછું વિભૂતિઓ સમયે સમયે ભાવનગરને સાંપડી છે અને ભાવનગરના ગૌરવમાં તેઓએ ઉમેરો કર્યો છે.

આમ ભાવનગરના જાહેર–જીવનની રસછોળમાંથી જ આપણને સેવાભાવી શ્રી વલ્લભદાસભાઇ મળી આવેલ છે. આજથી સાઠ વરસ પૂર્વે શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીના સ્વર્ગગમનને અંતે શોક પ્રદર્શિત કરવા માટે વિદ્વાન્ વકીલ મૂળચંદ નથુભાઇને ત્યાં એક નાની–સરખી સભા એકત્ર થઇ ત્યારે તે જ સમયે શ્રી મૂળચંદભાઇની પ્રેરણાથી ૧૯૫૨ના જેઠ શુદ ૨ના રોજ શ્રી જૈન આત્માનંદ સભાનો જન્મ થયો. આમ જ્યારે એક બાજુ શ્રી મૂળચંદભાઇ ભાવનગરના જાહેર જીવનને સંસ્કાર રંગે રંગી રહ્યા હતા, ત્યારે બીજી બાજુ વીશ વીશ વરસના દસ-બાર યુવાનો "જૈન ધર્મપ્રબોધક સભા"નું સ્થાપન કરી જ્ઞાન અને ભક્તિની પરબ ચલાવી રહ્યા હતા. જ્ઞાન, ભક્તિ અને ઉચ્ચ વિચારબળ કેળવવા માટે દર રવિવારે તેઓ ભાષણશ્રેણિ ચલાવતા, ઠાઠમાઠથી સ્નાત્રપૂજા ભણાવતા, નાની સરખી પુસ્તિકા પ્રગટ કરતા, અને એ રીતે સંસ્થાની લોકપ્રિયતા પાંગરતી આવતી હતી ત્યારે આ સંસ્થાના પ્રમુખસ્થાને શરૂમાં શ્રી વલ્લભદાસભાઇ હતા. અને પોતાનો સેવાભાવ વિદ્વાન સહયોગીઓના સહકારથી કેળવી રહ્યા હતા. સમય જતાં આ સંસ્થાના પ્રમુખસ્થાને શેઠ ગુલાબચંદ આણંદજીને લાવવામાં આવ્યા અને પોતે ઉપપ્રમુખ બન્યા "શ્રી આત્માનંદ સભા" અને "જૈન ધર્મ પ્રબોધક સભા" એક બીજાના સહકારમાં જ ઉભી રહેતી, પરસ્પર એકવાક્યતા હતી, અને ધીમે ધીમે સેવાભાવી યુવાનોનું એ જૂથ શ્રી આત્માનંદ સભામાં જ ભળી ગયું. આજે વિપુલ સાહિત્ય પ્રકાશન અને ભવ્ય સાહિત્યમંદિરથી આત્માનંદ સભાની પ્રાણ-પ્રતિષ્ઠા વધવા પામી છે તેના મૂળમાં પચાસ વરસ પહેલાં સેવાભાવી યુવાનોનો ઉત્સાહ પડ્યો હતો.

શ્રી વલ્લભદાસભાઇ પોતે મૂળ સ્થાનકવાસી, સામાન્ય સંયોગોવાળું એમનું કુટુંબ, અને સામાન્ય અભ્યાસ કરી જીવન–નિર્વાહની પ્રવૃત્તિમાં નાનપણમાં જ તેઓને જોડાવું પડ્યું.

આમ સામાન્ય સંયોગો હોવા છતાં તેમના દિલમાં સમાજ–સેવાની ધગશ અનોખી જ હતી. એ ધગશથી જ તેઓ આત્માનંદ સભાની કાર્યવાહીમાં રસ લેતા રહ્યા. સભાના પુસ્તકાલય માટે કે સભાના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાહિત્ય પ્રકાશન માટે તેઓ પોતાનો સમય આપતા, અને સમય જતાં વિ. સં. ૧૯૬૧ માં તેઓ સભાના લાયબ્રેરીયન થયા. વિ. સં. ૧૯૬૩ માં માસિક કમિટિના સભ્ય તથા જોઇન્ટ સેક્રેટરી તરીકે તેઓ-શ્રીની વરણી કરવામાં આવી અને વિ. સં. ૧૯૬૭માં તેઓ મુખ્ય સેક્રેટરી તરીકે ચુંટાયા. આમ સભાની કાર્યવાહીમાં જવાબદાર અધિકારી તરીકે તેઓશ્રીની વરણી મોડી કરવામાં આવી, પરંતુ સભાના જન્મ-કાળથી જ તેઓ સભાની અનેકવિધ પ્રવૃત્તિઓમાં જુદી જુદી રીતે રસ લેતા આવતા અને સભાના સાહિત્યપ્રકાશનમાં પણ યોગ્ય સાથ આપતા આવતા હતા.

પછી તો સભા એ એમનો પ્રાણ બની. પોતાની આજીવિકાનો વ્યવસાય એ જાણે ગૌણ વસ્તુ હોય તેમ પોતાની ઘણીખરી શક્તિ અને સમય સભાને માટે જ તેઓ ખરચવા લાગ્યા, સભાના વિકાસ માટે વિદ્વાન્ મુનિવર્યો કે વિદ્યાપ્રેમી શ્રીમંતોનો સહકાર સાધવા તેઓ પોતાના અંગત ખરચે ગમે તેટલો લાંબો પ્રવાસ ખેડે, ગમે ત્યાંથી મદદ મેળવવા માટે બનતું કરે, અને એ રીતે સાહિત્ય પ્રકાશનની પ્રવૃત્તિને ખૂબ વેગ આપતા રહ્યા. એક સમયે તો કહે છે કે સભામાં એકીસાથે પંદર–વીશ પ્રકાશનો મુદ્રિત કરાવવાનું કામ ચાલતું અને તે કાર્યને પહોંચી વળવા માટે તેઓ પોતાનો બનતો સમય તેમાં રોકતા.

દેવ, ગુરુ અને ધર્મ પરત્વેની શ્રદ્ધા અને ભક્તિ એ એમના જીવનનું પાથેય હતું. રાગરાગણીપૂર્વક ઠાઠમાઠથી પૂજા ભણાવવાનો એમને મૂળથી જ શોખ હતો. યુવાવસ્થામાં 'શ્રી જૈનધર્મ પ્રબોધક સભા 'ના સ્થાપન સમયે પણ તેઓએ પૂજા ભણાવવામાં ખૂબ રસ કેળવ્યો હતો. કોઈ કોઇ વખત હારમોનીયમ વગાડવું છોડીને હાથમાં કડતાલ લઈ પૂજા ભણાવ-વામાં જ્યારે તેઓ લીન થતા ત્યારે તેમનો પૂજા–પ્રેમ, રાગ–રાગણીનું જ્ઞાન અને ભક્તિપ્રધાન જીવન માટે દ્રષ્ટાઓના દિલમાં સ્હેજે માનની લાગણી જન્મતી. એમના આ પૂજાપ્રેમને અંગે ભાવનગરના સંસ્કારી અગ્રગણ્ય કુટુંબોમાં તેઓ એક સ્વજન તરીકેનું માનભર્યું સ્થાન મેળવી શકયા હતા. ધંધાદારી મંદ-વૃત્તિને અંગે તેઓ સ્થૂલ ધન વધારે પ્રમાણમાં મેળવી શકયા ન હતા, એમ છતાં એમનો સેવાભાવ અને પૂજાપ્રેમને અંગે સ્થાનિક અને બહારગામના અનેક સંસ્કારી કુટુંબોમાં તેઓએ એક આપ્તજન તરીકે જે સબંધ વધાર્યો હતો અને સુવાસ મેળવી હતી એ એમનું પરમધન હતું.

અનન્ય ગુરુભક્તિ એ એમના જીવનનો બીજો ગુણ હતો. આમ તો સમસ્ત મુનિવર્યો તરફ તેઓ હંમેશા ભક્તિભાવે જોતા અને સમયે સમયે ગુરુભક્તિ કરતા આવતા હતા, એમ છતાં શ્રીમદ્ વિજયાનંદ-સૂરીશ્વરના નામથી શ્રી આત્માનંદ સભા ચાલતી એટલે શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીના શિષ્યવર્યોના સમાગમમાં તેઓ વધારે આવ્યા હતા અને પોતાની ગુરુભક્તિથી સૌને પોતાના કરી લીધા હતા. શાન્ત-મૂર્તિ **શ્રી હંસવિજયજી** મહારાજ, પ્રવર્તક **શ્રી કાન્તિવિજયજી** મહારાજ, આચાર્ય **શ્રી વિજય-વલ્લભસૂરીશ્વરજી**, સાહિત્યપ્રેમી **શ્રી ચતુર-વિજયજી** મ. આગમપ્રભાકર **શ્રી પુણ્યવિજયજી** મહારાજ આદિ મુનિવર્યોમાં તેમનું સ્થાન એક વિશ્વાસુ ભક્ત તરીકે હતું અને કોઇ વખત ગુરુવર્યોના આંતર–પ્રશ્નોની ઉકેલ-સરણીમાં પણ ભાગ લેતા.

આ સભા મહામૂલા સંસ્કૃત–ગુજરાતી સાહિત્ય-પ્રકાશનમાં પ્રગતિ કરી શકી હોય તો તે ઉપરોક્ત ગુરુવર્યોની પરમ કૃપાને લીધે જ છે અને ગુરુકૃપાનો આ અપૂર્વ પ્રવાહ સભા પરત્વે સતત વહેતો રખા-વવામાં વલ્લભદાસભાઇની ગુરુભક્તિ પણ એક કારણ બની રહ્યું હતું. આમ તેમની ગુરુભક્તિનું ફળ આ સભાને મળ્યું છે અને આજે પણ મળતું રહે છે.

તેઓશ્રીની ગુરુભક્તિ અને સાહિત્યસેવાના સન્માન તરીકે પંજાબના સંઘે તેઓશ્રીને એક માનપત્ર આપી યોગ્ય સન્માન કર્યું હતું.

જો અર્થસંચયને તેઓએ પોતાના જીવનમાં મહત્ત્વ આપ્યું હોત તો જરૂર તેઓ શ્રીમંતની કક્ષાએ પહોંચી શકત. સભાના જ કાર્ય અંગે તેઓ ઘણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધનપતિઓના સમાગમમાં આવ્યા હતા અને તેમાંના કોઇએ શ્રી વલ્લભદાસભાઇને આર્થિક પુષ્ટિ માટે પ્રેરણા પણ કરી હશે, પરંતુ આવી પ્રેરણાના જવાબમાં તેઓએ પોતા તરફના પ્રેમ અને લાગણીનું વળતર સભાને જ આપવાની ભાવના હંમેશાં વ્યક્ત કરી હતી અને આવા પ્રસંગો જ શ્રી વલ્લભદાસભાઇનો આ સભા પરત્વે કેટલો પ્રેમ હતો તે બતાવવાને માટે બસ છે, તેમ તેમની પ્રમાણિકતા માટે માન ઉપજાવે તેવા છે.

તેઓ ખાસ વિદ્વાન ન હતા તેમ સિદ્ધહસ્ત લેખક ન હતા, પરંતુ સાહિત્યોપાસના એ એમનો પ્રિય જીવનવ્યવસાય હતો. આત્મોન્નતિના માર્ગે જીવનને દોરે તેવું ઉચ્ચ સાહિત્ય સર્જવાના કોડ તેમના દિલમાં હંમેશાં રમ્યા જ કરતા. પરિણામે જૈન સાહિત્યમાં અનોખી ભાત પાડે તેવું સાહિત્ય સર્જવામાં તેઓ સફળતા મેળવી શક્યા હતા, પરંતુ આટલાથી સાહિત્યસર્જનની ભાવનાનો પ્રદેશ તેમના માટે પૂરો થતો ન હતો, હજુ તો એક નમૂનેદાર સચિત્ર કલ્પસૂત્ર તૈયાર કરવાની એમની ભાવના હતી. તીર્થંકર ભગવાનના જે બાકીના ચરિત્રો હજુ સભા પ્રગટ કરી શકી નથી તે તમામ પ્રગટ કરી ચોવીશ ભગવાનના ચરિત્રો પૂરા કરવાનો મનસૂબો હતો. વિદ્યાવ્યાસંગની વૃદ્ધિ માટે જૈન વિદ્યાસભા સર્જવાનું એમનું દૃષ્ટિબિન્દુ હતું. સર્વ શક્તિનો સમન્વય કરી સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રે પ્રગતિ સાધતી સાહિત્ય સંસ્થાઓનું રચનાત્મક એકમ સાધવાનું પણ એક જીવનસ્વપ્ન એમના હૃદયમાં રમી રહ્યું હતું. આમ સભા એમને મન સર્વસ્વ હતી, અને સભાને માટે સર્વસ્વના સમર્પણથી બનતું કરી છૂટવાની એમને તમન્ના હતી.

સભાની માફક પાલીતાણા શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળના ઉત્થાનમાં તેઓશ્રીએ દાખવેલ સેવા પણ એટલી જ નોંધપાત્ર છે. વિ સં. ૧૯૭૩માં જ્યારે પાલીતાણાની શ્રી યશોવિજયજી સંસ્કૃત પાઠશાળા બંધ પડવાની અણી ઉપર હતી ત્યારે આ સંસ્થાને સજીવ રાખવાની વિચારણા માટે આ વિજયકમલસૂરિજી, પં. લાભવિજયજી અને મુનિ ચારિત્રવિજયજી મહારાજે શ્રી જીવણચંદ ધરમચંદ ( આજના મુનિશ્રી જિનભદ્રવિજયજી મ. ) અને શ્રી લલ્લુભાઇ કરમચંદને પાલીતાણાખાતે બોલાવ્યા અને પાઠશાળાને ગુરુકુળમાં ફેરવી "શ્રી યશોવિજયજી ગુરુકુળ" ચાલુ કરવાનો નિર્ણય લેવાયો અને પ્રત્યક્ષ હાજરીથી બરાબર વ્યવસ્થા સ્થાપવા માટે શ્રી વલ્લભદાસભાઇને પાલીતાણાખાતે બોલાવવામાં આવ્યા અને ગુરુકુળના સંચાલન માટે લગભગ ભાવનગરના સેવાભાવી ગૃહસ્થોની એક સ્થાનિક કમિટિ નિયુક્ત કરવામાં આવી, તેના મંત્રી બન્યા શ્રી વલ્લભદાસભાઇ.

સતત સેવાભાવી શ્રી વલ્લભદાસભાઇએ ગુરુકુળ માટે સેવા–યાત્રા શરૂ કરી. પોતે ઓચિંતા ભાવનગરથી રાત્રે પાલીતાણા જાય, આખી રાત ગુરુકુળનો કોઠાર, કેશ અને હિસાબ તપાસે, વિદ્યાર્થીઓને સ્વતંત્ર રીતે મળી તેમના સુખ–સગવડના સમાચાર જાણે, સંસ્થાની દિનચર્યા તપાસે અને યોગ્ય સૂચનો આપે, તેમની ચીવટભરી કાર્યવાહીની ચોટ ગુરુકુળના કર્મચારીઓ ઉપર એવી પડતી કે તેઓને પોતાની ફરજમાં હંમેશાં જાગૃત રહેવું પડે. ગુરુકુળની આ રીતે તેઓ અવારનવાર મુલાકાત લેતા અને તેમણે એક એવો નિયમ રાખ્યો હતો કે ગુરુકુળના કાર્ય માટે આવવા જવાનો રેલ્વે ખર્ચ તથા ગુરુકુળમાં સ્થિરતા કરવી પડે તો તેટલા સમયનો ખાદ્ય–ખોરાકનો તમામ ખર્ચ પોતાના શિરે જ ભોગવતા. કોઇ વખત તેઓ કહેતા કે–ગુરુકુળ માટે દાન કરવા જેટલો હું શ્રીમંત નથી, પરંતુ સંસ્થાની સેવા માટે જે કાંઈ મારાથી બને તે તો મારા ખરચે જ થવી ઘટે.

સમય જતાં ગુરુકુળ વિકાસ સાધતું આવ્યું તેમ તેના માટે નિવાસગૃહ, શયનગૃહ, વિદ્યાલય, દેરાસર વગેરે ભવ્ય મકાનો બંધાવવામાં આવ્યા અને આ તમામ ઇમારતો ઊભી કરવામાં શ્રી વલ્લભદાસભાઇન અવિરત સેવા ગુરુકુળના ઇતિહાસમાં સદાને માટે અમર રહે તેવી છે.

આ ઉપરાંત ભાવનગર દાદાસાહેબ જૈન બૉર્ડીંગ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી ઉજમબાઈ કન્યાશાળા, જૈન કોન્ફરન્સ આદિ સંસ્થાઓમાં સેક્રેટરી તરીકે કે મુખ્ય કાર્યકર તરીકે તેઓએ ઉજ્વળ સેવા બજાવી છે.

જાહેર–સેવાકાર્યમાં પણ તેઓ રસ ધરાવતા હતા. ભાવનગર મ્યુનિસિપાલીટિમાં સભ્ય તરીકે ચુંટાઇને ૭ વરસ સુધી તેઓએ સારી સેવા બજાવી હતી

છેલ્લા ૭ માસથી વૃદ્ધાવસ્થાને અંગે તેઓશ્રીનું શરીર અટક્યું, એમ છતાં સભાના વાર્ષિક ઉત્સવ પ્રસંગે તેઓ કેવળ શ્રદ્ધાબળે તળાજા આવ્યા હતા. માંદગી દરમિયાન પણ તેઓની એક જ ઝંખના હતી કે વહેલામાં વહેલી તકે આરોગ્ય પ્રાપ્ત કરું અને સભાએ જઈ સભાનું કાર્ય કરું; પણ કોને ખબર હતી કે–સેવાના એ મનોરથ મનમાં જ રહેવાને સર્જાયા હતા. એકાએક શ્રાવણ વદ ૧ ગુરુવારે ૭૮ વરસની વયે તેઓ આ દુનિયાનો ત્યાગ કરી ગયા.

સભાને એક આત્મીય સેવકની ખોટ પડી.
સમાજને સેવાના સાચા ભેખધારીની ખોટ પડી.
અમર રહો સાહિત્યસેવકની એ સારભ.

---

## " વલભવિરહ કાવ્ય "

(ક્યાંથી આ સંભળાય, મધુરસ્વર, ક્યાંથી આ સંભળાય (૨) એ રાગ.)

વલભવિરહ દુઃખદાય, અતિશય, વલભવિરહ દુઃખદાય; (૨)
લગભગ સેવા પચ્ચાસ વર્ષ કરી, પ્રાણ સભાના ગણાય. અતિ૦ ૧
ભરપૂર આત્મશિક્ષાના ગ્રંથો, કથાનુયોગ છપાય; (૨)
દામ[1] માટે દોડધામ કરે સહૂ, જેને નહિં તૃષ્ણા જરાય અતિ૦ ૨
સરસ સુવાસ વૃદ્ધિએ સભાનો, વાધ્યો પેટ્રન સમુદાય; (૨)
ત્રિભુવનસુત સાતસેંહ સભાના, મેમ્બરો મેળવી જાય. અતિ૦ ૩
ભૂમિ રત્નગર્ભા સોરઠની, સાક્ષરરત્નો જ્યાં થાય; (૨)
વલભસૂરિ પૂણ્યવિજયાદિ સંતોથી, જેહ રત્ન વખણાય અતિ૦ ૪
નમ્ર સુશીલ સ્વભાવે સરલતા, સર્વથી હળીમળી જાય; (૨)
દાન દઈ લક્ષ્મીનંદનો તો, કેઇક કીર્તિ કમાય. અતિ૦ ૫
સરલ નિસ્પૃહી ભાવે સેવાતો, કરતા અલ્પ જણાય; (૨)
ગાંધીમહાત્મા બારીસ્ટરનો, જન્મ સોરઠમાં થાય. અતિ૦ ૬
ધીરજથી સેવા બજાવી ભારત, સ્વતંત્ર કરતા જાય; (૨)
જન્મ સફળ [2]ઉભયનો રહેશે, ઇતિહાસે અંકાય. અતિ૦ ૭
યશ નિર્મળ ગંગાજળ સરીખો, દેશ–વિદેશ ફેલાય; (૨)
વંશ અને વડિલોની કીર્તિ, [3]ચોગરદમ પથરાય. અતિ૦ ૮
તારણતરણ શુદ્ધ દેવગુરુધર્મની, આણા શિર ચડાય; (૨)
વખત [4]અલ્પ વિમાવ્યવસાયમાં, [5]ઉદર નિમિત્તે જ થાય. અતિ૦ ૯
રત્ન જડાયે મુકુટમાંહે તો, શોભા અપૂર્વ કળાય; (૨)
તોલ હિરાનો સાચો "દુર્લભ" ઝવેરીથી જ અંકાય. અતિ૦ ૧૦

વલ્લભીપુર. કવિ દુર્લભજી ગુલાબચંદ મહેતા
તા. ૨૦–૮–૫૫

---

૧ પૈસા માટે. ૨ બેઉ જણાનો. ૩ ચારે તરફ. ૪ થોડો. ૫ આજીવિકા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વલ્લભદાસભાઇ અને ગુરુકુળનું ઘડતર

વિદ્યાધામ કાશી, ત્યાંના નિષ્ણાત પંડિતો, હજારો નાના–મોટા બટુકોના ગંગાના પ્રવાહના કલ કલ નિનાદશા શાસ્ત્રપાઠો, સેંકડો અન્નક્ષેત્રો ને વિદ્યાધામો જોઇને પ્રેરણા મેળવી મુનિરાજશ્રી ચારિત્રવિજયજીએ આજથી ૪૨ વર્ષ પહેલાં તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની શીતલ છાંયડીમાં સંસ્કૃત–પ્રાકૃત પાઠશાળાની સ્થાપના કરી–છાત્રાલય પણ શરૂ કર્યું. સંસ્થા વધવા લાગી અને તે માટે સ્ટેશન પાસેની વિશાળ જગ્યામાં મકાનો કર્યાં, પણ કસોટીનો કાળ આવ્યો. જેમજેમ વિદ્યાર્થીઓ વધવા લાગ્યા તેમ તેમ પૈસાની જરૂર પણ વધવા લાગી–મતભેદના કારણે મદદો બંધ થવા લાગી અને મહારાજશ્રીની તબીયત પણ લથડી. જેમણે સંસ્થા પાછળ પ્રાણ રેડ્યો તે ઊગતા છોડને ચીમળાઇ જતો જોઇ ચિંતા થવા લાગી, પણ સદ્‌ભાગ્યે મુંબઇના શ્રી જીવણચંદ ધરમચંદ ઝવેરી, શ્રી ફકીરચંદ કેશરીચંદ શ્રોફ અને શ્રી લલ્લુભાઇ કરમચંદ દલાલની ત્રિપુટીએ સંસ્થા સંભાળી લીધી. તેમાં આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની પ્રેરણા હતી. સં. ૧૯૭૩ના શ્રાવણ શુદ ૧ ના દિવસે શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ નામ આપ્યું વ્યવહારિક તથા ધાર્મિક અભ્યાસનો સુમેળ સધાયો.

મુંબઇમાં પગદાર કમીટી થઇ પણ સંસ્થાની કાયમ દેખરેખ માટે એક સ્થાનિક સમિતિ નિમાએ. ભાવનગર આત્માનંદ સભાના માનદ મંત્રી શ્રી વલ્લભદાસભાઇ, શ્રી ગુલાબચંદભાઇ આણંદજી તથા શ્રી ફતેહચંદ ઝવેરભાઇની ત્રિપુટીને તે કામ સોંપવામાં આવ્યું. સં. ૧૯૭૩ થી ૧૯૭૭ સુધી આ ત્રિપુટીએ બીજા ત્રણ સભ્યો સાથે સુપરવાઇઝરનું કાર્ય કર્યું. સં. ૧૯૭૮ થી સં. ૧૯૯૩ સુધી શ્રી વલ્લભદાસભાઇ, શ્રી ગુલાબચંદભાઇ વગેરેએ સંસ્થાનું આંતરિક કાર્ય કુનેહપૂર્વક સંભાળ્યું.

શ્રી વલ્લભદાસભાઇનો ગુરુકુળના વિકાસવર્ધનમાં, ચણતર અને ઘડતરમાં મોટો ફાળો છે. મહિનામાં બબે વખત આવવું, જરૂર પડે તો અઠવાડીયામાં પણ આવી જવું. અરે ખાસ કામ આવી પડે તો રાતોરાત આવી જવું. સંસ્થાનું સંચાલન ઝીણવટથી કરવું. કાર્યકર્તાઓના કામની પૂરી માહિતી રાખવી. મકાનોના કામનો તો એમને એવો શોખ હતો કે તે માટે દિવસોના દિવસો તેઓ રહેતા અને ચણતરકામમાં સંપૂર્ણ દેખરેખ રાખતા. રાજ્યની મુશ્કેલી આવે, જગાતખાતાનો કાગળ આવે, મુંબઇથી તાકીદની તપાસ આવે કે વિદ્યાર્થીઓમાં કે સ્ટાફમાં અસંતોષ જાગે, કોઇ સારા ગૃહસ્થ આવ્યા હોય કે કોઇ વિદ્યાર્થી બીમાર પડી ગયો હોય–આ બધા પ્રસંગોએ શ્રી વલ્લભદાસભાઇ આવ્યા જ હોય. તેમનો કામ લેવાનો સ્વભાવ કડક હતો પણ હૃદયમાં સંસ્થા પ્રત્યેની મમતા અને પ્રમાણિક સંચાલનની ભાવના હતી. તેઓ હંમેશાં પોતાને ખર્ચે આવતા જતા એટલું જ નહિ પણ તેમણે હંમેશનો રૂ. ૧) આપીને જ બધાએ જમવું તે શિરસ્તો કરેલો જે આજે પણ ચાલુ છે.

વીસ વીસ વર્ષ સુધી સંસ્થાની એકધારી સેવા અને સંસ્થાના વિકાસની ધગશ એ તેમની સેવાભાવના અને વિદ્યાપ્રેમને આભારી છે. કેટલીક અગવડતાને લીધે પાલીતાણાના સભ્યોની સ્થાનિક કમીટી નીમાયા પછી પણ શ્રી વલ્લભદાસભાઇ ગુરુકુળના વિકાસમાં આનંદ માનતા અને ગૌરવ લેતા. સંસ્થાના નવસર્જનમાં તેમનો સક્રિય ફાળો નોંધપાત્ર છે, યુવાન કાર્યકરોને પ્રેરણા પાનારો છે.

ગુરુકુળના મકાનો–દહેરાસરજી–શયનગૃહ–નિવાસગૃહ–આરોગ્યભવન–પ્રાર્થનાગૃહ આદિના ચણતરમાં તેમનો ફાળો કેવો સક્રિય હતો તે આજે પણ એ મકાનો સાક્ષી પૂરે છે.

તેમણે કરેલી કેટલીક આંતરિક વ્યવસ્થા આજે પણ તેમના દોરેલા માર્ગે ચાલે છે.

આત્માનંદ સભાના તે પ્રાણ હતા તેમ ગુરુકુળના વિકાસવર્ધનના તે ઘડવૈયા હતા.

**ફૂલચંદ હરિચંદ દોશી** મહુવાકર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વલ્લભદાસભાઇ સેવા–સન્માન ફંડ

આ સભાના માનનીય મંત્રી શ્રીયુત વલ્લભદાસભાઇ ત્રિભુવનદાસ ગાંધી છેલ્લા કેટલાક સમયથી નાદુરસ્ત તબીયત ભોગવી રહ્યા હતા, ત્યારે સભાના કેટલાક પેટ્રન અને શુભેચ્છક સભ્યોના મનમાં વિચાર આવ્યો કે આ સભાના ઉત્કર્ષમાં શ્રીયુત વલ્લભદાસભાઇનો ફાળો નોંધપાત્ર છે, સભાને માટે તેઓશ્રીએ ખૂબ ભોગ આપ્યો છે. તેમની સેવાના પરિણામે સભા પોતાના સાહિત્ય–પ્રકાશનો આદિ કાર્ય બદલ સારી ખ્યાતિ પ્રાપ્ત કરી શકેલ છે, તેઓશ્રીની આ સાહિત્ય–સેવાની સૌરભ–સ્મૃતિ હંમેશા જળવાઇ રહે તેવું કંઇક કરવામાં આવે તો સારું અને તે પણ બને તેટલું તાત્કાલિક થાય તો વધારે સારું. પરિણામે તેઓશ્રીનું દીર્ઘાયુ ઇચ્છવા તેમજ જે નોંધપાત્ર સેવા તેઓશ્રી બજાવી રહ્યા છે તેનું યોગ્ય સન્માન–સ્મારક કરવાની વિચારણા કરવા માટે તા. ૨૧–૭–૫૫ના રોજ સભાની કાર્યવાહી કમિટિની એક મીટીંગ જ્ઞાનમંદિરના હોલમાં બોલાવવામાં આવી હતી. આ પ્રસંગે શેઠ શ્રી ભોગીલાલભાઇ મગનલાલભાઇ, શેઠ ખાન્તિભાઇ અમરચંદ વગેરે પણ હાજર રહ્યા હતા.

મીટીંગનું કાર્ય શરૂ કરવામાં આવતા શેઠશ્રી ભોગીલાલભાઇ, શેઠશ્રી ગુલાબચંદ આણંદજી આદિએ જણાવ્યું કે–શ્રીયુત વલ્લભદાસભાઇએ આ સભાના આત્મા સમાન રહીને સભાને માટે અપૂર્વ સેવા બજાવી છે. એક રીતે કહીએ તો આ સભાના તેઓ પ્રાણ સમાન છે, અને સભા જે કંઇ પ્રગતિ–પ્રતિષ્ઠા આજે સાધી શકેલ છે તેમાં તેઓશ્રીનો ફાળો નોંધપાત્ર છે. તેઓશ્રીની સેવાની આ સૌરભ સદાય જળવાઇ રહે તે માટે કંઇક કરવામાં આવે તે જરૂરી છે.

હાજર રહેલ સભ્યોએ આ વક્તવ્યને વધાવી લીધું અને તે માટે નીચેનો ઠરાવ સર્વાનુમતે કરવામાં આવ્યો.

### ઠરાવ ૧

આ સભાના માનનીય મંત્રી શ્રીયુત વલ્લભદાસ ત્રિભોવનદાસ ગાંધી આ સભાના મંત્રી તરીકે લગભગ ૫૦ વર્ષથી આપ્તભાવે નિઃસ્વાર્થ વૃત્તિથી સતત સેવા બજાવી રહ્યા છે અને આ સભાએ સાહિત્ય વિષયક પ્રગતિમાં જે અપૂર્વ નામના હિંદભરમાં પ્રાપ્ત કરી છે તે ગૌરવભર્યા વિકાસમાં તેઓશ્રી ઉજ્વળ ફાળો આપી રહ્યા છે તેની આ સભા માનપૂર્વક નોંધ લે છે. તેઓશ્રીની આ સેવાનાં સ્મરણો સદા જળવાઇ રહે અને તેઓશ્રીની સેવાનું યત્કિંચિત્ સન્માન થાય એ દૃષ્ટિથી આ સભા ઠરાવે છે કે—

( अ ) તેઓશ્રીની પ્રતિકૃતિનું એક મોટું તૈલચિત્ર તૈયાર કરી સભાના મુખ્ય હૉલમાં ખુલ્લું મૂકવું.

( ब ) તેઓશ્રીનો સાહિત્યપ્રેમ લક્ષમાં રાખીને એક સુંદર પુસ્તક તેઓશ્રીના નામથી સીરીઝ તરીકે પ્રસિદ્ધ કરવું. આ પુસ્તકમાં તેઓશ્રીનું જીવનચરિત્ર ફોટા સહિત મૂકવું.

( क ) ઉપરના કાર્યોને પહોંચી વળવા માટે એક સન્માન સીરીઝ ફંડ એકત્ર કરવું અને તેમાં રૂા. પાંચ હજાર સભાએ ઉમેરવા.

( ड ) ઉપરોક્ત ફંડ ઉઘરાવવા માટે નીચેની સમિતિ નીમવામાં આવે છે : ૧ શેઠ ગુલાબચંદ આણંદજી. ૨ શેઠ ફતેહચંદ ઝવેરભાઇ. ૩ શેઠ ગુલાબચંદ લલ્લુભાઇ. ૪ શેઠ જાદવજી ઝવેરભાઇ. ૫ શેઠ હરિલાલ દેવચંદ.

### ઠરાવ ૨

શ્રીયુત વલ્લભદાસભાઇની તંદુરસ્તી માટે આ સભા શુભેચ્છાઓ પાઠવે છે અને તેમનું દીર્ઘાયુષ્ય ઇચ્છે છે.

ઉપર મુજબ ઠરાવ પસાર કરવામાં આવ્યા બાદ શ્રી વલ્લભદાસભાઇ સેવા–સન્માન ફંડમાં ત્યાં હાજર રહેલ સભ્યોએ પોતાનો ફાળો નોંધાવ્યો હતો અને ત્યારબાદ આ કાર્યવાહીની યોગ્ય જાહેરાત કરવા માટે શેઠશ્રી ભોગીલાલભાઇની આગેવાની નીચે સભ્યોનું એક ડેપ્યુટેશન શ્રીયુત વલ્લભદાસભાઇને ત્યાં ગયું હતું અને ઉપરોક્ત કાર્યવાહીની જાહેરાત કરવામાં આવી હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના જવાબમાં શ્રી વલ્લભદાસભાઈએ કહ્યું હતું કે—હું તો સભાનો એક અદનો સેવક છું. મેં સભા માટે મારી ફરજ માત્ર બજાવી છે. તેનાથી વધારે કંઈ કર્યું નથી. એટલે મારા માટે કંઈ કરવાનું ન હોય, એમ છતાં મારા તરફના સૌના સદ્‌ભાવને અંગે આપે જે કંઈ કર્યું છે તે બદલ હું આપ સૌનો આભારી છું. અને સભાની વધુ ને વધુ સેવા કરવા માટે પરમાત્મા મને શક્તિ આપો એવી પ્રાર્થના કરું છું.

છેવટે શ્રી વલ્લભદાસભાઈ વહેલા તંદુરસ્તી પ્રાપ્ત કરે એવી શુભેચ્છા સાથે સૌ વિખરાયા હતા.

ઉપર મુજબ "શ્રી વલ્લભદાસભાઈ સેવા—સન્માન ફંડ" એકત્ર કરવાનું કાર્ય ત્યારબાદ તરત ઉપાડી લેવામાં આવતાં, આ ફંડ ખાસ કરીને શ્રી વલ્લભદાસભાઈના શુભેચ્છકો અને નિકટવર્તીઓમાંથી જ એકત્ર કરવાની દૃષ્ટિ રાખીને જ્યાં જ્યાં યોગ્ય લાગ્યું ત્યાં ત્યાં ફંડ કમિટિએ માગણી કરી હતી. અને કમિટિની આ માગણીનો સારો જવાબ મળ્યો છે, તે જણાવતાં આનંદ થાય છે.

આ ફંડમાં આજ સુધીમાં જે ફાળો નોંધાવા પામ્યો છે તેની યાદી આ સાથે રજૂ કરવામાં આવેલ છે. હજુ ફાળાનું કાર્ય ચાલુ છે અને સંભવ છે કે સંકલ્પ પ્રમાણે ફાળો નોંધાઈ જશે.

કમિટીએ પોતાના લક્ષમાં આવ્યું ત્યાં ત્યાં શુભેચ્છકોને ફાળો નોંધાવવા યોગ્ય વિનતી કરી છે. પરંતુ સંભવ છે કે કોઈ ગૃહસ્થને આ બાબત જણાવવી રહી ગઈ પણ હોય, તો સૌ કોઈને આ નિવેદન દ્વારા વિનંતી છે કે જે કોઈ ગૃહસ્થ પોતાનો ફાળો આ સ્મારક ફંડમાં નોંધાવવા માગતા હોય તેઓ સત્વર સભાના સરનામે ખબર આપી આભારી કરે.

તા. ક. શ્રીયુત વલ્લભદાસભાઈનું એક તૈલચિત્ર તૈયાર થવા આવ્યું છે અને પર્યુષણ બાદ તરતમાં જ તે સભાના મુખ્ય હોલમાં ખુલ્લું મૂકવાની ભાવના છે.

## ગાંધી વલ્લભદાસ ત્રિભોવનદાસ સ્મારક ફંડની યાદી.

૨૫૧) શેઠ ભોગીલાલભાઈ મગનલાલ
૨૦૧) એક ગૃહસ્થ હ. શેઠ ભાઈચંદ અમુલખ
૧૫૧) શેઠ ગુલાબચંદ આણંદજી
૧૨૫) ,, ફતેચંદભાઈ ઝવેરભાઈ
૧૦૧) ,, દેવચંદભાઈ દામજી
૧૦૦) શાહ ગુલાબચંદ લલ્લુભાઈ
૧૦૦) ,, જગજીવન ફૂલચંદ
૧૦૦) ,, ચુનીલાલ દીપચંદ
૧૦૧) ભાવસાર સાકરલાલ ગાંડાલાલ
૧૦૧) શા નાનચંદ તારાચંદ
૧૦૧) મહેતા ચીમનલાલ રામજી
૧૦૧) શા વૃજલાલ દીયાળ
૧૦૧) શેઠ ચંદુલાલ ટી. શાહ
૧૦૧) ,, મણીલાલ વનમાળી
૧૦૧) ,, ટી. સી. બ્રધર્સ હાઃ શેઠ ત્રિભોવનદાસ દુર્લભજી
૧૦૧) ,, કાન્તિલાલ ઈશ્વરલાલ
૧૦૧) ,, પાનાચંદ લલ્લુભાઈ સુરકાવાળા
૫૧) શેઠ અમૃતલાલ છગનલાલ
૫૧) પ્રોફેસર ખીમચંદ ચાંપશી
૫૧) વોરા ખાન્તિલાલ અમરચંદ
૫૧) શા જાદવજી ઝવેરભાઈ
૫૧) શા વિઠ્ઠલદાસ મૂળચંદ
૫૧) વોરા હઠીસંગ ઝવેરભાઈ
૫૧) શેઠ માણેકચંદ પોપટલાલ
૫૧) ,, પનાલાલ ભીખાભાઈ
૫૧) ,, સકરચંદ મોતીલાલ મુળજી
૫૧) શા ગુલાબચંદ મુળચંદ
૨૫) શા હીરાલાલ જુઠાભાઈ
૨૫) શેઠ હીરાચંદ હરગોવન
૨૫) ,, ઉત્તમચંદ હરગોવન
૨૫) ,, નથુભાઈ દેવચંદ
૫૧) શ્રી જૈન તપગચ્છ સંઘ, મોરબી
હાઃ ડો. વલ્લભદાસ નેણશીભાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંસ્થાઓનો શોકસૂર

આ સભાના માનનીય મંત્રી શ્રીયુત વલભદાસ ત્રિભુવનદાસ ગાંધી. શ્રાવણ વદિ ૧ ગુરુવારે અવસાન પામતાં તેઓશ્રીના માનમાં સભાનું કાર્યાલય ત્રણ દિવસ માટે બંધ રાખવામાં આવ્યું હતું.

શ્રા. વદિ ૨ શુક્રવારે તેઓશ્રીને અંજલિ અર્પવા આ સભાની જનરલ સભા શેઠ ગુલાબચંદ આણંદજીના પ્રમુખપણા નીચે મળતાં સભાના મંત્રી શ્રી જાદવજીભાઇ ઝવેરભાઇએ નિવેદન વાંચી સંભળાવેલ. ત્યાર બાદ મંત્રી શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહે આ પ્રસંગને અનુલક્ષી શોકદર્શક તારો, ટપાલ તથા સ્થાનિક સંદેશા આવ્યા હતા તે વાંચી સંભળાવ્યા હતા.

ત્યારબાદ નીચેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

## શોક ઠરાવ

આ સભાના માનનીય મંત્રી શ્રી વલભદાસ ત્રિભુવનદાસ ગાંધીના શ્રાવણ વદિ એકમ ગુરુવારે ૭૮ વરસની વૃદ્ધ વયે થયેલ દુઃખદ અવસાન અંગે આજ રોજ શ્રાવણ વદિ ૨ શુક્રવારે મળેલ સભાની જનરલ સભા શોકની ઊંડી લાગણી વ્યક્ત કરે છે.

સદ્દગતે પચાસ વરસથી વધારે સમય આ સભા સાથે મંત્રી તરીકે જોડાઇ, સભાના ઉત્થાનમાં તથા ઉત્કર્ષમાં નિઃસ્વાર્થભાવે જે સતત સેવા સમર્પી છે અને એ રીતે સભાના સાહિત્ય પ્રકાશન તથા પ્રતિષ્ઠામાં જે પ્રશંસનીય ઉમેરો કર્યો છે તે સભાના ઇતિહાસમાં સદા ઉજ્જવળ અક્ષરે અંકિત રહે તેવા છે.

આ સિવાય પાલીતાણા ગુરુકુળ, ઉજમબાઇ કન્યાશાળા, જૈન બોર્ડીંગ આદિ શિક્ષણ વિષયક સંસ્થાઓમાં પણ તેઓશ્રી નોંધપાત્ર સેવા બજાવી ગયા છે. તેઓશ્રીની ગુરુભક્તિ, પૂજાપ્રેમ અને તીર્થભક્તિ એટલા જ આદરણીય હતા.

તેઓશ્રીના અવસાનથી સભાને એક આત્મીય સેવાભાવી સતત જાગૃત કાર્યકરની તેમજ જૈન સમાજને એક સાહિત્યસેવકની ખોટ પડી છે.

સભા સદ્દગતના આત્માની શાંતિ ઇચ્છે છે અને સદ્દગતના કુટુંબીઓ અને શુભેચ્છકો ઉપર આવી પડેલ આ વિરહ દુઃખ માટે પોતાની સમવેદના વ્યક્ત કરે છે.

ઉપરોક્ત ઠરાવ પસાર કરવામાં આવ્યા બાદ પ્રમુખશ્રીએ જણાવેલ કે-શ્રીયુત વલભદાસભાઇની સેવાના સ્મારક-સન્માન અંગે વિચાર કરવા આ સભાની કાર્યવાહક કમિટિની મીટીંગ તા. ૨૧-૭-૫૫ ના રોજ મળી હતી. જ્યારે તેઓશ્રીની સેવાના સ્મારક માટે યોગ્ય ઠરાવો કરવામાં આવ્યા હતા તે આપ સૌની સંમતિ માટે આપ સમક્ષ રજૂ કરવા રજા લઉં છું.

ત્યારબાદ તા. ૨૧ ગીની મીટીંગમાં કરવામાં આવેલ ઠરાવો રજૂ કરવામાં આવેલ તેમ જ આજ સુધીમાં સ્મારક ફંડમાં જે રકમ નોંધાવા પામી હતી તેની યાદી વાંચી સંભળાવવામાં આવી હતી.

છેવટ સૌ વિખરાયા હતા.

*

## મુંબઈ-ગુરુકુળ વ્યવસ્થાપક કમિટિ

તા. ૨૨-૮-૫૫ ના રોજ મુંબઈખાતે શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળની વ્યવસ્થાપક સમિતિની સભા શેઠશ્રી કેસરીચંદ ભાણાભાઇના પ્રમુખપણા નીચે ... શેઠશ્રી લલ્લુભાઇ કરમચંદ દલાલના પ્રમુખપણા નીચે મળતાં નીચેનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

"શ્રી વલભદાસ ત્રિભુવનદાસ ગાંધીના સં. ૨૦૧૧ ના શ્રાવણ વદી ૧ ને ગુરૂવાર તા. ૪-૮-૫૫ ના રોજ ભાવનગર મુકામે થએલ દુઃખદ અવસાનની નોંધ આજની શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળની વ્યવસ્થાપક સમિતિની સભા અત્યંત દિલગીરીપૂર્વક લે છે. તેઓશ્રીએ આ સંસ્થાની સ્થાપનાની લગભગ શરૂઆતથી જ સ્થાનિક સમિતિના માનદ્‌-મંત્રી તરીકે ઘણા વર્ષો સુધી પ્રશંસનીય સેવા બજાવી હતી, સંસ્થા પ્રત્યે તેઓશ્રીનો અપૂર્વ પ્રેમ અને લાગણી હતા. ભાવનગરની શ્રી જૈન આત્માનંદ સભાના તો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓશ્રી પ્રાણુ સમાન હતા, અને તે સંસ્થાની પ્રગતિ સાધવામાં તેઓશ્રીએ જીવનપર્યંત અથાગ પરિશ્રમ ઊઠાવ્યો હતો, અને અપૂર્વ સેવા અર્પી હતી. સામાન્ય સ્થિતિમાંથી તેઓશ્રી જીવનમાં આપબળે જ આગળ આવ્યા હતા, અને સેવા એ તેઓશ્રીનો જીવનમંત્ર હતો. તેઓશ્રીના સ્વર્ગવાસથી સમાજને એક ઊચ્ચ કોટીના નરરત્નની ખોટ પડી છે. આજની સભા તેઓશ્રીના કુટુંબીજનો ઉપર આવી પડેલ વિપત્તિમાં સમવેદના પ્રગટ કરી, તેઓશ્રીના આત્માને પરમ શાંતિ ઇચ્છે છે.”

*

## શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ-પાલીતાણાની એક સભા ડૉ. શ્રી ભાઇલાલ બાવીશીના પ્રમુખપણા નીચે મળતાં નીચેનો ઠરાવ કરવામાં આવેલ.

ભાવનગરના સેવાપ્રિય શ્રી વલ્લભદાસ ત્રિભોવનદાસ ગાંધીના અવસાનના સમાચાર મળતાં ગુરુકુળ શાળામાં રજા રાખવામાં આવી હતી. તેમના આત્માની શાંતિ માટે ગુરુકુળમાં શાંતિ-પ્રાર્થના યોજાઇ હતી. તથા ગુરુકુળના મકાનો-શાળાની વ્યવસ્થા સંસ્થાનો સફળ વહીવટ તેમજ નિઃસ્વાર્થ સેવાભાવથી ગુરુકુળના વિકાસમાં સક્રિય ફાળો આપનાર વીસ વીસ વર્ષ સુધીની સતત સેવા કરનાર શ્રી વલ્લભદાસભાઇની સેવાને અંજલિ આપતો તથા તેમના આત્માને પરમ શાંતિ અર્પતો તથા તેમના પત્ની તથા પુત્રીઓને આશ્વાસન આપતો ઠરાવ કરવામાં આવ્યો હતો.

*

## શ્રી યશોવિજયજી ગ્રંથમાળા

પ્ર. ભા. વદ ૧ રવિવારે શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળાની જનરલ સભા શાહ ગુલાબચંદ લલ્લુભાઇના પ્રમુખપણા નીચે મળતાં નીચેનો ઠરાવ કરવામાં આવેલ.

જાણીતા સાહિત્યોપાસક શ્રીયુત વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધીના શ્રા. વ. ૧ ના થયેલ દુઃખદ અવસાનની આજરોજ મળેલ જનરલ સભા સખેદ નોંધ લ્યે છે.

સદ્‌ગતે શ્રી જૈન આત્માનંદ સભા, જૈન ગુરુકુળ, જૈન બોર્ડીંગ આદિ સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્થાઓમાં નોંધપાત્ર સેવા બજાવી હતી. તેઓશ્રીના અવસાનથી જૈન સમાજને એક સાહિત્યોપાસક સતત સેવાભાવીની ખોટ પડી છે.

આજની સભા સદ્‌ગતના આત્માની શાન્તિ ઇચ્છે છે અને તેમના કુટુંબીઓ અને શુભેચ્છકોને પડેલ આ ખોટ માટે પોતાની સમવેદના વ્યક્ત કરે છે.

*

## શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગરની મેનેજીંગ કમિટી તા. ૧૧-૮-૫૫ના શ્રીયુત વલ્લભદાસ ત્રિભોવનદાસ ગાંધીના સ્વર્ગવાસ અંગે શોક વ્યક્ત કરવા શ્રીયુત ખાન્તિલાલ અમરચંદભાઇ વોરાના પ્રમુખસ્થાને મળેલ જેમાં શ્રીયુત વલ્લભદાસભાઇને શ્રદ્ધાંજલી અર્પી દિલગીરી વ્યક્ત કરતો નીચે મુજબ ઠરાવ કર્યો હતો.

“ તેઓશ્રી આપણી સભાના ઘણા જૂના આજીવન સભાસદ હતા તેટલું જ નહીં પણ શરૂઆતના વર્ષોમાં માનદ્‌ભાવે સેવા પણ આપેલી. તેઓની સાહિત્ય સેવા સુપ્રસિદ્ધ છે. સભાના કાર્યોમાં તેમનો સહકાર મળતો. તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી તેમના આપ્તજનો પર આવી પડેલ દુઃખ પરત્વે સમવેદના વ્યક્ત કરીએ છીએ.”

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અખબારોની અંજલિ

**શ્રીયુત્ વલ્લભદાસભાઈના અવસાનને અંગે જુદા જુદા સામયિકોએ સુયોગ્ય નોંધ લીધી છે, તેમાંની થોડી નોંધ નીચે રજૂ કરવામાં આવે છે.**

## સ્વ૦ શ્રી વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી

ભાવનગરના એક જાણીતા સદ્‌ગૃહસ્થ અને જૈન સમાજના એક જાણીતા કાર્યકર શ્રી વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી, ગત શ્રાવણ વદિ એકમના રોજ, ભાવનગર મુકામે, ૭૮ વર્ષની વયે અવસાન પામ્યા છે, તેની નોંધ લેતાં અમે દિલગીરી અને શોકની લાગણી અનુભવીએ છીએ.

એક સામાન્ય કુટુંબમાં જન્મીને તેઓ ધીમે ધીમે આપબળે આગળ વધીને આર્થિક સ્થિરતાને વર્યા હતા; અને જીવનમાં એકલા અર્થને આગળ પડતું સ્થાન આપીને અર્થપરાયણ બની જવાને બદલે સમાજસેવાને પણ તેઓએ યોગ્ય સ્થાન આપ્યું હતું. એમણે જૈન સમાજની બજાવેલી જુદી જુદી સેવાઓમાં, ભાવનગરની શ્રી જૈન આત્માનંદ સભાની લગભગ બે પચીશી સુધી એકધારી જે સેવા બજાવી છે તે હમેશાં યાદ રહે એવી છે.

એમ કહેવું હોય તો કહી શકાય કે શ્રી જૈન આત્માનંદ સભા તો એમને શ્વાસ અને પ્રાણસમી પ્યારી થઈ પડી હતી; અને એ સભાની પ્રગતિ માટે તેઓ ચિંતા સેવ્યા કરતા હતા. શ્રી જૈન આત્માનંદ સભાના વિકાસના ઇતિહાસમાં શ્રી વલ્લભદાસભાઇનું નામ હમેશાં યાદગાર બનેલું રહેશે અને સભા તરફથી ઉત્તમ જાતિના ગ્રંથોને પ્રકાશિત કરવામાં એમણે આપેલો ફાળો પણ નોંધપાત્ર લેખાશે.

પોતાની જાહેર કારકિર્દીનાં શરૂઆતનાં વર્ષોમાં તેઓએ પાલીતાણા શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળની સ્થાનિક કમીટીના મંત્રી તરીકે સારી સેવા બજાવી હતી, તેમજ ભાવનગરની બીજી બીજી સંસ્થાઓ સાથે પણ તેઓ એક યા બીજી રીતે સંકળાયેલા હતા.

છેલ્લા કેટલાક વખતથી ભાવનગરની ત્રણે સાહિત્ય સંસ્થાઓના એકીકરણની વાતો ચાલે છે તે પ્રસંગે લગભગ પોણાબે વર્ષ પહેલાં, પંડિત શ્રી બેચરદાસજીના સન્માન અંગે એક સભા શ્રી જૈન આત્માનંદ સભાના હૉલમાં મળી ત્યારે શ્રી વલ્લભદાસભાઇએ એકીકરણને માટે ગદ્‌ગદ્ કંઠે જે લાગણીભર્યા શબ્દો ઉચ્ચાર્યા હતા તે આજે પણ સાંભળનારને યાદ આવે તેવા હતા. તેઓ પોતે તો પોતાની ભાવનાને મૂર્ત થતી જોઇ ન શકયા; પણ આપણે તેઓની આ ભાવના સફળ થાય એમ ઇચ્છીએ.

૭૮ વર્ષની લાંબી ઉંમર સુધી પોતાથી બનતી સમાજસેવા કરીને તેઓ તો આરામના અધિકારી બની ચૂકયા હતા. છેલ્લા કેટલાક સમયથી તેમની તબિયત પણ નાદુરસ્ત રહેતી હતી. આમ છતાં એમના અવસાનથી શ્રી જૈન આત્માનંદ સભાને અને ભાવનગરની બીજી સંસ્થાઓને એક સલાહકારની ખોટ પડી છે અને અમને પોતાને પણ એક સ્નેહી સ્વજન ગયાની ખોટ આવી પડી છે.

અમે સ્વર્ગસ્થના કુટુંબીઓ ઉપર આવી પડેલ દુઃખમાં અમારી સમવેદના તથા સહાનુભૂતિ પ્રગટ કરવાની સાથે સ્વર્ગસ્થના આત્માને ચિરશાંતિની પ્રાર્થના કરીએ છીએ.

**" જૈન " ૧૩ મી ઓગષ્ટ ૧૯૫૫.**

## વર્ષોજૂના સાહિત્યસેવક

તા. ૪–૮–૫૫ ના રોજ ભાવનગરના જૈન સમાજના એક જાણીતા કાર્યકર્તા શ્રી વલ્લભદાસ ત્રિભોવનદાસ ગાંધીનું ૭૮ વર્ષની ઉમ્મરે અવસાન થયું. ભાવનગરમાં જૂની અને જાણીતી બે જૈન પ્રકાશન સંસ્થાઓ છે. એક શ્રી જૈન ધર્મ પ્રસારક સભા અને બીજી શ્રી જૈન આત્માનંદ સભા. એક તરફથી જૈન ધર્મ પ્રકાશ ૭૨ વર્ષથી અને અન્ય તરફથી આત્માનંદ પ્રકાશ ૫૩ વર્ષથી–એમ બે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માસિકો પ્રગટ થાય છે અને બન્ને સંસ્થાનાં પ્રકાશનોની સંખ્યા ઘણી મોટી છે. શ્રી જૈન આત્માનંદ સભાના લગભગ સ્થાપનાકાળથી શ્રી વલ્લભદાસભાઇ સભ્ય હતા અને તે સભાના પ્રમુખ સ્થાપક સ્વ. મૂળચંદ નથુભાઇ વકીલ લગભગ પચ્ચાસેક વર્ષ પહેલાં અવસાન પામ્યા ત્યારબાદ પ્રસ્તુત સભાની સમગ્ર કાર્યવાહીની જવાબદારી શ્રી વલ્લભદાસભાઇએ સ્વીકારી હતી અને એ સંસ્થાના કામકાજ સાથે તેમણે એવું તાદાત્મ્ય સાધ્યું હતું કે 'આત્માનંદ સભા એટલે વલ્લભદાસ' એ રીતે જ તેમને સૌ કોઇ ઓળખતા હતા. જીવનનિર્વાહ અર્થે તેઓ વિમાનું કામકાજ કરતા હતા, પણ તેમનું મુખ્ય લક્ષ્ય આત્માનંદ સભાના ઉત્કર્ષ તરફ જ રહેતું હતું. અનેક શ્રીમાનોને તેમણે સભાની પ્રકાશનપ્રવૃત્તિ તરફ ખેંચ્યા હતા અને પ્રકાશનકાર્ય માટે પુષ્કળ આર્થિક મદદ તેઓ મેળવી શકયા હતા. ભાવનગર જેવું એક ખૂણાનું સ્થળ અને તેમાં એક સંપ્રદાયની જૈન આત્માનંદ સભા જેવી એક નાની સરખી સંસ્થા– આમ એક નાના વર્તુળ સાથે તેમનું સમગ્ર જીવન સંકળાયલું હતું, એમ છતાં એ સંસ્થા સાથે ઓતપ્રોત બનીને જૈન સાહિત્ય પ્રકાશનમાં તેમણે ઘણો મોટો ફાળો આપ્યો હતો. તેઓ વિદ્વાન નહોતા, પણ એક સફળ યોજક હતા અને અનેક વિદ્વાન સાધુઓની કૃતિઓ તેમની મારફત પ્રગટ થઇ શકી હતી. એમના અવસાનથી જૈન આત્માનંદ સભાને કંઇ કાળ સુધી ન પુરાય એવી ખોટ પડી છે; જૈન સમાજે પણ એક વર્ષોજૂનો સાહિત્યસેવક ગુમાવ્યો છે. તેમના આત્માને શાશ્વત શાન્તિ મળો એવી પ્રાર્થના!

તા. ૧૫–૮–૫૫ **પ્રબુદ્ધ–જીવન**
**પરમાનંદ**

*

## નિઃસ્પૃહ સેવક

ગઇ તા. ૪–૮–૫૫ ને રોજ **અત્રેની શ્રી જૈન** આત્માનંદ સભાના માનદમંત્રી શ્રીયુત વલ્લભદાસ ત્રિભોવનદાસ ગાંધીનો સ્વર્ગવાસ થયાની નોંધ લેતાં અમને ખેદ થાય છે. અવસાન સમયે તેઓ જો કે પાકટ વયના હતા, પરંતુ છેલ્લા ત્રણ–ચાર દસકાથી આત્માનંદ સભાની સર્વ પ્રકારની સાહિત્ય પ્રવૃત્તિની સાથે તેઓ તદ્રૂપ બની જઇ ગુજરાતી વાઙ્મયની એમણે જૈન સાહિત્યના પ્રકાશન દ્વારા જે સેવા કરી છે તે ખરેખર નોંધપાત્ર છે. એમણે આત્માનંદ સભાના મંત્રી તરીકે પોતાની કારકીર્દીમાં જે સંખ્યાબંધ ગ્રંથોનું પ્રકાશન કર્યું છે, તેમાં વસુદેવહિંડી જેવા કેટલાક ગ્રંથો તો ઐતિહાસિક રીતે પણ ઘણા ઉપયુક્ત છે. જુદા જુદા મુનિરાજો અને વિદ્વાનો પાસે તેમણે આવા ગ્રંથોનું સંશોધન કરાવી પ્રકટ કર્યા છે, જે માટે પરદેશી વિદ્વાનોએ પણ અભ્યાસની દૃષ્ટિએ તેની અગત્ય સ્વીકારી છે. શ્રીયુત વલ્લભદાસભાઈની આ સાહિત્યસેવાની કદર હાલની પેઢી કરતાં પણ ભવિષ્યની પ્રજા વધારે કરશે એમાં શંકા નથી. તેઓ ઘણા નમ્ર અને પ્રમાણિક હતા. પોતે કરેલા કામનું એમને અભિમાન ન હતું. જૈન આત્માનંદ સભાની તેમણે કેવળ નિષ્કામપણે સેવા કરી છે. પોતાનો યોગક્ષેમ નીભાવવા વિમાના કામ જેવો ઇતર વ્યવસાય તેમણે સ્વીકાર્યો હતો અને તે પણ મર્યાદિત રીતે. ભણેલ અભણ, ગરીબ કે શ્રીમંત વ્યક્તિ માત્ર આજના જમાનામાં લક્ષ્મીને પકડવા દોટ મૂકે છે, ત્યારે વલ્લભદાસભાઇ જેવી મધ્યમ વર્ગની વ્યક્તિએ લક્ષ્મી પ્રત્યે સાવ નિઃસ્પૃહ રહી પોતાની રીતે સાહિત્યસેવાને ધર્મ માની તે પાછળ સમગ્ર જીવન જોગવ્યું છે તે બીજાઓને ધડો લેવા યોગ્ય છે. એમના જવાથી આત્માનંદ સભાને પોતાના એક પરમભક્તની ખોટ પડી છે.

તા. ૨૭મી ઓગસ્ટ ૧૯૫૫ **ભાવનગર સમાચાર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શુભેચ્છકોની સહૃદયતા

**શ્રી વલ્લભદાસભાઇના અવસાન અંગે દિલગીરી વ્યક્ત કરતા તેમના શુભેચ્છકો તથા સ્નેહીઓ તરફથી જે પત્રો આવ્યા છે, તે પૈકી કેટલીક યાદી નીચે પ્રકટ કરવામાં આવે છે.**

**શ્રી** વલ્લભદાસભાઇના અવસાનનો તાર મળ્યો. વાંચી ઘણી જ દિલગીર થઇ પરંતુ કાળની પાસે કોઇનું જોર ચાલતું નથી. અમો સમવેદના પ્રગટ કરીએ છીએ.

શ્રી વલ્લભદાસભાઇની ખોટ સભાને ન પુરાય તેવી છે. તેઓ શરૂઆતથી જ સભાનું કામ કરતા આવ્યા અને અંતકાળ સુધી કરતા રહ્યા. તેઓની સભા પ્રત્યેની લાગણી અને ગુરુભક્તિ તેમના હૃદયમાં વસેલી હતી. ખરી રીતે કહેવામાં આવે તો તે સભાના પ્રાણ જ હતા. પાટણ તા. ૬-૮-૫૫

**—આ. વિજયસમુદ્રસૂરીશ્વરજી મ.**

ભાઇ વલ્લભદાસના સ્વર્ગવાસનો તાર મળવાથી ઘણું દુઃખ થયું છે, પણ ભાવિભાવ પાસે કંઇ કહેવાનું નથી રહેતું. સંસારમાં આવેલ જીવને જવાનું અવશ્ય જ છે પણ તે છતાં ભાઇ વલ્લભદાસે પોતાની જિંદગીમાં બની શકે તેટલી સભાની અને જ્ઞાનની સેવા કરીને જીવનને ધન્ય જ બનાવ્યું છે. એ તો એમના જીવનને સફળ કરી ગયા છે. અને તમે (સભાએ) તેમના અંગે ફરજ બજાવી છે તેમને માટે સભાએ જે ઠરાવ વગેરે કર્યું છે. તે અતિ શોભારૂપ કર્યું છે અને તેમના જીવતાં કર્યું છે એટલે વધારે યોગ્ય કર્યું છે. તેમના સ્વર્ગવાસથી સભાને ખોટ જ પડી છે અને તમને સૌને તો તેમના ઘણી જ ખોટ લાગશે, પરંતુ ભાવી પાસે કોઇનો ઉપાય જ નથી.

અમદાવાદ ૨૦૧૧ ના શ્રાવણ વદી ૩

**—આ. પ્ર. મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ**

શ્રીયુત્ વલ્લભદાસભાઇના અવસાનથી જૈન સમાજે એક બાહોશ ઉત્સાહી કાર્યકર ગુમાવ્યો છે. તેમણે કાર્યભાવે જીવન સફળ બનાવ્યું છે. બીજાઓને માટે આદર્શ ખડો કર્યો છે. તમોએ એ આદર્શને વધાવી શ્રી આત્માનંદ સભાને વધુ સંગીન બનાવવા વધુ ઉત્સાહિત બનવું. સરધના તા. ૨૫-૮-૫૫

**—મુનિ દર્શનવિજયજી (ત્રિપુટી)**

તમારી સંસ્થાએ યોગ્ય સ્મારક કરવા પ્રવૃત્તિ હાથ ધરી તે સમાચાર જાણ્યા. ભાઇ વલ્લભદાસભાઇ સભાના પ્રાણ હતા. સભાનો ઉત્કર્ષ એ એમનો શ્વાસોશ્વાસ હતો. પ્રત્યેક પ્રવૃત્તિમાં સભા પરત્વેનું તેમનું મારાપણું પ્રગટ્યા વિના રહેતું નહિ.

મોરબી **—પં. કનકવિજયજી મહારાજ**

**શ્રી** વલ્લભદાસભાઇ સેવાભાવી હતા અને આખું જીવન તેમ વીતાવ્યું. મૂળચંદભાઇના વખતથી જોતાં આવ્યા કે સભાનું કામકાજ મૂંગા મૂંગા જ કરતા રહ્યા.

સુરત **—મુનિશ્રી જિનભદ્રવિજયજી મ.**

શેઠ ભાયચંદ અમુલખ મુંબઇ, શ્રી ભોગીલાલ સાંડેસરા વડોદરા, શ્રી ફતેહચંદ ઝવેરભાઇ મુંબઇ, શેઠ જીવતલાલ પ્રતાપશી મુંબઇ, ડૉ. ભાઇલાલ એમ. બાવીશી પાલીતાણા, ડૉ. વલ્લભદાસ નેણસી મોરબી, શેઠ મનુભાઇ ગુલાબચંદ મુંબઇ, સંઘવી પ્રાગજી મેઘજી વલ્લભીપુર, શ્રી પનાલાલ ભીખાભાઇ મુંબઇ, શ્રી ગુલાબચંદ મુળચંદ મુંબઇ, શેઠ ફુલચંદ ખુશાલચંદ મુંબઇ, શ્રી જેચંદભાઇ છગનલાલ ધ્રુવ વડોદરા, શ્રી અમરચંદ માવજી શાહ તળાજા, શ્રી લલ્લુભાઇ કરમચંદ દલાલ મુંબઇ, શ્રી વિનયચંદ ગુલાબચંદ મુંબઇ, શ્રી દુર્લભદાસ ગુલાબચંદ કવિ વલ્લભીપુર, શ્રાવક ભીમસીંહ માણેક મુંબઇ, પં. ચુનીલાલ કાલીદાસ, શ્રી પરમાણંદ કુંવરજી કાપડીઆ મુંબઇ, ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ મહેતા મુંબઇ, શેઠ મણીભાઇ વનમાળીદાસ કલકત્તા, શ્રી ભાસ્કરભાઇ વીઠ્ઠલદાસ શાહ મુંબઇ, શ્રી ભવાનભાઇ પ્રાગજી બોરડી, શ્રી શામજી ભાઇચંદ શેઠ પાલીતાણા, શ્રી કાન્તિલાલ ભગવાનદાસ શાહ મુંબઇ, શ્રી શંભુલાલ જગશી અમદાવાદ, શ્રી મગનલાલ હરજીવનદાસ અમદાવાદ, શ્રી કપુરચંદ હેમચંદ થાણાદેવડી, શ્રી અભયચંદ ભગવાનદાસ ગાંધી, શ્રી સોમચંદ ડી. શાહ પાલીતાણા, શ્રી નાનચંદ તારાચંદ શાહ મુંબઇ, શ્રી કાન્તિલાલ લાલચંદ મુંબઇ, શ્રી ચીમનલાલ ઝવેરભાઇ મુંબઇ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વૃદ્ધાવસ્થા અને એકવડીયા શરીરની લાંબા સમયની અશક્તિના કારણે તેઓ આપણા વચ્ચેથી ચાલ્યા ગયા, પરંતુ તેમણે આત્માનંદ સભા દ્વારા અને પાલીતાણા ગુરુકુલ દ્વારા જૈન સમાજની અણમોલ સેવા કરી છે તે કોઇ પણ કાળે વિસરી શકાય તેમ નથી. હું માનું છું કે આવા મૂક સાક્ષરનું યોગ્ય સ્મારક–સન્માન આપણે કરવું જોઇએ. શોકના ઠરાવથી બેસી રહેવા જેવા એ વ્યક્તિ ન હતા.

મુંબઇ ચંદુલાલ ટી. શાહ

વલ્લભદાસભાઇની સભા માટેની અપરિમિત સેવાની કદર તરીકે સ્મૃતિફંડ કરવાનો આશય અનુમોદનીય અને પ્રશંસનીય છે.

શ્રી તપગચ્છ સંઘ–મોરબી

વલ્લભદાસભાઇની નિઃસ્વાર્થ સેવાભાવના અને સતત સેવા કરવાની ખંતવાળા પુરુષ આપણી સભાને ભાગ્યે જ મળી શકશે. તેઓશ્રીના અવસાનથી સભાને કદી ન પુરાય તેવી ખોટ પડી છે.

મદ્રાસ પાનાચંદ લલ્લુભાઈ

---

## કોન્ફરન્સનો શોકદર્શક ઠરાવ.

શ્રી જૈન શ્વે૦ કોન્ફરન્સની સ્થાયી સમિતિની તા. ૧૦મી સપ્ટેમ્બર ૧૯૫૫ના રોજ શ્રી પોપટલાલ રામચંદ શાહ એમ. એલ. એ.ના પ્રમુખસ્થાને મળેલી સભામાં નીચે મુજબ ઠરાવ પસાર થયેલ છે.

"કોન્ફરન્સ પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ ધરાવનાર શ્રી વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી (ભાવનગર), શ્રી બકુભાઇ મણીલાલ (અમદાવાદ), શ્રી ભગુભાઇ ચુનીલાલ સુતરીઆ (અમદાવાદ) શ્રી મદનસિંહજી કોઠારી (ઉદેપુર) અને શ્રી બાલચંદ મગનલાલ મહેતા(મુંબઇ)ના અવસાન બદલ આ સમિતિ ખેદ પ્રદર્શિત કરે છે અને તેઓશ્રીના કુટુંબીજનો ઉપર આવેલ વિપત્તિમાં સહાનુભૂતિ પ્રકટ કરી તેઓશ્રીના આત્માને પરમ શાંતિ ઇચ્છે છે."

---

## સ્વ. બકુભાઇ મણિલાલ શેઠ

આ સભાના પેટ્રન માનનીય શ્રેષ્ઠિવર્ય શ્રીયુત બકુભાઇ મણિલાલના અધિક ભાદ્રપદ શુદિ ૮ ગુરૂવારે થયેલ અવસાનની નોંધ લેતાં અમો દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

એક ધર્મનિષ્ઠ વિવેકશીલ ઉદારદિલ ગૃહસ્થ તરીકે શેઠ શ્રી બકુભાઇ અમદાવાદના અગ્રગણ્યોમાંના એક હતા. ઘણી ધાર્મિક સંસ્થાઓના સંચાલક કે ટ્રસ્ટી તરીકેની તેઓશ્રીની સેવા પણ સુવિખ્યાત હતી. જૈન શાસનના ઉત્કર્ષ માટે જિનભક્તિ અને સાધર્મિક ભક્તિ તરીકે તેઓશ્રીએ મોટી રકમની સખાવત જુદા જુદા ખાતાઓમાં કરી પોતાની લક્ષ્મીને સાર્થક કરી હતી. તેઓશ્રીના અવસાનથી આ સભાને એક ધર્મપ્રેમી શ્રીમંત પેટ્રનની ખોટ પડી છે. જૈનસમાજે પણ એક ઉદારદિલ સમાજ–સેવક ગુમાવ્યો છે. અમો સદ્દગતના આત્માની શાન્તિ ઇચ્છીએ છીએ.

## સ્વ. જેઠાલાલ ભગવાનદાસ શાહ

આ સભાના પહેલા વર્ગના આજીવન સભ્ય ભાવનગરનિવાસી શ્રી જેઠાલાલ ભગવાનના પ્ર. ભા. વ. ૧ શનિવારે થએલ દુઃખદ અવસાનની નોંધ લેતાં અમો અમારી દીલગીરી વ્યક્ત કરીએ છીએ. તેઓશ્રીએ કરીયાણાના ધંધામાં આપબળે સારી પ્રગતિ કરી હતી. તેમ સાદાઇ અને પરગજુ દૃષ્ટિએ તેઓ મૂક સેવાભાવી જીવન જીવી ગયા છે. તેઓશ્રીના અવસાનથી આ સભાને એક પ્રતિષ્ઠિત સભાસદની ખોટ પડી છે. સમાજે એક મૂક સેવક ગુમાવ્યો છે. અમો સદ્દગતના આત્માની શાન્તિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભાના મેમ્બર થવાથી થતો અપૂર્વ લાભ.

રૂ. ૫૦૧) રૂ. પાંચસો એક આપનાર ગૃહસ્થ સભાના પેટ્રન થઇ શકે છે. તેમને છેલ્લા પાંચ વર્ષમાં પ્રગટ થયેલા ગુજરાતી પ્રકાશનો ભેટ તરીકે મળી શકે છે.

રૂ. ૧૦૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બર થનારને ચાલુ વર્ષના બધા ગુજરાતી પ્રકાશનો ભેટ મળી શકે છે અને અગાઉના વર્ષના પુસ્તકો પુરાંત હશે તે પેટ્રન તથા લાઇફ મેમ્બરોને પોણી કિંમતે મળી શકે છે.

રૂ. ૫૧) બીજા વર્ગના લાઇફ મેમ્બર. તેમને પુસ્તકની જે કિંમત હશે તેમાંથી ત્રણ રૂપિયા કમી કરી બાકીની કિંમતે આ વરસના પુસ્તકો ભેટ મળી શકશે; પણ રૂ. ૫૦) વધુ ભરી પહેલા વર્ગમાં આવનારને પહેલા વર્ગને મળતો લાભ મળશે. બીજા વર્ગમાં જ રહેનારને ત્રણ રૂપિઆની કીંમતના ભેટ મળશે.

બીજો વર્ગ બંધ કરવામાં આવેલ છે.

રૂ. ૧૦૧) ભરનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને નીચેના સાત વર્ષોમાં જે પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે તે નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| સં. ૨૦૦૩માં | શ્રી સંઘપતિ ચરિત્ર—( સચિત્ર ) | કિં. રૂા. ૬-૮-૦ |
| | શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ | ,, ,, ૩-૮-૦ |
| સં. ૨૦૦૪માં | શ્રી વસુદેવ હિંડી ભાષાંતર | ,, ,, ૧૫-૦-૦ |
| | શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૭-૮-૦ |
| સં. ૨૦૦૫માં | શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૧૩-૦-૦ |
| સં. ૨૦૦૬માં | શ્રી દમયન્તી ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૮-૦ |
| | જ્ઞાન પ્રદીપ ભાગ ૨ | ,, ,, ૪-૦-૦ |
| | આદર્શ સ્ત્રી રત્નો ભાગ ૨ | ,, ,, ૨-૦-૦ |
| સં. ૨૦૦૭ | શ્રી કથારત્નકોષ ભાષાન્તર ગુજરાતી ભાગ ૧ | ,, ,, ૧૦-૦-૦ |
| ,, ૨૦૦૮ | શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૦-૦ |
| | શ્રી અનેકાન્તવાદ ( ગુજરાતી ) | ,, ,, ૧-૦-૦ |
| | ભક્તિ ભાવના નૂતન સ્તવનાવળી | ,, ,, ૦-૮-૦ |
| સં. ૨૦૦૯માં | શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર-સચિત્ર | ,, ,, ૭-૮-૦ |
| | જ્ઞાન-પ્રદીપ ભાગ ત્રીજો | ,, ,, ૨-૦-૦ |
| | નમસ્કાર મહામંત્ર | ,, ,, ૧-૦-૦ |
| | | રૂા. ૮૬-૦-૦ |

હવે આપવાના ભેટના પુસ્તકો નવા તૈયાર થશે ત્યાં સુધી નવા થનાર લાઇફ મેમ્બરને ઉપરોક્ત સં. ૨૦૦૯ ના ભેટના પુસ્તકો ભેટ મળશે. ૨૦૧૦-૨૦૧૧ ના ભેટ પુસ્તકો માટે શ્રી કથારત્નકોષ ભાગ બીજો તૈયાર થાય છે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરની ફી રૂા. ૧૦૧) ભર્યેથી રૂા. ૧૩) નું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર રૂા. ૭) વધુ ભર્યેથી આપવામાં આવશે. માટે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઇ મળતા ભેટના પુસ્તકોનો લાભ મેળવો. જૈન બંધુઓ અને બ્હેનોને પેટ્રન અને લાઇફ મેમ્બર થઇ નવા નવા સુંદર ગ્રંથો ભેટ મેળવવા નમ્ર સૂચના છે.

બાવન વરસથી પ્રગટ થતું આત્માનંદ પ્રકાશ માસિક દર માસે જિંદગી સુધી ભેટ મળશે. મેમ્બર થવામાં જેટલો વિલંબ થશે તેટલા વરસના ભેટના પુસ્તકો ગુમાવવાના રહેશે; અત્યારસુધીમાં આશરે ૭૦૦ સંખ્યા લાઇફ મેમ્બરોની થઈ છે.

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

For Private And Personal Use Only